# પાક્કો ગુજરાત

RNI:- GUJGUJ/2016/67425

Date:- 15-06-2026 | VOL : 12 | Issue : 90 | Page : 8 | Price : 1.00/-


ગુજરાતનુ વિશ્વનીય દૈનિક


Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008


**સુવિચાર**

સંતોષ સૌથી મોટું સુખ છે. વિચાર બદલો, જીવન બદલાઈ જશે.


3  જંગલમાં પાણી વગર અબોલ જીવો તરસ્યા: વન વિભાગની ઘોર બેદરકારી સામે રોષ

4  શરીરસુખ અને પ્રેમસુખ વચ્ચેની ભેદરેખા: આકર્ષણની ક્ષણિકતા કે લાગણીની અમરતા?

6  મૌની રોયે સેક્સ્યુઅલિટીની અટકળો પર મૌન તોડ્યું, 'સૌથી વિચિત્ર અફવા હતી...

7  ફિફા વર્લ્ડ કપ 2026માં સ્કોટલેન્ડની 36 વર્ષ પછી ઐતિહાસિક જીત


## એક નજર...

### નેહા મલિકના બોલ્ડ અવતારે વધાર્યો તાપમાનનો પારો



પંજાબી અને ભોજપુરી આલ્બમ્સમાં કામ કરી ચૂકેલી અભિનેત્રી નેહા મલિક સોશિયલ મીડિયા પર ઘણી એક્ટિવ રહે છે. તે પોતાના કોઈને કોઈ ફોટા કે વીડિયો શેર કરતી રહે છે. અભિનેત્રીના સિઝલિંગ અવતાર પરથી નજર દૂર કરવી પણ ખૂબ મુશ્કેલ બની રહી છે. તેનો બોલ્ડ લુક જોઈને લોકો કોમેન્ટમાં પોતાની ડ્રીમ ગર્લ કહી રહ્યા છે.

## NEWS TRACK

### ઈરાન પરમાણુ હથિયારો નહીં બનાવે અને હોર્મુઝ ખોલશે: અમેરિકાના સમજૂતી ડ્રાફ્ટ પર સહમત થયું

અમેરિકા અને ઈરાન વચ્ચે શાંતિ કરાર માટે તૈયાર કરાયેલા ડ્રાફ્ટમાં પરમાણુ કાર્યક્રમ, ઓઈલ પ્રતિબંધ, જપ્ત કરાયેલી સંપત્તિ અને હોર્મુઝ સંબંધિત મુદ્દાઓ પર સહમતિ થઈ છે. આ દાવો રોયટર્સ ન્યૂઝ એજન્સીએ એક વરિષ્ઠ ઈરાની અધિકારીને ટાંકીને કર્યો છે. રિપોર્ટ અનુસાર, ડ્રાફ્ટમાં ઈરાને કહ્યું છે કે તે ન પરમાણુ હથિયારો બનાવશે અને ન કોઈ અન્ય દેશ પાસેથી મેળવશે. અંતિમ કરાર ન થાય ત્યાં સુધી ઈરાન તેના વર્તમાન પરમાણુ કાર્યક્રમમાં કોઈ મોટો ફેરફાર કરશે નહીં. તે યુરેનિયમ સમૃદ્ધ કરશે નહીં અને નવા પરમાણુ કેન્દ્રોનો વિસ્તાર પણ કરશે નહીં. ઈરાન તમામ વ્યાપારી જહાજો માટે હોર્મુઝ તરત જ ખોલી દેશે. તેના બદલામાં અમેરિકા ઈરાની બંદરો પર લાગેલી પોતાની નૌકાદળની નાકાબંધી હટાવવાનું શરૂ કરશે. અમેરિકા થોડા સમય માટે ઈરાનના ઓઈલ નિકાસ પર લાગેલા પ્રતિબંધોમાં પણ છૂટ આપશે. ડ્રાફ્ટ અનુસાર, અમેરિકા ઈરાનની 25 અબજ ડોલરની જપ્ત કરાયેલી સંપત્તિ મુક્ત કરશે.

### બાંગ્લાદેશમાં કટ્ટરપંથીઓના દબાણ હેઠળ રામ-પ્રતિમાનો પ્રોજેક્ટ અટક્યો: 2025માં પ્રોજેક્ટ શરૂ થયો હતો

બાંગ્લાદેશના ગાયબંધા જિલ્લામાં 82 ફૂટ ઊંચી રામ પ્રતિમાનો પ્રોજેક્ટ કટ્ટરપંથી દબાણ બાદ રોકી દેવામાં આવ્યો છે. આ પ્રતિમા શ્રી શ્રી રાધા ગોવિંદ અને કાલી મંદિર પરિસરમાં બની રહી હતી. મંદિર સમિતિએ તેને સાંપ્રદાયિક સૌહાર્દ જાળવી રાખવા માટે અસ્થાયી રોક ગણાવી છે, પરંતુ તેનું અસલી કારણ કટ્ટરપંથી સંગઠનોનું દબાણ હોવાનું કહેવાય છે. પ્રોજેક્ટનો વિરોધ કરી રહેલા કટ્ટરપંથી સંગઠનોએ અધૂરી સંરચના તોડી પાડવા સુધીની માગ કરી છે. ઈમામ-ઉલમા પરિષદે પ્રોજેક્ટ સંપૂર્ણપણે રદ કરવા, ભવિષ્યમાં આવી કોઈપણ પહેલ પર રોક લગાવવા અને ફંડિંગની તપાસ કરાવવાની માગ કરી છે. જણાવી દઈએ કે આ નિર્માણ 2025ની શરૂઆતમાં ખાનગી ભંડોળથી શરૂ થયું હતું. પરિસરમાં પહેલાથી જ 100થી વધુ દેવી-દેવતાઓની મૂર્તિઓ છે. જેમાં 30 ફૂટની શિવ પ્રતિમા અને 53 ફૂટની કૃષ્ણ પ્રતિમા પણ સામેલ છે. રામ પ્રતિમાને એશિયાની સૌથી મોટી રામ પ્રતિમા તરીકે રજૂ કરવામાં આવી રહી હતી. આ પરિયોજના પર 17 કરોડ રૂપિયાથી વધુ ખર્ચ થવાનો હતો.

#### કેન્દ્રની વિદેશનીતિ પર રાહુલ ગાંધીનો સણસણતો પ્રહાર

## અમેરિકાની ધમકી પર PM મોદી મૌન કેમ?: રાહુલ ગાંધી

પાક્કો ગુજરાત ન્યૂઝ, નવી દિલ્હી

ઓમાન દરિયા નજીક અમેરિકી સૈન્ય કાર્યવાહીમાં ભારતીય નાવિકોના મોત અને હોર્મુઝ જળમાર્ગ અંગે અમેરિકાના તાજેતરના નિવેદનો પર કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર આકરા પ્રહાર કર્યા છે. રાહુલ ગાંધીએ સવાલ ઉઠાવ્યો કે,



અમેરિકાની ધમકી અને કડક સંદેશા છતાં પીએમ મોદી મૌન કેમ છે? તેમણે આક્ષેપ કર્યો કે કોઈપણ સાર્વભૌમ દેશ આવી ભાષા ક્યારેય સ્વીકારી ન શકે. રાહુલ ગાંધીની આ પ્રતિક્રિયા અમેરિકી વિદેશ મંત્રી માર્કો રુબિયો અને ભારતીય વિદેશ મંત્રી એસ. જયશંકર વચ્ચેની વાતચીત બાદ સામે આવી છે, જેમાં અમેરિકાએ હોર્મુઝમાં પોતાના નિર્દેશોનું પાલન કરવા પર ભાર મૂક્યો છે. રાહુલ ગાંધીએ વડાપ્રધાન મોદી પર લગાવ્યા ગંભીર આક્ષેપો લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર પોસ્ટ કરીને જણાવ્યું કે, અમેરિકી હુમલામાં 3 ભારતીય નાવિકોના મોત બાદ પણ અમેરિકા દ્વારા કોઈ ખેદ વ્યક્ત કરવામાં આવ્યો નથી કે માફી માંગવામાં આવી નથી. તેના બદલે અમેરિકા ભારતને આદેશો આપી રહ્યું છે.

પીએમ મોદી પર નિશાન સાધતા તેમણે કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી (PM Narendra Modi) એક આજ્ઞાકારી સેવકની જેમ આદેશો સાંભળે છે અને તેનું પાલન કરે છે. તેમણે દાવો કર્યો કે, આવું નેતૃત્વ દેશના સન્માનની રક્ષા કરી શકતું નથી. આ વિવાદ ત્યારે સામે આવ્યો, જ્યારે માર્ક રુબીયોએ એસ.જશયંકર (S.Jaishankar) સાથે ફોન પર થયેલી વાતચીતમાં સ્પષ્ટ કહ્યું હતું કે, હોર્મુઝ જળમાર્ગમાં અમેરિકાની નાકાબંધીનું ઉલ્લંઘન અને ઈરાની તેલનું ગેરકાયદેસર પરિવહન સહન કરવામાં આવશે નહીં. અમેરિકી વિદેશ વિભાગના જણાવ્યા અનુસાર, વિદેશ મંત્રી માર્કો રુબિયો (US Foreign Minister Marco Rubio)એ એસ. જયશંકર સાથેની વાતચીતમાં આ વાત કહી હતી. આ પહેલા જયશંકરે ભારતીય નાવિકોના મોત પર કડક વિરોધ નોંધાવ્યો હતો અને નવી દિલ્હીમાં અમેરિકી કાર્યવાહક રાજદૂત જેસન મીક્સને પણ સમન્સ પાઠવીને સ્પષ્ટ કહ્યું હતું કે, ભારતીય ક્રૂ મેમ્બર્સ વાળા જહાજો પર આવા ઘાતક હુમલા સ્વીકાર્ય નથી.

## TMCના બળવાખોર સાંસદો નેશનાલિસ્ટ સિટિઝન્સ પાર્ટીમાં જોડાશે

કોલકાતા

લોકસભા અધ્યક્ષ ઓમ બિરલા સાથે મુલાકાત કર્યા પછી રવિવારે તૃણમૂલ કોંગ્રેસ (TMC) ના બળવાખોર સાંસદ કાકોલી ઘોષે કહ્યું કે અમે સંસદમાં અલગ બેસવાની માગ કરી છે. અમે 'નેશનાલિસ્ટ સિટિઝન્સ પાર્ટી' માં જોડાઈ રહ્યા છીએ. અમે NDA સાથે કામ કરીશું. કાકોલીનો દાવો છે કે તેમને 22 લોકસભા સાંસદોનું સમર્થન છે. આ પહેલા બળવાખોર જૂથની કેન્દ્રીય મંત્રી અને બંગાળમાં ભાજપના પ્રભારી ભૂપેન્દ્ર યાદવના ઘરે બેઠક પણ થઈ હતી. બીજી તરફ, TMC ના સાંસદ કીર્તિ આઝાદ અને



સાગરિકા ઘોષ પણ બિરલાના નિવાસસ્થાને પહોંચ્યા હતા. બેઠક પછી તેમણે કહ્યું કે પાર્ટી ફક્ત 20 સાંસદો કે 60 ધારાસભ્યોથી નથી બની. મમતા બેનર્જીએ જ આ પાર્ટીને ઊભી કરી છે, તેથી તે જ અસલી પાર્ટી છે. TMC ના મહાસચિવ અભિષેક બેનર્જીએ લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાને પત્ર લખીને કહ્યું કે સદનમાં TMC ને ફક્ત એક પાર્ટી તરીકે જોવામાં આવે. કોઈ બીજા જૂથને માન્યતા ન આપવામાં આવે. કીર્તિ આઝાદે કહ્યું કે મહારાષ્ટ્રમાં જે થયું તે ખોટું હતું, તેથી બળવાખોર નેતાઓ વિરુદ્ધ લોકસભા અધ્યક્ષને ઔપચારિક અરજી સોંપવામાં આવી છે જેની હાર્ડ કોપી સ્પીકર કાર્યાલયે પ્રાપ્ત કરી લીધી છે. બળવાખોર જૂથના સાંસદ કાકોલી ઘોષનો દાવો છે કે તેમની પાસે હવે 22 સાંસદોનું સમર્થન છે.

## AIની રેસમાં દુનિયાથી આગળ નીકળી શકે છે ભારત

### PM મોદી સાથે મુલાકાતમાં બોલ્યા મેક્રોન

નવી દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદી હાલમાં ફ્રાન્સ અને સ્લોવાકિયાની યાત્રા પર છે, જ્યાં G-7 શિખર સંમેલન પહેલાં તેમણે ફ્રાન્સના નીસ શહેરમાં



**PM નરેન્દ્ર મોદી બોલ્યા- ભારત સોલ્યુશન લેનાર નહીં, આપનાર દેશ છે**

રાષ્ટ્રપ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોન સાથે મુલાકાત કરી હતી. પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા ભારે તણાવ વચ્ચે યોજાયેલી આ બેઠકમાં બંને નેતાઓએ સંયુક્ત રીતે 'ભારત ઈનોવેટ્સ' કાર્યક્રમનું ઉદ્ઘાટન કર્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન રાષ્ટ્રપ્રમુખ મેક્રોને પીએમ મોદીની જોરદાર પ્રશંસા કરતા જણાવ્યું હતું કે ભારત AI (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ)ના ક્ષેત્રમાં સમગ્ર વિશ્વમાં સૌથી આગળ નીકળી શકે છે. નીસમાં આયોજિત આ વિશેષ કાર્યક્રમમાં ફ્રાન્સના રાષ્ટ્રપ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોને ભારતની ટેકનોલોજી ક્ષમતાની પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું કે હવે સવાલ એ નથી કે ભારત ઈનોવેશન કરી રહ્યું છે કે નહીં, પરંતુ સવાલ એ છે કે ભારતની ભાગીદારી સાથે કોણ ઈનોવેશન કરશે. આ વર્ષે ફેબ્રુઆરીમાં મુંબઈ ખાતે શરૂ થયેલા 'ભારત-ફ્રાન્સ ઈનોવેશન વર્ષ'ના સંદર્ભમાં આ કાર્યક્રમ બંને દેશોના ભવિષ્યના સંબંધો માટે મહત્વનો સાબિત થશે. કાર્યક્રમને સંબોધિત કરતા પીએમ મોદીએ જણાવ્યું કે, દુનિયાના દેશો માત્ર વેપાર કે વહિવટી ભાગીદારી કરે છે, પરંતુ ભારત અને ફ્રાન્સના સંબંધો એક સમાન વિઝન અને અતૂટ વિશ્વાસથી જોડાયેલા છે. આ સંબંધો પરસ્પર હિતોથી પણ ઉપર છે. બંને દેશોએ સાથે મળીને ઈન્ટરનેશનલ સોલર એલાયન્સ અને AI સંવાદ જેવા મંચ પર માનવતા સામેના વૈશ્વિક પડકારોનો ઉકેલ લાવવાનો પૂરો પ્રયાસ કર્યો છે. રાષ્ટ્રપ્રમુખ મેક્રોને પીએમ મોદીને ફ્રાન્સની મુલાકાત બદલ અભિનંદન પાઠવ્યા હતા. તેમણે ઉલ્લેખ કર્યો કે પીએમ મોદી આઝાદી પછી ભારતમાં સૌથી લાંબો સમય સેવા આપનારા વડાપ્રધાન બન્યા છે. મેક્રોનના મતે, પીએમ મોદીની આ લાંબી રાજકીય સફર તેમના મક્કમ ઈરાદા અને ભારત દેશની મજબૂતીને દર્શાવે છે, જે વૈશ્વિક સ્તરે ખરેખર પ્રશંસનીય છે.

# ખાડિયામાં 'ખાખી' શરમાઈ! આજીવન કેદના ગુનેગાર મોન્ટુ નામદારને બચાવવા પોલીસના કથિત વહીવટદારોએ ખેલ્યો મોટો ખેલ? વેપારીઓ ત્રાહિમામ!

## અમદાવાદમાં કાયદો અને વ્યવસ્થાના લીરેલીરા: પેરોલ પર છૂટેલા કુખ્યાત ગુનેગારનો ખાડિયામાં આતંક

અમદાવાદ

અમદાવાદના ઐતિહાસિક અને ધમધમતા ખાડિયા વિસ્તારમાંથી એક સળગતો અને ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે, જેને પગલે સમગ્ર પોલીસ બેડામાં અને સ્થાનિક જનતામાં ભારે ચકચાર મચી ગઈ છે. ભાજપ કાર્યકર્તા બોબી મર્ડર કેસમાં જેને આજીવન કારાવાસની સજા ફટકારવામાં આવી હતી, તે ખાડિયાનો કુખ્યાત ગુનેગાર મોન્ટુ નામદાર પેરોલ પર જેલની બહાર આવતાની સાથે જ ફરી એકવાર ખાડિયામાં આતંકનો પરચો આપ્યો છે.

જેલમાંથી બહાર આવતા જ સુધરવાના બદલે મોન્ટુ નામદારે ખાડિયા વિસ્તારમાં ફૂલ દારૂ પીને ફરિયાદી પવન ગાંધીને જાહેરમાં જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ વ્યાપી ગયો હતો અને તાત્કાલિક ધોરણે આ મામલે પોલીસ ફરિયાદ પણ નોંધાવવામાં આવી હતી. પરંતુ અસલી ખેલ તો આ ફરિયાદ નોંધાયા પછી શરૂ થયો હોવાના સનસનીખેજ આક્ષેપો ઉઠ્યા છે!

### લાખોનો વહીવટ અને પોલીસની કથિત મિલીભગત: નરેન્દ્ર સિંહ અને દિગુભા રડારમાં!

સૂત્રો પાસેથી મળતી અત્યંત ચોંકાવનારી અને પાક્કી માહિતી મુજબ, મોન્ટુ નામદારને આ ગંભીર કેસમાંથી બચાવવા અને કાયદાના સિકંજામાંથી મુક્ત કરાવવા માટે ખાડિયા પોલીસ સ્ટેશનના જ કથિત વહીવટદાર નરેન્દ્ર સિંહ અને દિગુભા મેદાને આવ્યા હતા.

મોટો ખુલાસો: ચર્ચા છે કે મોન્ટુ નામદારના પુત્ર પ્રિન્સ નામદારે વહીવટદાર નરેન્દ્ર સિંહ સાથે મળીને બહુ મોટો આર્થિક વહીવટ (તોડપાણી) કર્યો હતો. એટલું જ નહીં, આ કથિત વહીવટદારોએ ઉચ્ચ અધિકારી એટલે કે પી.આઈ. (PI) ને પણ 'મેનેજ' કરી લીધા હોવાની લોકમુખે ચર્ચાઓએ જોર પકડ્યું છે. ગુનેગારોને જેલના સળિયા પાછળ ધકેલવાના બદલે ખાખીના જ અમુક માણસો જ્યારે ગુનેગારોના વહીવટદાર બની જાય, ત્યારે જનતા ન્યાયની અપેક્ષા કોની પાસે રાખે?

### ખાડિયાના વેપારીઓ પર વહીવટદાર નરેન્દ્ર સિંહનો આતંક અને લાખોની હપ્તાખોરી

આ કેસ તો માત્ર હિમશિલાની એક ટોચ છે. ખાડિયા અને સોની બજારના વેપારીઓ અત્યારે નરેન્દ્ર સિંહના ત્રાસથી ત્રાહિમામ પોકારી ગયા છે. સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર:

સોની બજારમાંથી તોડ: સોની બજારમાં આવેલી સોના ગાળવાની ભઠ્ઠીઓના માલિકો પાસેથી નરેન્દ્ર સિંહ દર મહિને લાખો રૂપિયાનો હપ્તો ઉઘરાવે છે.

ગેરકાયદેસર ધંધાઓનું નેટવર્ક: આખા ખાડિયા વિસ્તારમાં નરેન્દ્ર સિંહની રહેમનજર હેઠળ દારૂ, જુગાર, ક્રિકેટ મેચના બુકીઓ અને વરલી મટકાના કાળા કારોબાર ધમધમી રહ્યા છે.

રોજનો લાખોનો વહીવટ: આ તમામ ગેરકાયદેસર પ્રવૃત્તિઓમાંથી રોજનો લાખો રૂપિયાનો કાળો વહીવટ આ કથિત વહીવટદારના ખિસ્સામાં જાય છે.

વેપારીઓને ધમકી: જે વેપારી હપ્તો આપવાની ના પાડે, તેને ડરાવી-ધમકાવીને બળજબરીપૂર્વક વસુલાત કરવામાં આવે છે.

### જનતાની ઉગ્ર માંગ: ભ્રષ્ટ વહીવટદારોને તાત્કાલિક સસ્પેન્ડ કરો!

કાયદાના રક્ષક જ જ્યારે ભક્ષક બનીને ગુનેગારોની કઠપૂતળી બની જાય, ત્યારે ખાખીની ગરિમા લજવાય છે. ખાડિયાના સ્થાનિક રહિશો અને પીડિત વેપારીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

હવે જોવાનું એ રહેશે કે અમદાવાદ પોલીસના ઉચ્ચ અધિકારીઓ અને રાજ્યનું ગૃહ વિભાગ આ ગંભીર બાબતની નોંધ લઈને કથિત વહીવટદાર નરેન્દ્ર સિંહ અને દિગુભા સામે કડકમાં કડક પગલાં ભરે છે કે નહીં? ખાડિયાની જનતા અને વેપારીઓ એક જ સૂરે માંગ કરી રહ્યા છે કે આવા ભ્રષ્ટ અને ગુનેગારોને છાવરતા પોલીસ કર્મચારીઓને તાત્કાલિક પ્રભાવથી પોલીસ ખાતામાંથી સસ્પેન્ડ કરવામાં આવે અને ખાડિયાને આ ભયના માહોલમાંથી મુક્ત કરવામાં આવે.





ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો : 9662420070

# GTUના બે હંગામી કર્મચારીઓ સામે રાજકીય પ્રવૃત્તિઓના ગંભીર આક્ષેપો

## યુવરાજસિંહ જાડેજાએ 10 દિવસમાં કાર્યવાહી નહીં થાય તો આંદોલનની ચેતવણી આપી






અમદાવાદ

ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટી (GTU) ફરી એકવાર વિવાદમાં આવી છે. યુવા નેતા યુવરાજસિંહ જાડેજા અને તેમની ટીમ દ્વારા GTU ખાતે કાર્યરત બે હંગામી કર્મચારીઓ શ્રી મિલન પાઠક અને શ્રી રિતેશ અધ્વર્યુ વિરુદ્ધ ગંભીર રજૂઆત કરવામાં આવી છે. આ રજૂઆત અંતર્ગત આરોપ મૂકવામાં આવ્યો છે કે બંને કર્મચારીઓ છેલ્લા ઘણા વર્ષોથી યુનિવર્સિટીની નોકરી દરમિયાન અને કામના સમયગાળા દરમિયાન સત્તાધારી ભારતીય જનતા પાર્ટી (BJP) માટે સક્રિય રીતે પ્રચાર-પ્રસાર અને સંગઠનાત્મક પ્રવૃત્તિઓમાં જોડાયેલા રહ્યા છે.

આ મુદ્દે યુવરાજસિંહ જાડેજા અને તેમની ટીમે GTU ના રજિસ્ટ્રારને રૂબરૂ મળી રજૂઆત કરી હતી તેમજ કુલપતિશ્રીને ઈ-મેઈલ મારફતે 50 થી વધુ પુરાવાઓ મોકલવામાં આવ્યા હોવાનું જણાવ્યું હતું. આ પુરાવાઓમાં સોશિયલ મીડિયા પોસ્ટ્સ, જાહેર કાર્યક્રમોના ફોટોગ્રાફ્સ, વિડિઓઝ, તારીખ અને સમય દર્શાવતા દસ્તાવેજો સહિતની માહિતી સામેલ હોવાનું જણાવાયું છે.

યુવરાજસિંહ જાડેજાએ રજૂઆત દરમિયાન જણાવ્યું હતું કે GTU જેવી રાજ્યની અગ્રણી ટેક્નિકલ યુનિવર્સિટીના કર્મચારીઓને મળતો પગાર વિદ્યાર્થીઓના વાલીઓ દ્વારા ભરવામાં આવતી ફી અને જાહેર નાણાંમાંથી ચૂકવવામાં આવે છે. આવા સંજોગોમાં કોઈ કર્મચારી પોતાની ફરજના સમય દરમિયાન રાજકીય પક્ષ માટે કાર્ય કરે તે માત્ર સેવા નિયમોનો ભંગ જ નહીં પરંતુ વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓના વિશ્વાસ સાથે પણ અન્યાય સમાન છે.

તેમણે વધુમાં આક્ષેપ કર્યો હતો કે આ સમગ્ર મામલે યુનિવર્સિટી તંત્ર લાંબા સમયથી જાણકાર હોવા છતાં કોઈ અસરકારક કાર્યવાહી કરવામાં આવી નથી. યુવરાજસિંહના જણાવ્યા મુજબ, એક વર્તમાન ધારાસભ્યના દબાણને કારણે GTU ના સત્તાધીશો આ બંને કર્મચારીઓ સામે આંખ આડા કાન કરી રહ્યા છે. તેમના જણાવ્યા અનુસાર આ ધારાસભ્ય દ્વારા યુનિવર્સિટીના ઉચ્ચ અધિકારીઓ પર વિવિધ પ્રકારનું દબાણ લાવવામાં આવે છે, જેના પરિણામે અનેક રજૂઆતો અને પુરાવાઓ હોવા છતાં આજદિન સુધી કોઈ શિસ્તભંગની કાર્યવાહી કરવામાં આવી નથી.

યુવરાજસિંહે એવો પણ આક્ષેપ કર્યો હતો કે આ બંને કર્મચારીઓમાંથી એક કર્મચારી ભારતીય જનતા પાર્ટીના વેજલપુર વોર્ડ સ્તરે મહત્વપૂર્ણ હોદ્દા પર કાર્યરત છે. તેમના જણાવ્યા અનુસાર જો કોઈ વ્યક્તિ સક્રિય રાજકીય હોદ્દો ધરાવતી હોય અને સાથે યુનિવર્સિટીમાં કર્મચારી તરીકે ફરજ બજાવતી હોય, તો તે બાબતની નિયમો અનુસાર ગંભીર તપાસ થવી જરૂરી છે.

રજૂઆત દરમિયાન એવો પણ દાવો કરવામાં આવ્યો હતો કે અગાઉ આ મુદ્દે રાજ્ય ચૂંટણી તંત્ર સમક્ષ પણ રજૂઆતો થઈ ચૂકી છે અને સંબંધિત સત્તાધીશોને જાણ કરવામાં આવી હતી. તેમ છતાં હજુ સુધી કોઈ નિષ્પક્ષ તપાસ અથવા વહીવટી કાર્યવાહી હાથ ધરવામાં આવી નથી.

યુવરાજસિંહ જાડેજા અને તેમની ટીમે GTU તંત્ર સમક્ષ નીચે મુજબની માંગણીઓ મૂકી છે:

મિલન પાઠક અને રિતેશ અધ્વર્યુને તાત્કાલિક ફરજ પરથી દૂર કરવામાં આવે.

બંને કર્મચારીઓને તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી સસ્પેન્ડ કરવામાં આવે.

# ભીમપુરા ગંગનાથ મહાદેવ મંદિર દ્વારા વિદ્યાર્થીઓને નોટબુક સહાયનું વિતરણ

ચાણોદ, મુકેશ ખત્રી

ડભોઈ તાલુકાના ઐતિહાસિક તીર્થધામ ચાણોદ નજીક આવેલા ભીમપુરા સ્થિત ગંગનાથ મહાદેવ મંદિર આશ્રમ ટ્રસ્ટ દ્વારા આજે રવિવારના પવિત્ર દિવસે એક સરાહનીય પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી હતી. નવું શૈક્ષણિક વર્ષ શરૂ થઈ ચૂક્યું છે ત્યારે ગરીબ અને મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓને શિક્ષણમાં મદદરૂપ થવાના ઉદ્દેશ્ય સાથે આશ્રમ ટ્રસ્ટ દ્વારા વિશાળ પાયે નોટબુક વિતરણ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. આજરોજ યોજાયેલા આ વિતરણ કાર્યક્રમમાં સ્થાનિક નંદેરીયા, ભીમપુરા, ચાણોદ અને માંડવા ગામ ઉપરાંત ડભોઈ, વડોદરા અને અમદાવાદ સહિતના વિવિધ વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. શાળા-કોલેજમાં અભ્યાસ કરતા આ તમામ જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને શૈક્ષણિક સત્રના પ્રારંભે જ નોટબુકનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું, જેથી તેઓ કોઈપણ અવરોધ વિના પોતાનો અભ્યાસ આગળ ધપાવી શકે. ગંગનાથ મહાદેવ મંદિર આશ્રમના ટ્રસ્ટી સંદીપભાઈ તેમજ મેનેજર હરેશભાઈએ વિગતો આપતા જણાવ્યું હતું કે, આશ્રમ હંમેશા ધાર્મિક કાર્યોની સાથે સામાજિક અને શૈક્ષણિક ઉત્થાનની પ્રવૃત્તિઓમાં અગ્રેસર રહે છે. આ વર્ષે પણ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ આ પુસ્તક સહાયનો સીધો લાભ ઉઠાવ્યો છે. નવા સત્રના પ્રારંભે જ આ પ્રકારે ઉપયોગી શૈક્ષણિક કીટ મળતા વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓએ મંદિર ટ્રસ્ટના આ સેવાયજ્ઞને હૃદયપૂર્વક બિરદાવ્યો હતો.

# પર્યાવરણ જાળવણીના સંદેશ સાથે ભાજપ અનુસૂચિત જાતિ મોરચા દ્વારા ભવ્ય સાયકલ યાત્રાનું આયોજન

અમદાવાદ

દેશના જનનાયક અને આદરણીય પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના નેતૃત્વમાં સરકારના અવિરત ૧૨ વર્ષના સેવા, સુશાસન અને જનકલ્યાણના સફળ કાર્યકાળને ઉજવવા માટે ભારતીય જનતા પાર્ટી દ્વારા વિવિધ સંગઠનાત્મક કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. જેના ભાગરૂપે આજરોજ ભારતીય જનતા પાર્ટી અનુસૂચિત જાતિ મોરચા ગુજરાત પ્રદેશ તથા કર્ણાવતી મહાનગરના સંયુક્ત ઉપક્રમે અમદાવાદ ખાતે એક ભવ્ય સાયકલ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સાયકલ યાત્રાનો મુખ્ય ઉદ્દેશ્ય પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના પર્યાવરણની જાળવણી અને ગ્રીન એનર્જીના સંદેશને સમાજના પ્રત્યેક નાગરિક સુધી પહોંચાડવાનો હતો. પ્રદૂષણ મુક્ત પર્યાવરણ અને ફિટનેસના આહવાન સાથે યોજાયેલી આ યાત્રામાં ભાજપના કાર્યકરો અને સ્થાનિક નાગરિકો મોટી સંખ્યામાં સાયકલ લઈને જોડાયા હતા, જેના કારણે સમગ્ર રૂટ ભગવા રંગથી રંગાઈ ગયો હતો.

આ પ્રેરણાદાયી સાયકલ યાત્રાના પ્રારંભ પ્રસંગે અમદાવાદ શહેરના મેયર હિતેશભાઈ બારોટ, પ્રદેશ અનુસૂચિત જાતિ મોરચાના અધ્યક્ષ અને પૂર્વ સાંસદ ડૉ. કિરીટભાઈ સોલંકી તેમજ એલિસબ્રિજ વિધાનસભા બેઠકના ધારાસભ્ય અમિતભાઈ શાહ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

ઉપસ્થિત મહાનુભાવોએ લીલી ઝંડી બતાવી સાયકલ યાત્રાને પ્રસ્થાન કરાવ્યું હતું અને પોતે પણ ઉત્સાહભેર સહભાગી થઈને કાર્યકરોનો જોમ-જુસ્સો વધાર્યો હતો. નેતાઓએ જણાવ્યું હતું કે, વિકાસની સાથે પર્યાવરણનું સંતુલન જાળવવું એ આપણી નૈતિક ફરજ છે અને આ યાત્રા સમાજમાં સકારાત્મક બદલાવ લાવશે.

### પોલીસ મથકમાં છેલ્લા ઘણા વર્ષોથી પકડાયેલા વાહનો એકત્રિત થઈ રહ્યા હતા

# ચિલોડા પોલીસ સ્ટેશનમાં જપ્ત કરેલાં વાહનોની કરાઈ હરાજી

## આ પ્રક્રિયા દરમિયાન કુલ 79 વાહનોનું વેચાણ કરવામાં આવ્યું હતું, જેનાથી સરકારને રૂપિયા 50.92 લાખની આવક થઇ

ગાંધીનગર

ગાંધીનગર જિલ્લાના મોટા ચિલોડા પોલીસ મથક પરિસરમાં વર્ષોથી કાયદાકીય પ્રક્રિયા હેઠળ જપ્ત કરાયેલા વાહનોનો જમાવડો થયો હતો. જેના કારણે પોલીસ સ્ટેશનમાં જગ્યાની અછત ઊભી થઈ હતી. આ સમસ્યાના ઉકેલ માટે ન્યાયાલયની મંજૂરી બાદ 12 જૂન, 2026ના રોજ એક જાહેર હરાજીનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રક્રિયા દરમિયાન કુલ 79 વાહનોનું વેચાણ કરવામાં આવ્યું હતું, જેનાથી સરકારને રૂપિયા 50.92 લાખની આવક થઈ છે અને પોલીસ મથકને વાહનોના ખડકલામાંથી મુક્તિ મળી છે. અમદાવાદ અને શામળાજીને જોડતા રાષ્ટ્રીય ધોરીમાર્ગ સંખ્યા 8 પર ગાંધીનગર જિલ્લાનું મોટા ચિલોડા પોલીસ સ્ટેશન આવેલું છે. આ પોલીસ મથકમાં છેલ્લા ઘણા વર્ષોથી પકડાયેલા વાહનો એકત્રિત થઈ રહ્યા હતા. પોલીસ દ્વારા જુદા જુદા ગુનાઓ, માર્ગ અકસ્માતો, ચોરીના બનાવો, દારૂની હેરાફેરી તેમજ અન્ય કાયદેસરની તપાસ દરમિયાન બે વ્હીલર, ચાર વ્હીલર અને મોટા માલવાહક વાહનો જપ્ત કરવામાં આવ્યા હતા. આ વાહનોની સંખ્યા એટલી વધારે હતી કે તેના કારણે પોલીસ સ્ટેશનનો મોટો ભાગ વાહન સંગ્રહ સ્થાનમાં બદલાઈ ગયો હતો. મોટા ચિલોડા પોલીસ સ્ટેશનના સત્તાવાર સૂત્રો પાસેથી મળેલી વિગતો અનુસાર, કચેરીના આંગણામાં અંદાજે 400થી 500 જેટલા નાના અને મોટા વાહનો લાંબા સમયથી પડ્યા રાખવામાં આવ્યા હતા. આમાંથી કેટલાય વાહનો 5 વર્ષ કરતાં પણ વધુ સમયથી ખુલ્લામાં પડ્યા હોવાથી તેના પર ધૂળ જામી ગઈ હતી. ઘણા વાહનોના ટાયરમાંથી હવા નીકળી ગઈ હતી, જ્યારે અમુક વાહનો સડી જવાથી સંપૂર્ણપણે બિનઉપયોગી સ્થિતિમાં આવી ગયા હતા. પરિસરમાં નવી જગ્યા બચી ન હોવાથી, વાહનોને એકબીજાની ઉપર ગોઠવવાની ફરજ પડી હતી, જેથી ત્યાં વાહનોનો ઢગલો દેખાતો હતો. આ તમામ વાહનો અલગ-અલગ ગુનાહિત વલણોમાં પકડીને કાયદાકીય અટકાયતમાં લેવાયા હતા

તેની ફાઈલો અદાલતમાં ચાલતી હતી. વર્ષોથી પડી રહેલા આ સાધનોના નિકાલ માટે ન્યાયાલય તરફથી આદેશ આપવામાં આવ્યા બાદ આગળના પગલાં ભરવામાં આવ્યા હતા. આ કાનૂની આદેશના આધારે તા. 12 જૂન, 2026ના રોજ મોટા ચિલોડા પોલીસ સ્ટેશનના પટાંગણમાં જ વાહનો વેચવા માટે ખરીદદારોની બેઠક એટલે કે જાહેર હરાજી રાખવામાં આવી હતી.


### સ્વચ્છતા માટે સતત કાર્યરત "ક્લીન અપ વડોદરા" ટીમ

# દાંડીયા બજાર રોડ ખાતે આવેલા પૂલની નીચે સ્વચ્છતા અભિયાન યોજાયું

વડોદરા

"મારું શહેર, મારી જવાબદારી - સ્વચ્છ વડોદરા, સુંદર વડોદરા"*ના સૂત્ર સાથે "ક્લીન અપ વડોદરા"ની સમગ્ર ટીમ દ્વારા દાંડીયા બજાર રોડ ખાતે આવેલા પૂલની નીચે વિશેષ સ્વચ્છતા અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. શહેરના વિવિધ વિસ્તારોમાં નિયમિત રીતે આવા અભિયાનો યોજી નાગરિકોમાં સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ લાવવાનો પ્રયાસ કરવામાં આવે છે.

આ અભિયાન દરમિયાન સ્વયંસેવકોએ સ્થળ પર ફેલાયેલા પ્લાસ્ટિક, કચરો અને અન્ય ગંદકી દૂર કરી વિસ્તારને સ્વચ્છ બનાવ્યો હતો. ટીમના સભ્યો સાથે બાળકો



અને યુવાનો પણ ઉત્સાહપૂર્વક જોડાયા હતા અને સમાજને સ્વચ્છતા અંગે સકારાત્મક સંદેશ આપ્યો હતો.

# ખેડૂતોના હક માટે પાલ આંબલિયા લાલઘૂમ : 45 ડિગ્રીની ગરમીમાં મંત્રીને ઘેરતા આકરા સવાલો, સોશિયલ મીડિયામાં વીડિયો વાયરલ

અમદાવાદ

ગુજરાતના રાજકારણમાં ખેડૂતોના મુદ્દે ફરી એકવાર ગરમાવો આવી ગયો છે. વિપક્ષી નેતા અને ખેડૂત અગ્રણી પાલ આંબલિયાએ વહીવટી તંત્રની નિષ્ફળતા અને સત્તાધારી મંત્રીની બેદરકારી સામે સીધો અને ધારદાર મોરચો ખોલ્યો છે. જમીન પર ઉતરીને નેતાગીરી દર્શાવતા પાલ આંબલિયાએ મંત્રીને કઠેડામાં ઊભા રાખતો એક એવો સવાલ પૂછ્યો છે, જેણે આખા સરકારી તંત્રને હચમચાવી મૂક્યું છે.

પાલ આંબલિયાએ મંત્રીની કાર્યશૈલી અને ખેડૂતો પ્રત્યેની ઉદાસીનતા પર આક્રોશ ઠાલવતા સનસનાટીભર્યો પ્રહાર કર્યો છે. તેમણે ખુલ્લો પડકાર ફેંકતા કહ્યું કે, "૪૫ ડિગ્રીની કાળઝાળ અને ચામડી દઝાડતી ગરમીમાં હું પોતે ખેડૂતોના ન્યાય માટે તેમની સાથે સતત ૪ કલાક સુધી ગ્રાઉન્ડ પર ઊભો રહ્યો. તમે જનતાના પ્રતિનિધિ અને મંત્રી છો, તો તમે અત્યાર સુધી શું કર્યું?" આ આકરા પ્રહારે સાબિત કરી દીધું છે કે વિપક્ષ હવે ખેડૂતોના મુદ્દે આરપારની લડાઈ લડવાના મૂડમાં છે.

આક્રોશ અહીં જ ન અટક્યો, પાલ આંબલિયાએ તંત્ર અને મંત્રી વચ્ચેની મિલીભગત અથવા લાચારી પર આંગળી ચીંધતા ઉમેર્યું કે, "ખેડૂતોના હિત વિરુદ્ધ જે ખોટું કામ ચાલી રહ્યું હતું, તે મેં સ્થળ પર જઈને બંધ કરાવી દીધું. તમારી પાસે આખી સરકારી મશીનરી છે, તમે મંત્રી પદ પર બેઠા છો, છતાં તમે કેમ એ કામ ન રોકી શક્યા? તમારી આ લાચારી પાછળનું કારણ શું?" વહીવટી તંત્રની નિષ્ફળતા અને ખેડૂતોની વેદનાને વાચા આપતા આ વેધક સવાલોનો વીડિયો હાલ સોશિયલ મીડિયા પર જોરદાર ટ્રેન્ડ થઈ રહ્યો છે અને જનતા પણ આ સવાલોના સમર્થનમાં આવી રહી છે.

### શિસ્તબદ્ધ કારકિર્દી અને મહત્વપૂર્ણ પદો પર સેવા

# ગુજરાત કેડરના જાંબાઝ અને નિષ્ઠાવાન પોલીસ અધિકારી : IPS અજય ચૌધરી

અમદાવાદ

ગુજરાત પોલીસ બેડામાં જ્યારે પણ શિસ્ત, વહીવટી કુશળતા અને પ્રજાભિમુખ કામગીરીની વાત આવે છે, ત્યારે આઈપીએસ (IPS) અજય ચૌધરીનું નામ અગ્રહરોળમાં લેવામાં આવે છે. લાંબા સમયથી ગુજરાતના વિવિધ મહત્વપૂર્ણ પદો પર ફરજ બજાવી ચૂકેલા અજય ચૌધરી માત્ર એક કડક પોલીસ અધિકારી નથી, પરંતુ સામાજિક સમરસતા અને પોલીસ-પ્રજા વચ્ચેના સેતુને મજબૂત કરનારા એક સન્માનનીય વ્યક્તિત્વ પણ છે.

IPS અજય ચૌધરીએ પોતાની લાંબી અને પ્રભાવશાળી કારકિર્દી દરમિયાન ગુજરાતના ઘણા સંવેદનશીલ અને મહત્વના હોદ્દાઓ સંભાળ્યા છે. તેઓ અમદાવાદ અને સુરત જેવા મેટ્રો શહેરોમાં જોઈન્ટ પોલીસ કમિશનર (JCP) તરીકે ફરજ બજાવી ચૂક્યા છે. ખાસ કરીને અમદાવાદમાં ટ્રાફિક અને વહીવટી વિભાગના જેસીપી તરીકે તેમની કામગીરી ખૂબ જ પ્રશંસનીય રહી હતી.

હાલમાં તેઓ સ્પેશિયલ કમિશનર ઓફ પોલીસ (Special CP) તરીકે વહીવટી અને સુરક્ષા વ્યવસ્થાને વધુ સુદ્રઢ બનાવવાનું કામ કરી રહ્યા છે. કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવામાં તેમની દીર્ઘદ્રષ્ટિ અને ત્વરિત નિર્ણયો લેવાની ક્ષમતા હંમેશાં તંત્ર માટે મદદરૂપ સાબિત થઈ છે. અજય ચૌધરીની કામગીરીની સૌથી મોટી ખાસિયત એ રહી છે કે તેઓ પોલીસની છબી સુધારવામાં માને છે. સુરત અને અમદાવાદમાં ફરજ દરમિયાન તેમણે સામાન્ય નાગરિકો, ખાસ કરીને શ્રમિકો અને વંચિત વર્ગો સાથે સીધો સંવાદ સ્થાપિત કર્યો હતો. સામુદાયિક પોલીસિંગ (Community Policing): તેમણે તહેવારોના સમયે શાંતિ સમિતિની બેઠકો અને વિવિધ જ્ઞાતિ-સમુદાયો વચ્ચે ભાઈચારો વધારવા માટે વ્યક્તિગત રસ લીધો હતો. ગુનાખોરી પર અંકુશ: ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ કરીને સીસીટીવી નેટવર્કિંગ અને ડિજિટલ મોનિટરિંગ દ્વારા ગુનાખોરી ડામવામાં તેઓ અગ્રેસર રહ્યા છે.

## પીએમ મોદીના સફળ 12 વર્ષ નિમિત્તે આહવા ખાતે સાંસદ ધવલ પટેલની પત્રકાર પરિષદ

આહવા/ડાંગ

વડાપ્રધાન મોદીના સફળ કાર્યકાળના '૧૨ વર્ષ વિશ્વાસના, વિકાસના અને જનકલ્યાણના' અવસરે આહવા સર્કિટ હાઉસ ખાતે વલસાડ-ડાંગના સાંસદ ધવલભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને એક પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ડાંગ જિલ્લા ભાજપ પ્રમુખ કિશોરભાઈ ગાવિત પણ ઉપસ્થિત રહ્યા હતા. સાંસદએ જણાવ્યું કે, ૨૬ મે, ૨૦૧૪ના રોજ કાર્યભાર સંભાળ્યા બાદ પીએમ મોદીએ દેશને 'સબકા સાથ, સબકા વિકાસ'નો મંત્ર આ પીને તુષ્ટિકરણની રાજનીતિનો અંત આણ્યો છે. ૨૬ મે, ૨૦૨૬ના રોજ તેમના સફળ નેતૃત્વના ૧૨ વર્ષ પૂર્ણ થયા છે. જનકલ્યાણ યોજનાઓ: દેશમાં ૪ કરોડથી વધુ પાકાં મકાનો, ૮૧ કરોડ લોકોને મફત અનાજ, અને ૫૮ કરોડ જનધન ખાતાઓ ખોલવામાં આવ્યા છે. ડિજિટલ અને આર્થિક ક્રાંતિ: UPI, DBT અને 'મેક ઈન ઈન્ડિયા' દ્વારા વચેટિયા નાબૂદ થયા છે અને ભારત વૈશ્વિક સ્તરે અગ્રણી અર્થવ્યવસ્થા બન્યું છે.

### રોજિંદા જીવન અને પશુધનની માઠી દશા

# ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવામાં જળસંકટ : પીવાના પાણી માટે ગ્રામજનો મારી રહ્યા છે વલખા

આહવા/ડાંગ

ડાંગ જિલ્લાના મુખ્ય મથક એવા આહવા ગામ અને તેની આસપાસના વિસ્તારોમાં ઉનાળાની શરૂઆત થતાં જ પીવાના પાણીની તીવ્ર અછત સર્જાઈ છે. આહવા અને તેના નજીકના વિસ્તારોમાં પીવાના પાણીના મુખ્ય સ્ત્રોત ગણાતા કુવા, બોર અને તળાવો સાવ સુકાઈ ગયા છે. જેના કારણે સ્થાનિક રહીશોને ટીપું પાણી મેળવવા માટે પણ કદરૂપી પરિસ્થિતિનો સામનો કરવો પડી રહ્યો છે. વહીવટી મથક હોવા છતાં આહવા ગામના લોકોને પાણી માટે વલખા મારવા પડી રહ્યા છે, જે તંત્રની ઘોર બેદરકારી દર્શાવે છે. સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર, પાણી પુરવઠા વિભાગ અને સ્થાનિક ગ્રામ પંચાયત દ્વારા ગામમાં રોજબરોજ પૂરતું પાણી પૂરું પાડવામાં આવતું નથી. અગાઉ જ્યાં નિયમિત પાણી મળતું હતું, ત્યાં હવે તંત્ર દ્વારા ત્રીજા કે ચોથા દિવસે માંડ એકાદ કલાક પાણી છોડવામાં આવે છે. આ અનિયમિત અને અપૂરતા પાણી વિતરણને કારણે લોકોની હાલત અત્યંત કફળી બની ગઈ છે. ગૃહિણીઓને વહેલી સવારથી જ માથે બેડા લઈને પાણીની શોધમાં સીમમાં કે દૂર-દૂર સુધી ભટકવું પડે છે. પાણીની કટોકટી એટલી હદે વકરી છે કે લોકોને હવે નાહવા-ધોવા કે કપડાં સાફ કરવા જેવા રોજિંદા કામો માટે પણ પાણી બચાવવું પડી રહ્યું છે. પીવા માટે પણ શુદ્ધ પાણી ન મળતા લોકો દૂષિત પાણી વાપરવા મજબૂર બન્યા છે, જેના કારણે રોગચાળો ફાટી નીકળવાની દહેશત પણ સેવાઈ રહી છે. આ ઉપરાંત, આ વિસ્તારના પશુપાલકો માટે પોતાના પશુધનને બચાવવું મુશ્કેલ બન્યું છે. પશુઓ માટે પીવાના પાણીના અવેડા ખાલીખમ પડ્યા છે. વારંવાર રજૂઆતો કરવા છતાં પાણી પુરવઠા વિભાગના અધિકારીઓ પેટનું પાણી હલાવતા નથી. માત્ર કાગળ પર જ ટેન્કરો દ્વારા પાણી વિતરણની વાતો કરવામાં આવે છે, જ્યારે વાસ્તવિકતામાં ગ્રામજનો તરસ્યા મરી રહ્યા છે. ગામના અગ્રણીઓએ આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું છે કે, જો આગામી દિવસોમાં તંત્ર દ્વારા રોજિંદુ પાણી પૂરું પાડવામાં નહીં આવે અથવા તો પૂરતા પ્રમાણમાં પાણીના ટેન્કરો શરૂ કરવામાં નહીં આવે, તો ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

# રાજકોટ બાલગૃહની સુરક્ષાના ધજાગરા: રૂમની જાળી તોડી પાકિસ્તાની કિશોર સહિત 11 બાળકો ફરાર, તંત્રમાં દોડધામ

રાજકોટ

રાજકોટ શહેરમાંથી એક અત્યંત ચોંકાવનારી અને સુરક્ષા વ્યવસ્થા સામે ગંભીર સવાલો ઊભા કરતી ઘટના સામે આવી છે. ગોંડલ રોડ પર આવેલા સરકારી બાળ સંરક્ષણ ગૃહ (ઓબ્ઝર્વેશન હોમ)માંથી એક પાકિસ્તાની કિશોર સહિત ૧૧ કાયદાના સંઘર્ષમાં આવેલા બાળકો (કિશોરો) રૂમની લોખંડની જાળી તોડીને નાસી છૂટ્યા છે. આ સામૂહિક પલાયનની ઘટનાને પગલે પોલીસ બેડા અને વહીવટી તંત્રમાં ભારે દોડધામ મચી ગઈ છે. આ તમામ કિશોરોએ બાલગૃહમાંથી ભાગવા માટે અગાઉથી જ આયોજનબદ્ધ કાવતરું ઘડ્યું હતું. મોડી રાત્રે તેમણે સૌથી પહેલા ત્યાં લાગેલા સીસીટીવી (CCTV) કેમેરાની તોડફોડ કરી હતી, જેથી તેમની હિલચાલ કેદ ન થઈ શકે. ત્યારબાદ, રૂમની મજબૂત લોખંડની જાળી તોડીને એક પછી એક ૧૧ કિશોરો દિવાલ કૂદીને રફુચક્કર થઈ ગયા હતા. આ ઘટનાની જાણ વહેલી સવારે સિક્યોરિટી ગાર્ડ અને સત્તાધારીઓને થતાં જ ઉચ્ચ અધિકારીઓનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો.

ભાગી ગયેલા ૧૧ કિશોરોમાંથી એક કિશોર ગણતરીના કલાકોમાં શંકાસ્પદ હાલતમાં મળી આવતા તેને પરત લાવવામાં આવ્યો છે. જો કે, પાકિસ્તાની સરહદ ઓળંગીને પકડાયેલા અને અહીં રાખવામાં આવેલા પાકિસ્તાની કિશોર સહિત અન્ય ૧૦ કિશોરો હજુ પણ ફરાર છે. રાજકોટ શહેર પોલીસે આ મામલે ગુનો નોંધીને સમગ્ર શહેરમાં અને બહાર જવાના માર્ગો પર સઘન નાકાબંધી કરી દીધી છે. ક્રાઈમ બ્રાન્ચ અને સ્થાનિક પોલીસની અલગ-અલગ ટીમો બનાવીને ફરાર કિશોરોને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કરાયા છે.

આ ઘટનાએ બાળ સંરક્ષણ ગૃહની સુરક્ષા વ્યવસ્થાના સરેઆમ ધજાગરા ઉડાવી દીધા છે.

# ખાનદાનીના ખોટા અહંકારમાં પિતાએ દીકરીની બલિ ચડાવી

## પોલીસની હાજરીમાં 19 વર્ષીય શિવાનીની ઘાતકી હત્યા

ગાંધીનગર

સામાજિક પ્રતિષ્ઠા અને જ્ઞાતિના ખોટા અહંકારે વધુ એક માસૂમ દીકરીનો ભોગ લીધો છે. પ્રેમ લગ્નથી નારાજ પિતાએ પોલીસ સ્ટેશનની બહાર જ કાયદાના રક્ષકોની હાજરીમાં પોતાની ૧૯ વર્ષની દીકરી શિવાની પર છરી વડે તૂટી પડીને તેને મોતને ઘાટ ઉતારી દીધી હતી. હત્યા કર્યા બાદ પણ પિતાના ચહેરા પર કોઈ પસ્તાવો નહોતો, અને તેણે ક્રૂરતાપૂર્વક કહ્યું કે, 'થોડું ઊંચું-નીચું હોત તો ચાલી જાત, પણ એ અમારી જ્ઞાતિની બરાબરીના નથી.' ઘટનાની વિગત મુજબ, શિવાનીએ પરિવારની મરજી વિરુદ્ધ અન્ય જ્ઞાતિના યુવક સાથે પ્રેમ લગ્ન કર્યા હતા. આ બાબતે બંને પરિવારો વચ્ચે વિવાદ થતાં મામલો પોલીસ સ્ટેશન પહોંચ્યો હતો. પોલીસની હાજરીમાં સમજાવટની પ્રક્રિયા ચાલી રહી હતી અને શિવાની પોતાના પતિ સાથે રહેવા મક્કમ હતી. આ વાતથી ઉશ્કેરાયેલા પિતાએ આપા ખોઈ બેઠા અને પોલીસકર્મીઓની નજર સામે જ સંતાડી રાખેલી તીક્ષ્ણ છરી કાઢી શિવાની પર ઉપરાઉપરી ઘા ઝીંકી દીધા હતા. લોહીલુહાણ હાલતમાં શિવાનીએ ઘટનાસ્થળે જ દમ તોડી દીધો હતો. પોલીસ સ્ટેશન જેવા સુરક્ષિત પરિસરમાં જ બનેલી આ સનસનાટીભરી ઘટનાએ સુરક્ષા વ્યવસ્થા સામે મોટા સવાલો ઊભા કર્યા છે.


### સામાજિક દૂષણ સામે મોટો બોધપાઠ

# કોર્ટરૂમમાં છૂટાછેડાના કાગળો ફાડી પત્ની પતિને વળગી પડી : 5 વર્ષ લાંબી કાનૂની લડાઈનો ભાવુક અંત

અમદાવાદ

નફરત, કડવાશ અને પાંચ વર્ષ લાંબી કાનૂની લડાઈ સેકન્ડોમાં ઓગળી ગઈ જ્યારે દિલ્હીની એક અદાલતમાં પત્નીએ પોતાના છૂટાછેડાના કાગળો ફાડી નાખ્યા અને દોડીને પતિને ગળે લગાવી લીધી. શિખા અને સૌરભ વચ્ચે વર્ષ ૨૦૨૦માં ધામધૂમથી શરૂ થયેલા લગ્નજીવનમાં ટૂંક સમયમાં જ વિવાદો, આક્ષેપો અને મનભેદ શરૂ થતાં મામલો કોર્ટ સુધી પહોંચ્યો હતો. લાંબી સુનાવણીઓ અને કાનૂની ગૂંચવણોને કારણે આ કેસ વર્ષો સુધી ખેંચાયો, જેને લીધે બંને પક્ષોને માનસિક અને આર્થિક રીતે મોટું નુકસાન વેઠવું પડ્યું હતું.

કોર્ટના ધક્કા ખાવામાં શિખાના પિતાએ પોતાની જિંદગીભરની મોટાભાગની બચત




ગુમાવી દીધી હતી. દરમિયાન, ચિંતાના કારણે શિખાના પિતાને અચાનક હાર્ટ એટેક આવ્યો. આર્થિક તંગીના કારણે પરિવારે શરૂઆતમાં તેમને સરકારી હોસ્પિટલમાં દાખલ કર્યા હતા. પરંતુ આ મુશ્કેલ સમયમાં, કોર્ટમાં કેસ ચાલતો હોવા છતાં, જમાઈ સૌરભે માનવતા બતાવી તાત્કાલિક મદદનો હાથ લંબાવ્યો. તેણે સસરાને ગુરુગ્રામની પ્રાઈવેટ હોસ્પિટલમાં શિફ્ટ કરાવી સમયસર સારવાર અપાવી સાજા કર્યા. સૌરભના આ એક નિર્ણાયક અને ઉમદા પગલાંએ વર્ષોની કડવાશ દૂર કરી નાખી. આ ઘટનાના બીજા જ દિવસે, બંને પક્ષો કોર્ટમાં હાજર થયા હતા. સુનાવણી દરમિયાન જ્યારે જજે સૌરભને પૂછ્યું કે, 'શું તું હજુ પણ છૂટાછેડા ઈચ્છે છે?' ત્યારે સૌરભે જવાબ આપતા પહેલા શિખા તરફ જોઈને એક હળવું સ્મિત આપ્યું. આ એક નજરે શિખાના મનનો ગુસ્સો ઓગાળી દીધો. ભાવુક બનેલી શિખાએ તરત જ કોર્ટરૂમમાં છૂટાછેડાના કાગળો ફાડી નાખ્યા અને દોડીને પોતાના પતિને વળગી પડી. જે દિવસ કાયમ માટે જુદા થવા માટે નક્કી કરાયો હતો, તે દિવસ બંનેના પુનઃમિલનનો પવિત્ર દિવસ બની ગયો.

આજકાલ છૂટાછેડા એ સૌથી વિકરાળ સામાજિક સમસ્યા બની ગઈ છે, જે હસતા-રમતા પરિવારોને વેરવિખેર કરી દે છે અને ખાસ કરીને બાળકોના ભવિષ્યને અંધકાર તરફ ધકેલે છે. અહંકાર અને ક્રોધના આવેગમાં લેવાતા નિર્ણયો વિનાશ નોતરે છે. આ કિસ્સો સમાજ માટે એક બહુ મોટો પાઠ છે કે, જે કામ વર્ષો લાંબી કાનૂની દલીલો અને વકીલો ન કરી શક્યા, તે કામ સાચા સમયે બતાવેલી સંવેદનશીલતા અને ભલાઈના એક નાના કૃત્યે કરી બતાવ્યું. સંબંધોને બચાવવા માટે આવેગ અને ક્રોધનું શમન કરી સમજણની કેળવણી મેળવવી ખૂબ જ જરૂરી છે.

પાક્કો ગુજરાત

સોમવાર | 15 જૂન 2026 | અમદાવાદ

# જંગલમાં પાણી વગર અબોલ જીવો તરસ્યા: વન વિભાગની ઘોર બેદરકારી સામે રોષ

ધોમધખતા ઉનાળામાં પાણી વિના સુકાભઠ્ઠ બનેલા હવાડાના દ્રશ્યો સામે આવતા જ વન વિભાગની કામગીરી અને આયોજન સામે અનેક સવાલો ઉઠી રહ્યા છે, સ્થાનિક ગ્રામજનો અને વન્યજીવ પ્રેમીઓમાં આ મામલે ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે...!



છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

છોટાઉદેપુર જિલ્લાના ચેથાપુર જંગલ વિસ્તારમાંથી વન વિભાગની ગંભીર બેદરકારી સામે આવી છે. કાળઝાળ ગરમીની આ સિઝનમાં વન્યજીવોની તરસ છિપાવવા માટે જંગલમાં બનાવેલા પાણીના કેટલાક હવાડા તદ્દન ખાલીખમ જોવા મળી રહ્યા છે. પાણીના અભાવે રીંછ, દીપડા અને રોઝ (નીલગાય) જેવા હિંસક અને અન્ય વન્યજીવોના અસ્તિત્વ પર મોટું સંકટ તોળાઈ રહ્યું છે. જંગલમાં પીવાનું પાણી ન મળવાના કારણે હવે આ જંગલી પ્રાણીઓ પાણીની શોધમાં આસપાસના રહેણાંક વિસ્તારો તરફ વળે તેવી ભીતિ સેવાઈ રહી છે, જેને પગલે સ્થાનિક ગ્રામજનોમાં પણ ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

ચેથાપુરના જંગલોમાં વન્યજીવો માટે કરોડોના ખર્ચે વ્યવસ્થાઓ ઊભી કરવાના દાવા કરવામાં આવે છે, પરંતુ વાસ્તવિક પરિસ્થિતિ કંઈક જુદી જ છે.

ધોમધખતા ઉનાળામાં પાણી વિના સુકાભઠ્ઠ બનેલા હવાડાના દ્રશ્યો સામે આવતા જ વન વિભાગની કામગીરી અને આયોજન સામે અનેક સવાલો ઉઠી રહ્યા છે. સ્થાનિક ગ્રામજનો અને વન્યજીવ પ્રેમીઓમાં આ મામલે ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે.

આ ગંભીર પરિસ્થિતિને ધ્યાને રાખીને સ્થાનિક નાગરિકો અને પ્રકૃતિ પ્રેમીઓએ વન વિભાગના ઉચ્ચ અધિકારીઓ પાસે તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ કરી છે. રજૂઆત કરવામાં આવી છે કે વન વિભાગ દ્વારા તાકીદે ટેન્કરો મારફતે આ તમામ ખાલી હવાડાઓને પાણીથી ભરી દેવામાં આવે, જેથી અબોલ વન્યજીવોને જંગલ છોડીને ગામડાઓ તરફ આવવું ન પડે. હવે જોવાનું એ રહે છે કે વન વિભાગ આ મૂંગા પ્રાણીઓની વહારે ક્યારે આવે છે.

સમસ્યા: ચેથાપુર જંગલમાં વન્યજીવો માટેના હવાડા ખાલીખમ, પ્રાણીઓ પાણી માટે તરસ્યા.

મુખ્ય ભય: પાણીની શોધમાં રીંછ અને દીપડા જેવા હિંસક પ્રાણીઓ રહેણાંક વિસ્તારમાં આવી શકે છે.

માંગ: વન વિભાગ દ્વારા તાત્કાલિક ટેન્કર મારફતે જંગલના હવાડા ભરવામાં આવે.

## માણસાના અનોડિયામાં પાર્કિંગ મુદ્દે ઝઘડો : લાકડી-પાઈપથી હુમલો

બે ઈજાગ્રસ્તને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા

ગાંધીનગર

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના અનોડિયા ગામે ગાડી પાર્ક કરવા બાબતે થયેલા ઝઘડાએ હિંસક સ્વરૂપ ધારણ કર્યું હતું. લાકડીઓ અને પાઈપો વડે થયેલા હુમલામાં બે વ્યક્તિઓ ઘાયલ થયા હતા, જેમને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. આ મામલે પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, અનોડિયા ગામના બળદેવસિંહ બાદરસિંહ રાઠોડ તેમના ખેતરમાં ભૂંડના ત્રાસને કારણે રાત્રે પોતાની ગાડી લઈને કેનાલ પાસે આવેલા ખેતરમાં જોવા ગયા હતા. તેમની સાથે અમરસિંહ તેજુસિંહ રાઠોડ અને તેમના ભત્રીજા રાજપાલસિંહ પણ ગાડીમાં હતા. તેમણે દર્શન આશ્રમ પાસે કેનાલ પર રોડ પર ગાડી ઊભી રાખી હતી.

તે સમયે સાહિલસિંહ રંગુસિંહ રાઠોડ પોતાની ગાડી લઈને આવ્યા અને તેમણે પાર્ક કરેલી ગાડીને ટક્કર મારી હતી, જેના કારણે ગાડીના આગળના ભાગને નુકસાન થયું હતું. ગાડી કેનાલમાં ખાબકી જાય તેવી સ્થિતિ સર્જાતા રાજપાલસિંહે તેને કાબૂમાં લીધી હતી.

ટક્કર બાદ ગાડીમાંથી સાહિલસિંહ અને સાવનસિંહ નામના બે ઈસમો નીચે ઉતર્યા હતા. તેમણે ગાડી રસ્તા વચ્ચે કેમ મૂકી છે તેમ કહીને ધોકા વડે હુમલો કર્યો હતો અને બળદેવસિંહના હાથના ભાગે ધોકો ફટકાર્યો હતો.

આ ઝઘડા દરમિયાન ફોન કરતાં સાહિલસિંહના પિતા રંગુસિંહ અને કાકા ગુલાબસિંહ પણ બાઈક લઈને ત્યાં આવી પહોંચ્યા હતા. તેમણે પણ પાઈપ અને લાકડી વડે માર મારતાં બળદેવસિંહને કપાળે ઈજા પહોંચી હતી.

આ દરમિયાન અમરસિંહ અને રાજપાલસિંહે વચ્ચે પડીને બળદેવસિંહને વધુ મારથી બચાવ્યા હતા.

## જામકંડોરણાના જસાપરમાં વૃદ્ધાની નજર ચુકવી સોનાના બુટિયાની સ્નેચિંગ કરનાર બે શખ્સોને LCBએ દબોચી લીધા

ગુજરાતથી રાજસ્થાન સુધી કનેક્શન: 20 દિવસ પહેલા રાજસ્થાનના જોધપુરમાં પણ ચોરી કર્યાની કબૂલાત

રાજકોટ

રાજકોટ ગ્રામ્ય વિસ્તારના જામકંડોરણા પોલીસ સ્ટેશન હેઠળ આવતા જસાપર ગામે એક વૃદ્ધ મહિલાના ઘરમાં સોનાના દાગીના સાફ કરવાના બહાને પ્રવેશી, નજર ચૂકવી કાનના બુટીયા આંચકી (સ્નેચિંગ) નાસી જવાની ઘટના બની હતી. આ ગુનાનો ભેદ ઉકેલવામાં રાજકોટ ગ્રામ્ય લોકલ ક્રાઈમ બ્રાન્ચને મોટી સફળતા મળી છે.

રાજકોટ જિલ્લા પોલીસ વડા વિજય સિંહ ગુર્જર ના માર્ગદર્શન હેઠળ મિલકત સંબંધી ગુનાઓ શોધવા માટે ખાસ સૂચના આપવામાં આવી હતી. જેના આધારે એલસીબી ની ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન



ટેકનિકલ સોર્સ અને ખાનગી બાતમીદારોની ચોક્કસ હકીકતને આધારે ખજુરડા ગામના પાટીયા પાસેથી ચોરીના મુદ્દામાલ સાથે બે પરપ્રાંતિય આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યા છે.પકડાયેલા આરોપીઓની પૂછપરછ કરતા તેઓએ આ ગુનાની કબૂલાત કરી છે.

પકડાયેલા આરોપીઓમાં (૧) પ્રહલાદકુમાર વીલક્ષણસિંહ ભોય (રહે. ગૌરી રહે શ્રીપુર ગામ, આમઘટા ટોલા, તા. નવગોછીયા, જી. ભાગલપુર, રાજ્ય બિહાર) અને (૨) દુર્ગેશકુમાર કારેલાલ ઠાકુર (રહે. વાંઝદ રહે જમુનીયા, પોસ્ટ તુલશીપુર, તા. નવગોછીયા, જી. ભાગલપુર, રાજ્ય બિહાર) નો સમાવેશ થાય છે.

પોલીસે આરોપીઓ પાસેથી સોનાની બુટી નંગ-૨ (કિંમત રૂ. ૩૫,૦૦૦) મોટરસાયકલ નંગ-૧ (કિંમત રૂ. ૩૦,૦૦૦), મોબાઈલ નંગ-૨ તેમજ ડિજિટલ વજન કાંટો, પ્લાસ્ટિકના બાઉલ, અલગ-અલગ લિક્વિડની બોટલો, ઘસી અને કાળા કલરની સોલ્ડર બેગ સહિત કુલ રૂપિયા ૭૫,૫૫૦ નો મુદ્દામાલ કબજે કર્યો છે. આ કામગીરીમાં પીઆઈ જે.પી.રાવ, પીએસઆઈ કે.એમ. ચાવડા, એચ.સી.ગોહિલ, આર.વી.ભીમાણી, પી. એન.ભરવાડ તથા એએસઆઈ બાલકૃષ્ણભાઈ ત્રિવેદી અને અનીલભાઈ બળકોદીયા, મેહુલભાઈ સુવા, હેડ.કોન્સ અરવિંદસિંહ જાડેજા, નિલેશભાઈ ડાંગર, કૌશીકભાઈ જોષી, ભાવેશભાઈ મકવાણા, વિજયભાઈ શિહરા, શક્તિસિંહ જાડેજા, ઈશિતભાઈ માણાવદરીયા, નિકુંજભાઈ સુતરીયા, અઝીમભાઈ સમા, અબ્દુલભાઈ શેખ સહિતના સ્ટાફે મહત્વની ભૂમિકા ભજવી હતી.

## વાઘોડિયા ખંધારોડ પર અભરામ પાર્ક રોડ પર ગાડી રીવેસ મારતા વરસાદી કોસ બેસી ગયો

વાઘોડિયા, યુનુસ ઘાંચી

વાઘોડિયા ખંધા રોડ પર અભરમપાર્ક વોર્ડ નંબર 2 માં છેલ્લા એક મહિનાથી વરસાદી કોસમાં ભૂવો પડેલ છે એની જાન લેખિતમાં રહીશોએ નગરપાલિકામાં અરજી કરેલ છે.

છેલ્લા પાંચ છ દિવસ પછી નગરપાલિકાએ મુખિતમાં રહીશો ને જણાવ્યું આ વરસાદી કોષ અમારી નગરપાલિકામાં આવતું નથી આ કોષ આર એન ડી માં લાગે છે.

રહીશોએ આર એન ડી ના અધિકારીએ એવું જણાવ્યું અમારી અંદર આવતું નથી તો આ કોષ કોની અંદર આવે છે જલદી જલ આ કોષનું નિરાકરણ આવે એવી રહીશુ ની રજૂઆત છે.

વરસાદની તૈયારી છે થોડાક દિવસમાં વરસાદનું પાની ભરાઈ જાય અને આ વરસાદી કોષમાં નાનું બાળક કે કોઈ બાઈક ચાલક અંદર પડી જાય એને જાનહાની થાય એનો જવાબદાર કયા અધિકારી ની રહેશે જે લાગતા વારતા અધિકારી જલ થી જલ આ નિરાકરણ લાવે એવી રહીશો ની માંગ છે.

## તંત્ર ક્યારે જાગશે? ડભોઇ સરિતા ઓવરબ્રિજ પર રેતીના સામ્રાજ્યથી અકસ્માતનો ભારે ભય

ડભોઇ

ડભોઈનો સરિતા ઓવરબ્રિજ જ્યારથી બન્યો છે, ત્યારથી જ કોઈને કોઈ કારણોસર વિવાદોમાં રહ્યો છે. હાલમાં આ ઓવરબ્રિજની બંને સાઈડ પર રેતીના મોટા-મોટા ઢગલા જામી ગયા છે, જે વાહનચાલકો માટે મોતનું ખુલ્લું આમંત્રણ સાબિત થઈ રહ્યા છે. બ્રિજ પર પથરાયેલી આ રેતીના કારણે ટુ-વ્હીલર ચાલકોના વાહનો સ્લિપ થઈ રહ્યા છે, જેના લીધે અહીં રોજબરોજ નાના-મોટા અકસ્માતો સર્જાવા એ સામાન્ય બાબત બની ગઈ છે.



નોંધનીય છે કે આ ઓવરબ્રિજ કોઈ સામાન્ય માર્ગ નથી. વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' તરફ જતો આ મુખ્ય માર્ગ છે. આ ઉપરાંત સુપ્રસિદ્ધ યાત્રાધામ ચાણોદ, કરનાળી, રાજપીપળા અને વઢવાણા પક્ષી અભયારણ્ય જેવા પ્રવાસી સ્થળોએ જવા માટે પણ આ જ ઓવરબ્રિજનો ઉપયોગ થાય છે. આ રૂટ પરથી દરરોજ હજારો સ્થાનિક વાહનો તેમજ દેશ-વિદેશથી આવતા પ્રવાસીઓ પસાર થાય છે. આવા મહત્વપૂર્ણ હાઈવે પર બ્રિજની બંને બાજુ રેતીના ઢગલા હોવા છતાં જવાબદાર તંત્ર આંખ આડા કાન કરીને બેઠું છે. જો સમય રહેતા આ રેતીના ઢગલા દૂર કરવામાં નહીં આવે, તો કોઈ મોટો જીવલેણ અકસ્માત સર્જાઈ શકે છે. સ્થાનિક નાગરિકો અને વાહનચાલકોમાં તંત્ર સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. અકસ્માતમાં કોઈ નિર્દોષ વ્યક્તિ પોતાનો જીવ ગુમાવે તે પહેલાં સંબંધિત વિભાગના અધિકારીઓ ઘોર નિદ્રામાંથી જાગે અને તાકીદે સફાઈ કામગીરી હાથ ધરે તેવી લોકમાંગ ઉઠી છે. હવે જોવાનું એ રહ્યું કે તંત્ર આ ગંભીર સમસ્યાને કેટલી ગંભીરતાથી લે છે અને વાહનચાલકોને આ ભયમાંથી ક્યારે મુક્તિ અપાવે છે.

સમસ્યા: સરિતા ઓવરબ્રિજની બંને સાઈડ પર રેતીના ઢગલા, બાઈક સ્લિપ થતાં અકસ્માતનો ભય.

મહત્વ: સ્ટેચ્યુ ઓફ યુનિટી, ચાણોદ, કરનાળી અને રાજપીપળા જતો મુખ્ય હાઈવે.

માંગ: કોઈ મોટી જાનહાનિ થાય તે પહેલાં જવાબદાર અધિકારીઓ દ્વારા તાકીદે સફાઈ કરવામાં આવે.

### આપઘાતનું કારણ અકબંધ

## બહિયલ કેનાલમાંથી કોહવાયેલા ભાભી અને નણંદની વિકૃત હાલતમાં મળી આવ્યા મૃતદેહ મળ્યા

ગાંધીનગર

ગાંધીનગરના દહેગામ તાલુકામાં આવેલી બહિયલ નર્મદા કેનાલમાંથી ગઈકાલે રહસ્યમય સંજોગોમાં 18 વર્ષીય ભાભી અને 13 વર્ષીય નણંદની વિકૃત હાલતમાં લાશ મળી આવતા સમગ્ર પંથકમાં ભારે સનસનાટી મચી ગઈ છે. આ બંને મૃતક યુવતીઓ ખેડા જિલ્લાના કઠલાલ તાલુકાની હોવાનું સામે આવ્યું છે. જેઓ સંબંધમાં કુટુંબી નણંદ ભાભી થતી હતી અને આપઘાત સમયે બંનેએ એક સરખો જ ડ્રેસ પહેરેલો હતો. આ મામલે દહેગામ પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધ્યો છે.

આ સમગ્ર ઘટનાની ચોંકાવનારી વિગત એવી છે કે, બંનેની લાશો કેનાલના પાણીમાંથી એકબીજા સાથે કમરે દુપટો બાંધેલી હાલતમાં મળી આવી હતી. આ ઘટનાને પગલે સ્થાનિક લોકોમાં ભારે આશ્ચર્ય સાથે અનેક તર્કવિતર્કો વહેતા થયા છે. પતિએ પોલીસ મથકે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગત 11મી તારીખની રાત્રે તેની 18 વર્ષીય પત્ની અને તેની 13 વર્ષની પિતરાઈ બહેન અચાનક કોઈને કહ્યા વિના ઘરેથી નીકળી ગયા હતા. રાત્રિના સમયે બંને યુવતીઓ ગુમ થતાં પરિવારજનો ભારે ચિંતામાં મુકાયા હતા અને આસપાસના વિસ્તારોમાં તેમજ સગા સંબંધીઓને ત્યાં ભારે શોધખોળ હાથ ધરી હતી. બીજા દિવસે સવારે પણ પરિવારે છેક ગાંધીનગર સુધી તપાસ ચાલુ રાખી હતી. આ દરમિયાન બપોરના અરસામાં બહિયલ કેનાલમાંથી બે અજાણી સ્ત્રીની લાશ મળ્યા હોવાની જાણ થતાં પતિ અને તેમનો પરિવાર તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો. ત્યારે ત્યાં જઈને જોતા જ પરિવારના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. કારણ કે કેનાલના પાણીમાં તરતા બંને મૃતદેહો અન્ય કોઈના નહીં પણ નણંદ ભાભીના જ હતા. આ ચકચારી ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને સ્થાનિક તરવૈયાઓની મદદથી બંને લાશોને કેનાલની બહાર કાઢવામાં આવી હતી.

પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે, બંને યુવતીઓએ એક સરખો ડ્રેસ પહેરીને કમરના ભાગે એકબીજા સાથે મજબૂત રીતે બાંધીને કેનાલના ઊંડા પાણીમાં ઝંપલાવ્યું હતું. આ ઘટના બાદ એવી ચર્ચાએ ભારે જોર પકડ્યું છે કે કુટુંબી ભાભી અને સગીર નણંદ વચ્ચે લેસ્બિયન સંબંધો હોઈ શકે છે અને કદાચ આ અસામાન્ય સંબંધોને સમાજ કે પરિવાર સ્વીકારશે નહીં તેવા ડર અથવા અન્ય કોઈ સામાજિક દબાણ હેઠળ આવીને બંનેએ આ અંતિમ પગલું ભર્યું હોવાની આશંકા સેવાઈ રહી છે.

આ મામલે પોલીસના વિશ્વસનીય સૂત્રો કહ્યું કે, આ સંવેદનશીલ મામલે બંને યુવતીઓના પરિવારજનો અને પિયર પક્ષના લોકોના વિગતવાર નિવેદનો નોંધ્યા છે. પરિવારના સભ્યો દ્વારા હાલમાં એકબીજા સામે કે અન્ય કોઈ વ્યક્તિ સામે કોઈ પ્રકારના આક્ષેપો કે શંકાઓ વ્યક્ત કરવામાં આવી નથી.

### બળજબરીપૂર્વક સંબંધ બાંધવા મજબૂર કરતો હોવાનો પણ આક્ષેપ

## પાર્શ્વનાથ એટલાન્ટિસ પાર્કમાં પરિણીતા પર શારીરિક-માનસિક ત્રાસ: ' તેં AC કેમ ચાલુ કર્યું?' કહી પતિએ પત્નીને ઢોર માર માર્યો

ગાંધીનગર

ગાંધીનગરના સુઘડ વિસ્તારમાં આવેલા એક પોશ ફ્લેટમાં ઘરેલું હિંસાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. માત્ર રૂમમાં એરકન્ડિશનર (AC) ચાલુ કરવા જેવી સામાન્ય બાબતમાં ઉશ્કેરાઈ જઈને પતિએ પોતાની 46 વર્ષીય પત્નીને બેરહેમીપૂર્વક ઢોર માર માર્યો છે. આટલું જ નહીં, ભોગ બનનાર પરિણીતાએ પતિ વિરુદ્ધ તેની મરજી વિરૂદ્ધ બળજબરીપૂર્વક અમાનવીય શારીરિક સંબંધ બાંધવા મજબૂર કરતો હોવાનો પણ ગંભીર આક્ષેપ કર્યો છે. આ મામલે પરિણીતાએ અડાલજ પોલીસ મથકમાં ગુનો નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ ફરિયાદ અનુસાર, સુઘડ અગોરા મોલની બાજુમાં આવેલા પાર્શ્વનાથ એટલાન્ટિસ પાર્કના ઓર્ચિડ ફ્લેટ (એલ-204)માં રહેતા અરુણાબેન પંચાલ (ઉં.વ. 46) ના પ્રથમ લગ્ન વર્ષ 2005માં થયા હતા પરંતુ, વર્ષ 2023માં તેમના પ્રથમ પતિનું અવસાન થયું હતું.




ત્યારબાદ ગત 4 જુલાઈ, 2025ના રોજ તેમણે 56 વર્ષીય મુકેશભાઈ હીરાલાલ પંચાલ સાથે હિન્દુ વિધિથી આર્ય સમાજમાં બીજા લગ્ન કર્યા હતા. લગ્ન બાદ અરુણાબેન પોતાની 20 વર્ષની દીકરી ખુશી સાથે મુકેશભાઈના ઘરે રહેવા આવ્યા હતા.

લગ્નના થોડા જ સમયમાં પતિ મુકેશ પંચાલે પોતાનું અસલી સ્વરૂપ બતાવવાનું શરૂ કરી દીધું હતું. ઘરમાં પંખા અને એસી ચાલુ રાખવા જેવી બાબતોમાં તેમજ ઘરખર્ચ માટે પૂરતા પૈસા ન આપીને તે અવારનવાર પત્નીને માનસિક અને શારીરિક રીતે ટોર્ચર કરતો હતો. પરિણીતાએ આક્ષેપ કર્યો છે કે પતિ તેની ઈચ્છા વિરુદ્ધ અમાનવીય શારીરિક સંબંધ બાંધવા પણ દબાણ કરતો હતો.

ગત 13 જૂનના રોજ સાંજના ચારેક વાગ્યે પતિ મુકેશ ઘરમાં ટીવી જોઈ રહ્યો હતો. તે સમયે અરુણાબેન ત્યાં બેસવા જતા જ પતિએ કકળાટ કરીને ટીવી અને પંખો બંધ કરી દીધા હતા. આથી અરુણાબેન પોતાના રૂમમાં જઈને એસી ચાલુ કરી સુઈ ગયા હતા. બાદમાં જ્યારે તેઓ જાગ્યા ત્યારે પતિ મુકેશે ઉશ્કેરાઈને પૂછ્યું હતું કે, 'તેં એસી કેમ ચાલુ કર્યું છે?' તેમ કહી ભારે હોબાળો મચાવી અરુણાબેનને બેરહેમીપૂર્વક માર મારવાનું શરૂ કર્યું હતું.

### સુરતમાં ડિમોલિશન પર રાજકીય ઘમાસાણ

## "16 દિવસથી ઉપર આભ ને નીચે ધરતી", કોંગ્રેસે લગાવ્યા પીડિતો ઉપર દબાણના ગંભીર આક્ષેપો..

સુરત

સુરત શહેરમાં ચાલી રહેલા ડિમોલિશનની કામગીરી હવે એક મોટા રાજકીય સંગ્રામમાં ફેરવાઈ ચૂકી છે. આ મકાન તોડવાની કાયદાકીય પ્રક્રિયા વચ્ચે પીડિત પરિવારોની સ્થિતિ અત્યંત દયનીય બની ગઈ છે. વિપક્ષ કોંગ્રેસે આ મામલે શાસક પક્ષ અને વહીવટી તંત્ર સામે મોરચો ખોલતા અત્યંત આકરા પ્રહારો કર્યા છે. કોંગ્રેસનો સીધો આક્ષેપ છે કે તંત્ર દ્વારા પોતાની બર્બરતા છુપાવવા માટે પીડિતો પર 'સ્વૈચ્છિક ડિમોલિશન' (પોતાની મરજીથી મકાન તોડ્યા હોવાનું) સાબિત કરવા માટે માનસિક દબાણ બનાવવામાં આવી રહ્યું છે.

પ્રભાવિત વિસ્તારોના મુલાકાત બાદ કોંગ્રેસના નેતાઓએ સરકારની નીતિઓ પર આક્રોશ ઠાલવતા કહ્યું કે, છેલ્લા ૧૬-૧૬ દિવસથી સ્થાનિક રહીશો 'ઉપર આભ અને નીચે ધરતી' સિવાય કોઈ વિકલ્પ વિના ખુલ્લા આકાશ નીચે રહેવા મજબૂર બન્યા છે. નાના બાળકો અને મહિલાઓ આ આકરી ગરમીમાં રઝળી પડ્યા છે. કોંગ્રેસે સવાલ ઉઠાવ્યો છે કે, જો આ વિકાસ છે તો વિનાશ કોને કહેવાય? કોઈ પણ વૈકલ્પિક વ્યવસ્થા કર્યા વિના વર્ષોથી રહેતા પરિવારોના આશરા છીનવી લેવા તે ક્યાંનો ન્યાય છે?

આ સમગ્ર વિવાદમાં ત્યારે એક નવો વળાંક આવ્યો જ્યારે સુરતના એક સ્થાનિક સાયકલવાળા ભાઈએ કેમેરા સામે આવીને સનસનાટીભર્યો ખુલાસો કર્યો. તેમના જણાવ્યા અનુસાર, ગરીબ અને મધ્યમ વર્ગના લોકો આ ડિમોલિશનનો વિરોધ ન કરે અને તંત્ર સામે અવાજ ન ઉઠાવે તે માટે તેમને અંદરખાને વિવિધ પ્રકારના આર્થિક પ્રલોભનો અને લાલચો આપવામાં આવી રહી છે. લોકોને સેટલમેન્ટ કરવા માટે દબાણ કરવામાં આવી રહ્યું છે જેથી મીડિયા અને કોર્ટ સામે એવું ચિત્ર ઊભું કરી શકાય કે લોકો પોતાની મરજીથી ઘર ખાલી કરી રહ્યા છે.

### પતિએ પત્ની વિરુદ્ધમાં ફરિયાદ નોંધાવી

## કલોલના શેરીસા નર્મદા કેનાલમાં માતાએ બે દીકરા સાથે કેનાલમાં ઝંપલાવ્યું : મોટા પુત્રનું કરૂણ મોત થયું

ગાંધીનગર

ગાંધીનગરના કલોલ તાલુકાના શેરીસા નર્મદા મુખ્ય કેનાલ પર જે ઘટના બની તેણે માનવતા અને માતૃત્વ બંનેને લજવી દીધા છે. ઘરની બહાર માત્ર ઊભું પોતું મૂકવા જેવી તદ્દન મામૂલી બાબતે દાદી સાસુએ આપેલા ઠપકાથી લાગી આવતા 24 વર્ષની પરિણીતાએ પોતાના જ બે માસૂમ પુત્રોને કેનાલના ધસમસતા પાણીમાં મોતના મુખમાં ધકેલી દીધા હોવાની હૃદયદ્રાવક વિગતો બહાર આવી છે. આ આપઘાતના પ્રયાસમાં 6 વર્ષના નિર્દોષ બાળકનું કરૂણ મોત નીપજ્યું છે, જ્યારે સ્થાનિક લોકોની સતર્કતાથી 8 માસના બાળક અને માતાનો જીવ બચી ગયો છે. ઘરમાં વાસણ ખખડે કે સામાન્ય બોલાચાલી થાય તે સંસારનો નિયમ છે. પરંતુ ઘર કંકાસમાં આવેશમાં આવી બે વ્હાલસોયા સંતાનો સાથે કેનાલમાં પડતું મૂકનાર નિષ્ઠુર માતાની કાળજું કંપાવતી કરતૂત સાંતેજ પોલીસ મથકના ચોપડે નોંધાઈ છે. આ સમગ્ર ઘટનાની વિગત એવી છે કે, સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના તાજપુર કુઈ ગામમાં વેરાઈ માતાના વાસમાં રહેતા અને ઓસ્ટ્રેલીયન પ્રિમીયમ સોલર કંપનીમાં બેક સીટ ઓપરેટર તરીકે ખાનગી નોકરી કરતા કિસ્મતભાઈ રોહિતસિંહ રાઠોડના લગ્ન 2014માં મહેસાણા જિલ્લાના રામપરા (મુલસણ) ગામના દલપતજી ઠાકોરની 24 વર્ષીય પુત્રી કાજલબેન સાથે થયા હતા. આ લગ્નજીવન દરમિયાન તેમને સંતાનમાં બે દીકરા સાત્વીક (ઉં.વ. 6) અને યક્ષિત (ઉં.વ. 18 માસ) હતા. ગત 11 જૂનના રોજ સવારના સમયે ઘરની બહાર ઊભું પોતું મૂકવા બાબતે કિસ્મતભાઈના દાદી ડાહીબેન ચુંથાજી રાઠોડે પૌત્રવધૂ કાજલબેનને ઠપકો આપ્યો હતો. આ સામાન્ય બાબતે દાદી સાસુ સાથે બોલાચાલી થતાં કાજલબેનને માઠું લાગી આવ્યું હતું અને તેણે પતિને ફોન પર 'હું બંને દીકરાઓ સાથે મરી જવા નીકળી છું' તેમ કહી દીધું હતું.

જેના પગલે કિસ્મતભાઈ નોકરી પરથી તાત્કાલિક પત્નીને શોધવા નીકળી સતત ફોન પર વાત ચાલુ રાખી હતી, પરંતુ થોડીવારમાં કાજલે ફોન કાપી નાખ્યો હતો. સાંજના આશરે સાતેક વાગ્યે કિસ્મતભાઈએ ફરીથી પત્નીના મોબાઈલ પર ફોન કરતાં કોઈ અજાણ્યા વ્યક્તિએ ફોન ઉપાડ્યો હતો અને જણાવ્યું હતું કે આ ફોનવાળા બેન શેરીસા કેનાલની પાળી પર મોબાઈલ મૂકીને પોતાના બે દીકરા સાથે નર્મદા કેનાલના ધસમસતા પ્રવાહમાં કૂદી પડ્યા છે.

### સમગ્ર ઘટનાના CCTV ફૂટેજ સામે આવ્યા

## કિસાન મોરચાના મહામંત્રી પ્રકાશ પરમાર પર જીવલેણ હુમલો કરાયો

નડિયાદ

નડિયાદ શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સામે સવાલો ઊભા કરતી એક સનસનાટીભરી ઘટના સામે આવી છે. નડિયાદની વ્યસ્ત ગણાતી ડી-માર્ટ ચોકડી પાસે એક ટોળા દ્વારા નડિયાદ શહેર ભાજપ કિસાન મોરચાના મહામંત્રી પ્રકાશ પરમાર પર જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો. આ સમગ્ર હિંસક ઘટનાના સીસીટીવી (CCTV) ફૂટેજ હવે બહાર આવ્યા છે, જેને જોઈને સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. મળતી માહિતી મુજબ, ભાજપ અગ્રણી પ્રકાશ પરમાર જ્યારે ડી-માર્ટ ચોકડી પાસેથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે અચાનક ધસી આવેલા અસામાજિક તત્વોના એક મોટા ટોળાએ તેમને ઘેરી લીધા હતા. ટોળામાં સામેલ શખ્સોએ કોઈ પણ ડર વગર તેમના પર લાકડીઓ અને અન્ય હથિયારો વડે તૂટી પડીને લોહીલુહાણ કરી નાખ્યા હતા. સીસીટીવી ફૂટેજમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે હુમલાખોરો કેટલા બેખોફ બનીને આ હુમલાને અંજામ આપી રહ્યા હતા. આસપાસ લોકોની હાજરી હોવા છતાં હુમલાખોરોએ નિર્ભય બનીને આતંક મચાવ્યો હતો.

જાહેરમાં બનેલી આ ઘટનાને પગલે સ્થાનિક રાજકારણમાં અને ભાજપ સંગઠનમાં ભારે ખળભળાટ મચી ગયો છે. ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા પ્રકાશ પરમારને તાત્કાલિક ધોરણે સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. હુમલો કયા કારણોસર કરવામાં આવ્યો, તે હજી સુધી સત્તાવાર રીતે જાણી શકાયું નથી. પરંતુ, આ પ્રકારે ભાજપના એક પદાધિકારી પર જાહેર રસ્તા પર થયેલા હુમલાથી સ્થાનિક રહીશોમાં પણ ભયનો માહોલ છે.


ઘટનાની જાણ થતાં જ પોલીસ કાફલો ઘટનાસ્થળે અને હોસ્પિટલ દોડી ગયો હતો. પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે હુમલાખોરોની ઓળખ મેળવવાની તજવીજ શરૂ કરી છે.

## તંત્રી લેખ...

# જીવનનું અઘરું વ્યાકરણ: મન ફાવે ત્યારે ચિહ્નો બદલતી જિંદગી

જિંદગીનું વ્યાકરણ કોઈ શાળા કે કોલેજના પાઠ્યપુસ્તકો જેવું સરળ નથી હોતું. ભાષાના વ્યાકરણમાં તો નિયમો હોય છે કે ક્યાં અટકવું અને ક્યાં પ્રશ્ન પૂછવો, પરંતુ જિંદગીના વ્યાકરણના નિયમો કુદરત પોતાના હાથે લખે છે. કોઈકે બહુ સુંદર લખ્યું છે: "મન ફાવે ત્યારે પૂર્ણવિરામ, અલ્પવિરામ, ઉદ્ગારચિહ્ન મૂકી દે છે જિંદગી... બહુ અઘરું વ્યાકરણ છે તારું..." આ પંક્તિઓ માત્ર શબ્દો નથી, પણ પૃથ્વી પર જીવતા પ્રત્યેક મનુષ્યના સંઘર્ષ, આશા અને અણધારી પરિસ્થિતિઓનો આબેહૂબ ચિતાર છે.

અલ્પવિરામ ( , ): જ્યારે જિંદગી થોભવા મજબૂર કરે છે




આપણે જ્યારે સફળતાની દોડમાં આંધાધૂંધ દોડતા હોઈએ, ભવિષ્યના મોટા-મોટા આયોજનો કરી રહ્યા હોઈએ, ત્યારે અચાનક જિંદગી એક 'અલ્પવિરામ' મૂકી દે છે. કોઈ આર્થિક ફટકો, કોઈ અંગત સંબંધોમાં ખટાશ કે અચાનક આવી પડેલી નાદુરસ્ત તબિયત–આ બધું જિંદગીનું અલ્પવિરામ છે. આ ચિહ્ન આપણને પુરી રીતે રોકતું નથી, પણ એ સંકેત આપે છે કે 'થોડીવાર થોભો, શ્વાસ લો અને ફરીથી શરૂ કરો.' જિંદગીમાં આવતા આ વિરામ આપણને આપણી ભૂલો સુધારવાની અને નવી દિશામાં વિચારવાની તક આપે છે.

ઉદ્ગારચિહ્ન ( ! ): અણધાર્યા આંચકા અને અદભુત આશ્ચર્ય

જિંદગી ક્યારેય એકધારી સીધી રેખામાં ચાલતી નથી. એમાં ક્યારેક એટલી ખુશી મળી જાય છે કે આપણી આંખો હર્ષથી ભરાઈ આવે, તો ક્યારેક એવો આઘાત લાગે છે કે માણસ સ્તબ્ધ થઈ જાય છે. જ્યારે બધું બરાબર ચાલતું હોય અને અચાનક કોઈ વળાંક આવે, ત્યારે જિંદગી 'ઉદ્ગારચિહ્ન' બની જાય છે. કોઈ નજીકની વ્યક્તિની અણધારી વિદાય કે પછી કોઈ ન ધારેલી મોટી સફળતા, આ બધું જિંદગીના એવા પાના છે જેના પર કુદરત આશ્ચર્યચિહ્ન અંકિત કરી દે છે. આ ચિહ્ન આપણને અહેસાસ કરાવે છે કે ભલે આયોજન ગમે તેટલું પાકું હોય, પણ આખરી નિર્ણય સમયનો જ રહેશે.

પૂર્ણવિરામ ( . ): અંત નથી, પણ નવી શરૂઆતનો સંકેત

સૌથી અઘરું ચિહ્ન છે 'પૂર્ણવિરામ'. જ્યારે કોઈ લાંબો સંબંધ તૂટી જાય, કોઈ સપનું અધૂરું રહી જાય કે કોઈ મોટો વેપાર ઠપ્પ થઈ જાય, ત્યારે આપણને લાગે છે કે બધું જ સંપાઈ ગયું. જિંદગી એ સ્થાને પૂર્ણવિરામ મૂકી દે છે. માણસ હારીને બેસી જાય છે. પરંતુ, જિંદગીના વ્યાકરણની આ જ તો ખાસિયત છે–એક વાક્યનું પૂર્ણવિરામ એ બીજા નવા અને સુંદર વાક્યની શરૂઆતનો સત્તાવાર પ્રારંભ હોય છે. જ્યાં એક રસ્તો બંધ થાય છે, ત્યાંથી જ નવો રાહ શરૂ થાય છે.

અંતે... વ્યાકરણ અઘરું છે, પણ જીવવું અદભુત છે

જિંદગીના આ અઘરા વ્યાકરણથી ગભરાવાની જરૂર નથી. ચિહ્નો ભલે ગમે ત્યારે બદલાય, પણ કલમ (આપણી હિંમત) આપણા હાથમાં હોવી જોઈએ. જો જિંદગી અલ્પવિરામ મૂકે તો થાક ઉતારી લો, જો ઉદ્ગારચિહ્ન મૂકે તો પરિસ્થિતિ સ્વીકારી લો અને જો પૂર્ણવિરામ મૂકે તો એક નવો અધ્યાય લખવાની તૈયારી કરો. જિંદગીના આ વ્યાકરણને જે સમજી જાય છે, એ જ સાચો સિકંદર બને છે.

વિચારબિંદુ: જિંદગી ક્યારેય તમારા પ્લાન પ્રમાણે નથી ચાલતી, તે પોતાના નિયમો જાતે નક્કી કરે છે.

સંદેશ: દરેક વિરામ કે આંચકાને અંત ન સમજતા, તેને જિંદગીના પુસ્તકનું માત્ર એક નવું પાનું સમજો.

**- ગ્રુપ એડિટર પવન માકન**

# શરીરસુખ અને પ્રેમસુખ વચ્ચેની ભેદરેખા: આકર્ષણની ક્ષણિકતા કે લાગણીની અમરતા?



આજના આધુનિક અને અતિ ઝડપી યુગમાં માનવીય સંબંધોની વ્યાખ્યાઓ પણ બદલાઈ રહી છે. પ્રેમ, આકર્ષણ, સમર્પણ અને શારીરિક સંબંધો વચ્ચેની રેખાઓ એટલી ધૂંધળી થઈ ગઈ છે કે ઘણી વ્યક્તિઓ માટે પ્રેમસુખ અને શરીરસુખ વચ્ચેનો વાસ્તવિક તફાવત સમજવો મુશ્કેલ બની ગયો છે. પ્રેમ હોય ત્યાં લાગણી, આકર્ષણ અને સમાગમ–દરેક બાબત સ્વાભાવિક રીતે વણાયેલી હોય છે. પરંતુ સવાલ એ છે કે, આજના સમયમાં લોકો જ્યારે એકબીજા તરફ ખેંચાય છે, ત્યારે તેઓ માત્ર ક્ષણિક શરીરસુખ માટે જોડાયા છે કે શરીરસુખના માધ્યમથી પરમ પ્રેમસુખ પ્રાપ્ત કરવા માંગે છે? આ ભેદરેખાને સમજવી અત્યંત અનિવાર્ય છે.

## શારીરિક આકર્ષણ (શરીરસુખ): જેની એક એક્સપાયરી ડેટ હોય છે

શારીરિક આકર્ષણ એ પ્રકૃતિનો નિયમ છે. કોઈની સુંદરતા, અવાજ કે વ્યક્તિત્વ જોઈને મનમાં આકર્ષણ જાગવું એ માત્ર હોર્મોન્સનો ખેલ હોઈ શકે છે. શરીરસુખ એ તરસ જેવું છે, જે એકવાર છિપાઈ ગયા પછી શાંત થઈ જાય છે. તે ક્ષણિક હોય છે. આજકાલ યુવા પેઢી ઘણીવાર આ શારીરિક આકર્ષણને જ 'પ્રેમ' માની લેવાની ભૂલ કરી બેસે છે. જ્યારે સંબંધનો પાયો માત્ર શરીર પર જ ટકેલો હોય, ત્યારે સમય જતાં એ આકર્ષણ ઓછું થતાં જ સંબંધોમાં કંટાળો અને નકારાત્મકતા આવવા લાગે છે. કારણ કે, શરીરની એક મર્યાદા છે અને તેની સુંદરતા કાયમી નથી.

## પ્રેમસુખ: જ્યાં આત્માનું જોડાણ છે

બીજી તરફ, પ્રેમસુખ એ શરીરથી ઘણું ઉપર આત્મા અને લાગણીઓનું જોડાણ છે. પ્રેમસુખમાં માત્ર એકબીજાના શરીરની ભૂખ નથી હોતી, પણ એકબીજાના સુખ-દુઃખમાં ભાગીદાર બનવાની, આદર આપવાની અને સામેની વ્યક્તિની ખામીઓ સાથે તેને સ્વીકારવાની ભાવના હોય છે. શરીરસુખમાં વ્યક્તિ પોતાની ઈચ્છાઓ સંતોષવાનો વિચાર કરે છે, જ્યારે પ્રેમસુખમાં સાથીદારની ખુશી અને તેની માનસિક શાંતિ સર્વોપરી હોય છે. પ્રેમ જ્યાં ગાઢ હોય છે, ત્યાં શારીરિક સંબંધ એ માત્ર વાસના સંતોષવાનું સાધન નહીં, પણ બે આત્માઓના મિલનની એક પવિત્ર અભિવ્યક્તિ બની જાય છે.

## લગ્નજીવનની વાસ્તવિકતા અને સમયની થપાટ

લગ્નબંધનમાં બંધાયેલી બે વ્યક્તિઓ શરૂઆતમાં એકબીજા પ્રત્યે અગાધ પ્રેમ અને તીવ્ર શારીરિક આકર્ષણ અનુભવતી હોય છે. આ બંને તત્વો જ્યારે સંતુલિત હોય, ત્યારે જ લગ્નજીવન પરિપૂર્ણ બને છે. પરંતુ, સમય વીતવાની સાથે જિંદગીની જવાબદારીઓ, સંતાનો અને રોજબરોજની ઘટમાળ વચ્ચે ઘણીવાર લાગણી અને રોમાંસ ઓગળવા લાગે છે. એક સમય એવો આવે છે જ્યારે માત્ર શારીરિક આકર્ષણ જ બચે છે, અને લાંબા ગાળે ઉંમર વધવાની સાથે એ શારીરિક આકર્ષણ પણ નહિવત્ બની જાય છે.

જે સંબંધોનો પાયો માત્ર આકર્ષણ પર હતો, તેવા સમયે ત્યાં ગંભીર તકલીફો, વિખવાદો અને એકલતા ઊભી થાય છે. પરંતુ, જે લગ્નજીવનમાં શરીરસુખથી આગળ વધીને 'પ્રેમસુખ' એટલે કે માનસિક અને ભાવનાત્મક મિલન સધાયું હોય, ત્યાં ઉંમરના કોઈ પણ તબક્કે કરચલીઓ પડેલા ચહેરામાં પણ સાથીદારને એ જ જૂનો પ્રેમ દેખાય છે.

## આખરે... સાચો સંબંધ કયો?

જો સંબંધમાં માત્ર શરીરસુખ જ કેન્દ્રસ્થાને હશે, તો આકર્ષણ ઘટતાની સાથે જ સંબંધનો અંત નિશ્ચિત છે. પરંતુ જો શરીરસુખ એ પ્રેમસુખ સુધી પહોંચવાનો એક માર્ગ માત્ર હોય, તો એ સંબંધ ક્યારેય વાસી થતો નથી. સંબંધોને જીવંત રાખવા માટે શરીરની સુંદરતા કરતાં મનની સુંદરતા અને પરસ્પરના વિશ્વાસને વધુ મજબૂત કરવો પડશે, તો જ જિંદગીના આખરી પડાવ સુધી સાચા પ્રેમસુખની અનુભૂતિ થઈ શકશે.

**વિચારબિંદુ: શરીરસુખ સમય સાથે ઓસરી જાય છે, પરંતુ ભાવનાત્મક જોડાણથી મળતું પ્રેમસુખ આજીવન અકબંધ રહે છે.**

**સંદેશ: લગ્નજીવનને લાંબુ અને સફળ બનાવવા માટે માત્ર શારીરિક આકર્ષણ પૂરતું નથી, તેમાં પરસ્પર આદર અને લાગણીનો પાયો હોવો જરૂરી છે.**

**- પાક્કો ગુજરાત ન્યૂઝ**

# ઈરાન સામેનું યુદ્ધ અમેરિકાને દેવાદાર બનાવી ગયું પણ ઈઝરાયલ કેમ અડીખમ? કારણ ચોંકાવનારું

ઈઝરાયલ, અમેરિકા અને ઈરાન વચ્ચેનું યુદ્ધ વિચિત્ર આંટીઘૂંટીમાં અટવાઈ ગયું છે. એક તરફ ત્રણેય દેશો એકબીજા ઉપર હુમલા કરતા રહે છે અને બીજી તરફ યુદ્ધ વિરામની અને શાંતિ મંત્રણાની વાતો પણ થતી રહે છે. તેમાંય ઈઝરાયલ તો લડી લેવાના જ મૂડમાં હોય છે. તે કેટલાય વર્ષોથી ગાઝા પટ્ટીમાં યુદ્ધ કરતું આવ્યું છે. હાલમાં પણ તે ગાઝા પટ્ટીમાં આ જ કરી રહ્યું છે. તેમાંય હવે ઈરાન સામે મોરચો માંડયો છે અને લેબેનોનમાં પણ હુમલા શરૂ કરી દીધા છે. ઈઝરાયલ શાંત થવામાં માનતું જ નથી. ઉલ્લેખનીય છે કે, દુનિયાના નકશામાં જોઈએ તો ઈઝરાયલ નાનકડી બિંદી જેવું દેખાય છે. તેના પાસે એટલા વિશાળ જમીન નથી, એટલા વ્યાપક સંસાધનો નથી, તેમ છતાં હથિયારો અને યુદ્ધની વાત આવે ત્યારે તે સુપરપાવરની જેમ લડે છે. આકારની વાત કરીએ તો ભારતના હરિયાણા કરતા પણ વિસ્તારની દ્રષ્ટિએ ઈઝરાયલ નાનું છે. તેમ છતાં લેબેનોન, ઈરાન સાથે કેટલાય વખતથી યુદ્ધ કરી રહ્યું છે. આશ્ચર્યની વાત એ છે કે, ઈઝરાયલ હાલમાં લેબેનોનમાં ઘુસીને હિઝબુલ્લા સાથે યુદ્ધ કરી રહ્યું છે તો બીજી તરફ ઈરાનની રાજધાની તેહરાન અને ઈસફહાન ઉપર સીધા હુમલા પણ કરી રહ્યું છે. આ સ્થિતિમાં સૌથી આશ્ચર્યજનક બાબત એ સામે આવે છે કે આ યુદ્ધમાં ઈરાન ખુવાર થઈ ગયું છે. અમેરિકાની આર્થિક સ્થિતિ પણ ડામાડોળ થઈ રહી છે. અમેરિકાએ અબજો ડોલર આ યુદ્ધ માટે ફુંકી દીધા છે અને તેના કારણે ત્યાં મંદીની સ્થિતિ ઊભી થઈ છે. આ બધા વચ્ચે ઈઝરાયલ હજી પણ મજબૂત અને મક્કમ છે. તેની પાસે એટલા બધા પૈસા ક્યાંથી આવે છે, શસ્ત્રો ક્યાંથી આવે છે કે તે કેવી રીતે આયોજનો કરે છે કે, આટલા બધા મોરચે એકસાથે યુદ્ધ લડી શકાય.

મહત્ત્વની વાત એ છે કે, ઈઝરાયલ જે રીતે અને જે સ્તરે યુદ્ધ લડે છે તેનો ખર્ચ ઘણો મોટો આવે છે. ઈઝરાયલનું જે આયર્ન ડોમ ડિફેન્સ સિસ્ટમ છે તે જ ખર્ચાળ છે. તેની એક ઈન્ટરસેપ્ટર મિસાઈલ છોડવાનો ખર્ચ 40 લાખની આસપાસ આવે છે. તાજેતરમાં જ ઈઝરાયલના નાણા મંત્રાલય અને બેન્ક ઓફ ઈઝરાયલ દ્વારા યુદ્ધ પાછળ થયેલા ખર્ચ અને અન્ય બાબતોના આંકડા જાહેર કરવામાં આવ્યા હતા. તેમાં જણાવાયું હતું કે, ઓક્ટોબર 2023થી એપ્રિલ 2026ના અંત સુધીમાં ઈઝરાયલને યુદ્ધ મોરચે 405 અબજ શેકેલ એટલે કે 138 અબજ રૂપિયાનો ખર્ચ થયો છે. ઈરાને આ વર્ષે જ ફેબ્રુઆરીથી એપ્રિલ દરમિયાન જ યુદ્ધ પાછળ 12 અબજ ડોલર ખર્ચી કાઢયા છે. જાણકારોના મતે તેની પાસે યુદ્ધ માટેના વિશેષ ભંડોળ હોય છે. આ ઉપરાંત નાણામંત્રાલય દ્વારા તેના માટે અલગથી ફાળવણી કરવામાં આવે છે. તેના કારણે ઈઝરાયલ આટલા વ્યાપક સ્તરે યુદ્ધ લડી શકે છે. ઈઝરાયલ પાસે પોતાના મજબૂત સેના છે. તેમની તાકાત ટકાવી રાખવા માટે ઈઝરાયલની સંસદ દ્વારા 2026માં માર્ચમાં દેશનું અત્યાર સુધીનું સૌથી મોટું બજેટ રજૂ કરવામાં આવ્યું હતું. ઈઝરાયલ દ્વારા 268 અબજ ડોલરના બજેટમાંથી 45 અબજ ડોલર માત્ર ડિફેન્સ માટે એલોટ કરવામાં આવ્યા હતા. ઈઝરાયલ દ્વારા પોતાના સંરક્ષણ અને ડિફેન્સ ટેકનોલોજી પાછળ ઘણું સંશોધન કરવામાં આવે છે. તેના માટે તે વ્યાપક પ્રમાણમાં ખર્ચ કરે છે. ઉલ્લેખનીય છે કે, ઈઝરાયલ જેવા નાનકડા દેશ પાસે આટલી મોટી રકમ લાવવી કે ખર્ચ કરવી તે નાની વાત નથી. તેની પાછળ ઈઝરાયલની રણનીતિ અને તેના કેટલાક વૈશ્વિક જોડાણો પણ કારણભૂત છે. સૌથી પહેલાં જોઈએ તો ઈઝરાયલને ડિફેન્સ સેક્ટરમાં અમેરિકા દ્વારા અઢળ મદદ કરવામાં આવે છે. દુનિયાભરના દેશોને ખબર છે કે, ઈઝરાયલને સૌથી વધુ મદદ અમેરિકા દ્વારા જ કરાયો છે. જાણકારોના મતે ઈઝરાયલના કુલ બજેટનો 20 ટકા હિસ્સો તો સીધો જ અમેરિકાની આર્થિક મદદ દ્વારા આવે છે. અમેરિકા અને ઈઝરાયલ વચ્ચે એક ઐતિહાસિક જોડાણ થયેલું છે જેના હેઠળ દર વર્ષે અમેરિકા તેને 4 અબજ ડોલરની આર્થિક સહાય કરે છે જે માત્ર સૈન્ય ખર્ચ માટે હોય છે. તે ઉપરાંત જ્યારે પણ યુદ્ધ થાય છે ત્યારે અમેરિકા તરત જ ઈઝરાયલને અબજો ડોલરનું વધારાનું ઈમર્જન્સી ફન્ડ આપવા લાગે છે. ઈઝરાયલ દ્વારા તેના થકી અમેરિકા પાસેથી જ એડવાન્સ વેપન્સ. વિમાન, મિસાઈલો અને અન્ય હથિયારો ખરીદવામાં આવે છે. બીજી વાત એવી છે કે, ઈઝરાયલ માત્ર અમેરિકાના જ ભરોસે રહેનારો દેશ નથી. ઈઝરાયલનું પોતાનું અર્થતંત્ર પણ મજબૂત સ્થિતિમાં છે. ઈઝરાયલને દુનિયાનો સ્ટાર્ટઅપ દેશ પણ કહેવાય છે. અમેરિકાના સિલિકોન વેલી બાદ દુનિયામાં સૌથી વધારે સ્ટાર્ટઅપ્સ ઈઝરાયલમાં જોવા મળે છે. અહીંયા ટેક સ્ટાર્ટઅપ્સની ભરમાર છે. ગુગલ, એપલ, માઈક્રોસોફ્ટ અને ઈન્ટેલ જેવા ટેક જાયન્ટના મોટા મોટા રિસર્ચ સેન્ટરો અને ડેટા સેટઅપ ઈઝરાયલમાં પણ આવેલા છે. ઈઝરાયલની માથાદિઠ આવક અંદાજે 70 હજાર ડોલર છે. નવાઈની વાત એ છે કે, યુરોપના તમામ ધનિક દેશોની માથાદિઠ આવક કરતા ઈઝરાયલની માથાદીઠ આવક વધારે છે. આવા તમામ હાઈનેટવર્થ નેટવર્ક દ્વારા ઈઝરાયલનો કરોડો ડોલર ટેક્સ મળતા રહે છે. તેના કારણે પણ તેની આવક વધારે છે અને યુદ્ધનો ખર્ચ ભોગવી શકે છે. જાણકારોના મતે ઈઝરાયલ પોતે વોર ટેકનોલોજીમાં પણ અવ્વલ દેશોમાં સ્થાન ધરાવે છે. ઈઝરાયલમાં આવેલી સરકારી અને ખાનગી હથિયાર કંપનીઓ દ્વારા સતત વિવિધ હથિયારોનું પ્રોડક્શન થતું જ રહે છે. તેના કારણે આ કંપનીઓ દ્વારા બનાવવામાં આવતા હથિયારો, તોપ, દારૂગોળા, ડ્રોન, મિસાઈલો કે પછી એર ડિફેન્સ સિસ્ટમ તેના પોતાના ઉપયોગમાં લેવા ઉપરાંત વિશ્વભરમાં તેનો વેપાર કરવામાં આવે છે. વિશ્વભરમાં ઈઝરાયલાના હથિયારોની સખત ડિમાન્ડ છે. તેના દ્વારા પણ ઈઝરાયલને વ્યાપક કમાણી થાય છે. તેણે આ રીતે હથિયારો કે તેના પૈસા માટે બીજા ઉપર આધારિત રહેવું પડતું નથી. નવાઈની વાત એ છે કે, અહીંયાની પ્રજા પોતે આર્થિક ભારણ સહન કરીને પોતાની સેનાને મદદ કરવા તૈયાર છે. ઈઝરાયલ દ્વારા ફંડ મેળવવા માટે આંતરરાષ્ટ્રીય બજારોમાંથી મોટાપાયે લોન લેવામાં આવી છે. યુદ્ધના કારણે ઈઝરાયલનો લોન ટુ જીડીપી રેશીયો જે પહેલાં 60 ટકા હતો તે હવે 69 ટકા પહોંચી ગયો છે. તેનો સીધો અર્થ છે કે, લોકો ઉપર ટેક્સનું અને સોશિયલ સિક્યોરિટીનું સૌથી વધારે દબાણ છે. લોકો આ દેવું ભરીને પણ પોતાના દેશના રક્ષણ માટે ભોગ આપવા તૈયાર છે. સૌથી આશ્ચર્યકારક બાબત એ છે કે, ઈઝરાયલની વસતીની કુલ જીડીપી આવક ઈરાનની કુલ જીડીપી આવક કરતા ડબલ છે. ઈરાન પોતાના વિસ્તાર મુદ્દે ઈઝરાયલ કરતા 75 ગણો મોટો છે.

# ચિપ્સનો ચસકો દારૂની લત જેટલો ખતરનાક

આજની ફાસ્ટ લાઈફસ્ટાઈલમાં ચિપ્સ અને ફ્રેન્ચ ફ્રાઈસ માત્ર એક નાસ્તો જ નહીં, પરંતુ આદત બની ગઈ છે. હળવી ભૂખ હોય, મૂવી જોવી હોય કે બસ ટાઈમ પાસ કરવો હોય, હાથ આપમેળે પેકેટ તરફ લંબાઈ જાય છે. પરંતુ સ્વાદ અને ક્રંચ પાછળ છુપાયેલું સત્ય એટલું હળવું નથી. રોજ ખાવામાં આવતી આ ચિપ્સ ધીમે ધીમે શરીરની અંદર ઘણા ગંભીર ફેરફારો શરૂ કરી દે છે. 'નેશનલ લાઈબ્રેરી ઓફ મેડિસિન'માં પ્રકાશિત એક સ્ટડી અનુસાર, ચિપ્સમાં રહેલા હાઈ સેચ્યુરેટેડ ફેટથી હાઈપરટેન્શન, કોરોનરી હાર્ટ ડિસીઝ અને ડાયાબિટીસનું જોખમ વધે છે. આ એક ગંભીર ચેતવણી છે, કારણ કે ઘણા લોકો નાસ્તા તરીકે રોજ ચિપ્સ ખાય છે. ચિપ્સમાં કેલરી અને ફેટ વધુ હોય છે. 50 ગ્રામ ચિપ્સમાં લગભગ 400 કેલરી હોય છે. તેને ખાધા પછી સંતોષ (સેટાયટી) થતો નથી. ચિપ્સની બધી ચરબી પેટ અને કમર પર જમા થાય છે. ચિપ્સમાં ટ્રાન્સ ફેટ + સેચ્યુરેટેડ ફેટ વધુ હોય છે. તેનાથી બેડ કોલેસ્ટ્રોલ (LDL) વધે છે. ગુડ કોલેસ્ટ્રોલ (HDL) ઘટે છે. આર્ટરીઝમાં ફેટ જમા થવા લાગે છે. ચિપ્સમાં મીઠું ખૂબ વધારે હોય છે. તેનાથી શરીરમાં વોટર રિટેન્શન થાય છે અને બ્લડ વોલ્યુમ વધે છે. વધુ મીઠું અને તેલ કિડની પર દબાણ લાવે છે. આનાથી કિડનીને વધુ મહેનત કરવી પડે છે. રિફાઈન્ડ કાર્બોહાઈડ્રેટ્સ ઝડપથી બ્લડ સુગર વધારે છે. વારંવાર સુગર સ્પાઈક થાય છે. આનાથી ઈન્સ્યુલિન રેઝિસ્ટન્સ વધે છે. હેપ્પી હોર્મોન 'ડોપામાઈન' સ્પાઈક થાય છે. જેનાથી સારું અનુભવાય છે.

વારંવાર ખાવાની તલપ વધે છે. ફાઈબર હોતું નથી.

વધુ ખાવાથી ગટ માઈક્રોબાયોમ બગડે છે. ઊંચા તાપમાને તળવાથી એક્રિલામાઈડ નામનું રસાયણ બને છે. તે શરીર માટે ઝેરી માનવામાં આવે છે. ટ્રાન્સ ફેટ ઈમ્યુન સેલ્સની કાર્યક્ષમતા ઘટાડે છે. તેનાથી શરીરની રોગો સામે લડવાની ક્ષમતા નબળી પડી જાય છે. સ્થૂળતા કાર્ડિયોવેસ્ક્યુલર રોગ, હાઈ બ્લડ પ્રેશર, કેન્સર, ડિપ્રેશન, ઈરિટેબલ બાઉલ સિન્ડ્રોમ (IBS), અસ્થમા. ચિપ્સમાં મીઠું, ચરબી અને ફ્લેવરનું એવું સંયોજન હોય છે, જે મગજમાં હેપ્પી હોર્મોન 'ડોપામાઈન' વધારે છે. આનાથી વારંવાર ખાવાની તીવ્ર ઈચ્છા થાય છે, જે ધીમે ધીમે લતમાં બદલાઈ શકે છે. નાના બાળકો માટે ચિપ્સ વધુ નુકસાનકારક છે, કારણ કે તેમનું શરીર અને રોગપ્રતિકારક શક્તિ વિકાસના તબક્કામાં હોય છે. બાળકના વિકાસને અસર થઈ શકે છે. કિડની અને હૃદય પર દબાણ આવે છે. દાંતમાં કેવિટી થઈ શકે છે. વધુ ખાવાથી વજન ઝડપથી વધે છે. જંક ફૂડની આદતથી રોગપ્રતિકારક શક્તિ નબળી પડી જાય છે. ભૂખ ઓછી લાગે છે. મગજના વિકાસને અસર થઈ શકે છે. મેદસ્વીતા, ટાઈપ 2 ડાયાબિટીસ અને હાઈ બીપીનું જોખમ વધે છે. કેટલાક લોકો માટે ચિપ્સ અને અલ્ટ્રા-પ્રોસેસ્ડ ફૂડ્સ (UPFs) વધુ નુકસાનકારક હોઈ શકે છે. તેથી તેમને ખાસ સાવચેતી રાખવી જોઈએ. જેમ કે- જે હૃદય રોગના દર્દીઓ છે. જેમને હાઈ બ્લડ પ્રેશર છે. જેમને કિડનીનો રોગ છે. જેઓ સ્થૂળતા અથવા વધુ વજનથી પરેશાન છે. જેઓ ડાયાબિટીક અથવા પ્રી-ડાયાબિટીક છે. જેઓ વજન ઘટાડી રહ્યા છે. નાના બાળકો પ્રેગ્નન્સી મહિલાઓ વૃદ્ધ. ચિપ્સ ભલે પેકેજ્ડ હોય કે ઘરે બનાવેલા હોય, તે રોજ ખાવા માટે યોગ્ય નથી. ઘરે બનાવેલા ચિપ્સ ક્યારેક-ક્યારેક ખાઈ શકાય છે.

# બે સદીઓ, બે સહસ્ત્રાબ્દીઓ અને અસંખ્ય પરિવર્તનોની સાક્ષી બનેલી અનોખી પેઢી

આ સંદેશ માત્ર વૃદ્ધાવસ્થાની વાત નથી કરતો, પરંતુ એવી પેઢીની ગાથા કહે છે જેણે માનવ ઈતિહાસના સૌથી મોટા પરિવર્તનોને પોતાની આંખો સામે બનતા જોયા છે. પચાસ, સાઠ અને સિત્તેરના દાયકામાં જન્મેલા લોકો માત્ર ઉંમરમાં મોટા નથી થયા, પરંતુ તેઓ અનુભવ, સંઘર્ષ, અનુકૂલન અને પરિવર્તનના જીવંત વિશ્વકોશ છે. આજની યુવા પેઢી જે ટેક્નોલોજી, સુવિધાઓ અને ઝડપી જીવનશૈલીને સામાન્ય માને છે, તે બધું આ પેઢીએ ધીમે ધીમે જન્મ લેતું અને વિકસતું જોયું છે.

## એક જીવનમાં આઠ દાયકાઓનો અદભૂત પ્રવાસ

માનવ ઈતિહાસમાં બહુ ઓછી પેઢીઓને એવો મોકો મળ્યો છે કે તેઓ પોતાના જીવનકાળમાં આટલા બધા યુગોનો અનુભવ કરી શકે. આ પેઢીએ બાળપણમાં સરળ અને મર્યાદિત સાધનોવાળું જીવન જીવ્યું, યુવાનીમાં વિકાસશીલ સમાજ જોયો અને વૃદ્ધાવસ્થામાં અદ્યતન ડિજિટલ વિશ્વનો અનુભવ કરી રહી છે. તેમણે 1960, 1970, 1980, 1990, 2000, 2010, 2020 અને હવે 2030ના દ્વાર સુધીની સફર જોઈ છે. આ માત્ર વર્ષોની ગણતરી નથી; આ તો માનવ સંસ્કૃતિ, વિજ્ઞાન અને સમાજમાં આવેલા મહાકાય પરિવર્તનોનો જીવંત અનુભવ છે.

## સંચાર ક્રાંતિના જીવંત સાક્ષી

આજની પેઢી માટે વિડિયો કોલ સામાન્ય બાબત છે, પરંતુ એક સમય એવો હતો જ્યારે લાંબા અંતરની વાત કરવા માટે ટ્રંક કોલ બુક કરાવવો પડતો હતો. ઘણા કલાકોની રાહ જોવી પડતી હતી. પત્રો લખીને સમાચાર પહોંચાડવામાં દિવસો કે અઠવાડિયા લાગતા હતા. ત્યારબાદ ટેલિફોન આવ્યા, પછી મોબાઈલ ફોન, SMS, ઈન્ટરનેટ, ઈમેઈલ અને આજે વોટ્સએપ તથા વિડિયો કોલ દ્વારા દુનિયાના કોઈપણ ખૂણે બેઠેલી વ્યક્તિ સાથે સેકન્ડોમાં સંપર્ક થઈ શકે છે. આ સમગ્ર ક્રાંતિને આ પેઢીએ પોતાની આંખે વિકસતી જોઈ છે.

## મનોરંજનની દુનિયામાં આવેલું અવિશ્વસનીય પરિવર્તન

એક સમય હતો જ્યારે આખું કુટુંબ રેડિયો પાસે બેસીને ક્રિકેટ કોમેન્ટ્રી સાંભળતું હતું. પછી બ્લેક એન્ડ વ્હાઈટ ટીવી આવ્યા, જેમાં એક જ ચેનલ જોવા મળતી હતી. ત્યારબાદ કલર ટીવી, કેબલ ટીવી, ડિશ ટીવી અને હવે સ્માર્ટ ટીવી તથા OTT પ્લેટફોર્મ સુધીની સફર થઈ છે. પહેલાં ફિલ્મ જોવા માટે થિયેટર અથવા વિડિયો કેસેટ ભાડે લેવી પડતી હતી, જ્યારે આજે હજારો ફિલ્મો અને વેબ સિરીઝ મોબાઈલમાં ઉપલબ્ધ છે. આ પેઢીએ મનોરંજનના દરેક તબક્કાને અનુભવ્યો છે.

## સંગીતના બદલાતા સ્વરૂપો

ગ્રામોફોન રેકોર્ડ, રીલ ટેપ, ઓડિયો કેસેટ, સીડી, MP3 પ્લેયર અને હવે ઓનલાઈન સ્ટ્રીમિંગ સુધીની સફર પણ આ પેઢીએ જોઈ છે. સંગીત સાંભળવા માટે એક સમયે આખું યંત્ર અને કેસેટની જરૂર પડતી હતી, જ્યારે આજે લાખો ગીતો એક નાનકડા સ્માર્ટફોનમાં સમાઈ ગયા છે. આ પરિવર્તન માત્ર ટેક્નોલોજીનું નહીં, પરંતુ માનવ જીવનશૈલીના બદલાવનું પ્રતીક છે.




## શિક્ષણ અને જ્ઞાન પ્રાપ્ત કરવાની બદલાયેલી પદ્ધતિઓ

આ પેઢી પુસ્તકાલયોમાં કલાકો પસાર કરતી હતી. માહિતી મેળવવા માટે પુસ્તકો, અખબારો અને શિક્ષકો પર આધાર રાખવો પડતો હતો. આજે ગૂગલ, ઓનલાઈન કોર્સ, ડિજિટલ લાઈબ્રેરી અને કૃત્રિમ બુદ્ધિ (AI) દ્વારા સેકન્ડોમાં માહિતી મળી જાય છે. છતાં આ પેઢીની વિશેષતા એ છે કે તેણે મહેનતપૂર્વક જ્ઞાન મેળવવાનું મહત્વ પણ સમજ્યું છે અને આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ પણ શીખી લીધો છે.

## આરોગ્યના અનેક પડકારો સામે લડનારી પેઢી

આ પેઢીએ પોલિયો, ટ્યુબરક્યુલોસિસ, મેનિન્જાઈટિસ, સ્વાઈન ફ્લૂ અને તાજેતરમાં COVID-19 જેવી ગંભીર મહામારીઓનો સામનો કર્યો છે. ઘણી વખત આરોગ્યસુવિધાઓ મર્યાદિત હતી, છતાં લોકોએ ધીરજ, સંયમ અને સામૂહિક શક્તિથી મુશ્કેલીઓનો સામનો કર્યો. આ પેઢી માત્ર જીવતી રહી નથી, પરંતુ દરેક પડકારમાંથી વધુ મજબૂત બનીને બહાર આવી છે.

## પરિવહનની ક્રાંતિનો અનુભવ

ત્રણ પૈડાવાળી સાયકલથી શરૂઆત કરીને સાયકલ, સ્કૂટર, મોપેડ, મોટરસાઈકલ, પેટ્રોલ કાર, ડીઝલ કાર અને હવે હાઈબ્રિડ તથા ઈલેક્ટ્રિક વાહનો સુધીની સફર આ પેઢીએ જોઈ છે. એક સમયે લાંબી મુસાફરી એક મોટું આયોજન ગણાતી હતી, જ્યારે આજે લોકો કલાકોમાં દેશના એક ખૂણેથી બીજા ખૂણે પહોંચી શકે છે. પરિવહનના આ પરિવર્તને સમાજ, વેપાર અને જીવનશૈલીને સંપૂર્ણપણે બદલી નાખી છે.

## એનાલોગ બાળપણ અને ડિજિટલ પુખ્તાવસ્થા

આ પેઢીની સૌથી મોટી વિશેષતા એ છે કે તેનું બાળપણ સંપૂર્ણપણે એનાલોગ યુગમાં પસાર થયું, જ્યારે તેની પુખ્તાવસ્થા ડિજિટલ યુગમાં પ્રવેશી. તેઓએ રમકડાં સાથે રમવાનું, બહાર મેદાનમાં દોડવાનું, મિત્રોને મળવા માટે ઘરે જવાનું અને કુટુંબ સાથે સમય પસાર કરવાનો આનંદ માણ્યો. આજે તેઓ સ્માર્ટફોન, સોશિયલ મીડિયા, ઓનલાઈન બેંકિંગ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો પણ ઉપયોગ કરી રહ્યા છે. એટલે તેઓ બે જુદી જુદી દુનિયાઓ વચ્ચેનું જીવંત સેતુ છે.

## પરિવર્તનને સ્વીકારવાની અસાધારણ ક્ષમતા

ઘણી વખત યુવાનો માને છે કે વૃદ્ધ લોકો નવી ટેક્નોલોજી સમજી શકતા નથી. પરંતુ હકીકત એ છે કે આ પેઢીએ જ સૌથી વધુ પરિવર્તનનો સામનો કર્યો છે. તેમણે જીવનમાં વારંવાર નવી પરિસ્થિતિઓને સ્વીકારી છે, નવી ટેક્નોલોજી શીખી છે અને સમય સાથે પોતાને બદલ્યા છે. આ અનુકૂલનશક્તિ જ તેમની સૌથી મોટી તાકાત છે.

## યુવા પેઢી માટે એક મહત્વપૂર્ણ સંદેશ

આજના યુવાનો જે સુવિધાઓનો લાભ લઈ રહ્યા છે, તેના પાયા આ જ પેઢીએ પોતાના પરિશ્રમ, સંઘર્ષ અને ત્યાગથી તૈયાર કર્યા છે. તેથી વૃદ્ધોને માત્ર તેમની ઉંમરથી નહીં, પરંતુ તેમના અનુભવ અને યોગદાનથી જોવાની જરૂર છે. તેમના જીવનમાં એવી અસંખ્ય વાર્તાઓ, શીખ અને અનુભવો છુપાયેલા છે જે કોઈ પુસ્તક કે ઈન્ટરનેટ આપી શકતું નથી.

## નિષ્કર્ષ: એક અસાધારણ પેઢીને સલામ

પચાસ, સાઠ અને સિત્તેરના દાયકામાં જન્મેલી પેઢી ખરેખર અનોખી છે. તેમણે બે સદીઓ જોઈ છે, બે સહસ્ત્રાબ્દીઓનો અનુભવ કર્યો છે, ટેક્નોલોજીની મહાક્રાંતિ જોઈ છે, અનેક સામાજિક અને આરોગ્ય સંકટોનો સામનો કર્યો છે અને છતાં જીવન પ્રત્યેનો ઉત્સાહ જાળવી રાખ્યો છે. તેઓ માત્ર ભૂતકાળના સાક્ષી નથી, પરંતુ ભવિષ્ય માટે પ્રેરણાનું જીવંત ઉદાહરણ છે.

આ પેઢીને હૃદયપૂર્વક સલામ – કારણ કે તેમણે માત્ર સમય પસાર કર્યો નથી, તેમણે ઈતિહાસને જીવ્યો છે.

### ડભોઇ-સ્ટેચ્યુ ઓફ યુનિટી માર્ગ પર મોતનું લાઇવ કનેક્શન

# શિનોર ચોકડીથી નાંદોદી ભાગોળ સુધી સ્ટ્રીટ લાઇટોની વીજ પેટીઓ ખુલ્લી, તંત્ર ઘોર નિદ્રામાં

- **ડભોઇ નગરપાલિકા અને સ્ટેટ હાઇવેના અધિકારીઓની ઘોર બેદરકારીને કારણે આ પ્રોજેક્ટ હવે લોકો માટે ફાંસો બની રહ્યો છે**
- **લોકો સવાલ ઉઠાવી રહ્યા છે કે, તંત્ર ક્યારે જાગશે? શું કોઇ માસૂમ બાળક કે પ્રવાસીનો જીવ જશે ત્યારે જ નગરપાલિકા અને સ્ટેટ હાઇવેના અધિકારીઓની આંખ ખુલશે**

ડભોઇ

ડભોઇ વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી'ને જોડતો ડભોઇનો મુખ્ય માર્ગ હાલ પ્રવાસીઓ અને સ્થાનિક વાહનચાલકો માટે જોખમી બન્યો છે. ડભોઇ શિનોર ચોકડીથી લઈને નાંદોદી ભાગોળ સુધીના સ્ટેટ હાઈવે પર લાખોના ખર્ચે લગાવવામાં આવેલી સ્ટ્રીટ લાઈટોના વીજ થાંભલાઓ શોભાના ગાંઠિયા સમાન તો બન્યા જ છે, સાથે-સાથે તે રાહદારીઓ માટે મોતનું આમંત્રણ' પણ સાબિત થઈ રહ્યા છે આ માર્ગ પર આવેલા અનેક વીજ થાંભલાઓની નીચે આવેલી મુખ્ય વીજ પેટીઓ (જંક્શન બોક્સ) ખુલ્લી હાલતમાં લટકી રહી છે જેમાંથી જીવંત (લાઈવ) વીજ વાયરો બહાર દેખાઈ રહ્યા છે.

રાજ્ય સરકાર દ્વારા સ્ટેચ્યુ ઓફ યુનિટી જતા પ્રવાસીઓની સુવિધા માટે રાત્રિ દરમિયાન આ હાઈવે પર રોશની રહે તે હેતુથી હાઈટેક લાઈટો નાખવામાં આવી છે.

પરંતુ ડભોઇ નગરપાલિકા અને સ્ટેટ હાઇ વેના અધિકારીઓની ઘોર બેદરકારીને કારણે આ પ્રોજેક્ટ હવે લોકો મા ટે ફાંસો બની રહ્યો છે. ચોમાસાની ઋતુ નજીક હોય કે સામાન્ય દિવસોમાં પણ, આ ખુલ્લા વાયરોમાં ગમે ત્યારે શોર્ટ સર્કિટ થવાનો કે કોઈ નિર્દોષ વ્યક્તિને કરંટ લાગવાનો મોટો ભય સેવાઈ રહ્યો છે વાહનચાલકોનો આક્રોશ શું તંત્ર કોઈ મોટી દુર્ઘટનાની રાહ જોઈ રહ્યું છે?

સ્થાનિક રહીશો અને રોજ આ માર્ગ પરથી પસાર થતા વાહનચાલકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. લોકો સવાલ ઉઠાવી રહ્યા છે કે, તંત્ર ક્યારે જાગશે? શું કોઈ માસૂમ બાળક કે પ્રવાસીનો જીવ જશે ત્યારે જ નગરપાલિકા અને સ્ટેટ હાઈવેના અધિકારીઓની આંખ ખુલશે મુખ્ય સમસ્યાઓ એક નજરે:

ખુલ્લી વીજ પેટીઓ: શિનોર ચોકડીથી નાંદોદી ભાગોળ વચ્ચે ડઝનથી વધુ થાંભલાઓની પેટીઓના ઢાંકણા ગાયબ છે ભારે ટ્રાફિક આ રોડ પરથી દિવસ-રાત હજારો પ્રવાસીઓ અને સ્થાનિક લોકો પસાર થાય છે અંધારપટ અને જોખમ કેટલીક જગ્યાએ લાઈટો બંધ રહે છે અને જ્યાં ચાલુ છે ત્યાં ખુલ્લા વાયરો મોત બનીને ઊભા છે વહેલી તકે કામગીરી કરવાની લોકમાંગ હાલમાં સ્થાનિક વાહનચાલકો અને જાગૃત નાગરિકો દ્વારા ઉગ્ર માંગ કરવામાં આવી છે કે ડભોઇ નગરપાલિકા અને સ્ટેટ હાઈવેના જવાબદાર અધિકારીઓ પરસ્પર સંકલન સાધીને વહેલી તકે આ તમામ ખુલ્લી વીજ પેટીઓને લોક મારે અથવા નવી પેટીઓ બેસાડી વાયરો સુરક્ષિત કરે. જો સમયસર આ કામગીરી કરવામાં નહીં આવે તો આગામી દિવસોમાં કોઈ મોટી હોનારત સર્જાઈ શકે છે, જેની સંપૂર્ણ જવાબદારી સ્થાનિક વહીવટી તંત્રની રહેશે.



### પોરબંદરને વૈશ્વિક ફર્નિચર હબ બનાવવાની દિશામાં સરકારનું મહત્વપૂર્ણ પગલું

# દેશ-વિદેશના પ્રતિનિધિમંડળોએ મેગા ફર્નિચર પાર્કની સ્થાપના માટે પોરબંદરના ભારવાડા ખાતે સૂચિત સ્થળની મુલાકાત લીધી

ગોસા(ઘેડ), વિરમભાઇ કે.આગઠ

'વિકસિત પોરબંદર ફર્નિચર પાર્ક સમિટ' અંતર્ગત દેશ-વિદેશના રોકાણકારો અને ઉદ્યોગજગતના પ્રતિનિધિઓ એ પોરબંદર જેટી તથા ભારવાડા ખાતે સૂચિત મેગા ફર્નિચર પાર્કના સ્થળની મુલાકાત લઈ વિકાસની સંભાવનાઓનું મૂલ્યાંકન કર્યું હતું.

કેન્દ્રીય મંત્રી ડો.મનસુખભાઇ માંડવીયા અને રાજ્યના વન-પર્યાવરણ તથા સાયન્સ ટેકનોલોજી મંત્રી અર્જુનભાઈ મોઢવાડીયા ઉપસ્થિતિમાં યોજાયેલી મુલાકાત દરમિયાન આયાતી લાકડાના પરિવહન માટે જેટીની સુવિધાઓ, ઉપલબ્ધ જમીન, માર્ગ-રેલ કનેક્ટિવિટી અને લોજિસ્ટિક્સ માળખાની સમીક્ષા કરવામાં આવી હતી.

સમિટ દરમિયાન ડૉ. મનસુખ માંડવિયાએ દેશ-વિદેશના રોકાણકારો અને પ્રતિનિધિઓ સાથે સંવાદ કરીને રાજ્ય સરકારની ઔદ્યોગિક નીતિઓ, ઉપલબ્ધ જમીન અને પાણી સહિત મેગા ફર્નિચર પાર્કની સ્થાપના માટે સરકાર દ્વારા આપવામાં આવનારા વિવિધ સહયોગ અંગે વિગતવાર માહિતી આપી હતી.

વન અને પર્યાવરણ મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ જણાવ્યું હતું કે વિસ્તારમાંથી પસાર થતા નેશનલ હાઈવેને ફોર-લેન બનાવવાની મંજૂરી મળી ગઈ છે અને આગામી છ મહિનામાં કામ શરૂ થવાની સંભાવના છે. ઉપરાંત ઉદ્યોગો માટે જરૂરી જમીન, પાણી અને આશરે ૧,૦૦૦ હેક્ટર જેટલી વધારાની જમીન ઉપલબ્ધ હોવાનું પણ તેમણે જણાવ્યું હતું.

વધુમાં તેમણે દરિયાકાંઠાથી માત્ર ૧૨ કિમી દૂર આવેલું ભારવાડા સ્થળ બંદર, રેલવે અને હાઈવે કનેક્ટિવિટીથી સજ્જ હોવાથી ફર્નિચર ઉત્પાદન અને નિકાસ માટે અનુકૂળ ગણાવવામાં આવ્યું છે. સૂચિત મેગા ફર્નિચર પાર્કથી મોટા પાયે રોકાણ, રોજગારીનું સર્જન અને નાના-મધ્યમ ઉદ્યોગોને પ્રોત્સાહન મળશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી.

દેશ-વિદેશથી ઉપસ્થિત પ્રતિનિધિમંડળોએ પોરબંદર જેટીની મુલાકાત લીધી હતી. વિદેશથી આયાત થનારા લાકડાના પરિવહન માટે જેટીની સુવિધાઓ, તેના ઉપયોગ અને ફર્નિચર પાર્કને મળનારા લાભો અંગે સ્થળ નિરીક્ષણ કરવામાં આવ્યું હતું.

ત્યારબાદ પ્રતિનિધિમંડળે પોરબંદર નજીકના ભારવાડા વિસ્તારમાં સૂચિત મેગા ફર્નિચર પાર્ક માટે નિર્ધારિત સ્થળની મુલાકાત લીધી હતી. આ દરમિયાન ઉપલબ્ધ જમીન, માર્ગ અને રેલ કનેક્ટિવિટી, લોજિસ્ટિક્સ સુવિધાઓ તથા ઉદ્યોગ વિકાસની સંભાવનાઓનું સ્થળ પર મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું.

અમિત પ્રકાશ યાદવ, અધિક ઉદ્યોગ કમિશ્નર અને જોઈન્ટ મેનેજિંગ ડિરેક્ટર iNDEXTb એ ડેલિગેટ્સને મુલાકાત દરમ્યાન પોલિસી વિષયક સમજૂતી પ્રદાન કરીને આશ્વાસન વ્યક્ત કર્યું કે ગુજરાત સરકાર પાર્કના કંપ્લેસન માટે હંમેશા તૈયાર રહેશે.

### વિકસિત ભારત માટે સૌના પ્રયાસ જરૂરી : કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયા

# પોરબંદરમાં યોજાયેલા 'વિકસિત ભારત પ્રબુદ્ધ નાગરિક સંમેલન'માં મોદી સરકારના 12 વર્ષના વિકાસ કાર્યોની રજૂઆત

ગોસા(ઘેડ), વિરમભાઇ કે. આગઠ

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સફળ નેતૃત્વના ૧૨ વર્ષ પૂર્ણ થવાના અવસરે રાજ્યભરમાં આયોજિત વિવિધ કાર્યક્રમોની શ્રેણીમાં પોરબંદરના તાજાવાલા હોલ ખાતે 'વિકસિત ભારત પ્રબુદ્ધ નાગરિક સંમેલન' યોજાયું હતું.

આ સંમેલનમાં પોરબંદરના સાંસદ તથા કેન્દ્રીય શ્રમ, રોજગાર, યુવા બાબતો અને રમતગમત મંત્રી ડૉ. મનસુખભાઈ માંડવિયા તેમજ રાજ્યના વન અને પર્યાવરણ મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયા ઉપસ્થિત રહ્યા હતા.



કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખભાઈ માંડવિયાએ જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના છેલ્લા ૧૨ વર્ષના નેતૃત્વમાં દેશની રાજનીતિમાં વિકાસ કેન્દ્રસ્થાને રહ્યો છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર, પોર્ટ, હોસ્પિટલ, એરપોર્ટ અને અન્ય વિકાસલક્ષી કાર્યો મુખ્ય મુદ્દા બન્યા છે. તેમણે જનધન યોજના, પ્રધાનમંત્રી આવાસ યોજના, મફત અનાજ વિતરણ, આયુષ્માન ભારત અને કિસાન સન્માન નિધિ જેવી યોજનાઓને સામાન્ય નાગરિકોના જીવનમાં પરિવર્તન લાવનારી ગણાવી હતી. તેમણે જણાવ્યું હતું કે વર્ષ ૨૦૧૪ બાદ ટેક્સમાં વધારો કર્યા વિના કેન્દ્ર સરકારનું બજેટ આશરે રૂ. ૨૮ લાખ કરોડથી વધીને રૂ. ૫૨ લાખ કરોડ સુધી પહોંચી ગયું છે. જીએસટી સહિતના કર સુધારાઓ, સુશાસન અને ભ્રષ્ટાચાર પર નિયંત્રણના પરિણામે સરકારની આવકમાં વધારો થયો છે.

દેશમાં હાઈવે નિર્માણની ગતિ બમણી થઈ છે, એરપોર્ટોની સંખ્યા ૭૦થી વધીને ૧૬૦થી વધુ થઈ છે અને ભારતનો આર્થિક વિકાસ દર આશરે ૭.૫ ટકા સુધી પહોંચ્યો હોવાનું તેમણે જણાવ્યું હતું. ડૉ. માંડવિયાએ વધુમાં જણાવ્યું હતું કે વૈશ્વિક પડકારો વચ્ચે પણ ભારતે મજબૂત વિદેશ નીતિના કારણે વિશ્વમાં પોતાની આગવી ઓળખ ઊભી કરી છે.

### અંકલેશ્વર-હાંસોટના ખેડૂતોની ટ્રેક્ટર રેલી રોકાઇ

# ગાંધીનગર જતાં 10થી વધુ ખેડૂતોની પોલીસે કરી અટકાયત

ભરૂચ, રંગુની જાકીર

અંકલેશ્વર અને હાંસોટ પંથકના ખેડૂતો દ્વારા ગાંધીનગર જઈ રહેલી ટ્રેક્ટર રેલીને પોલીસે અંકલેશ્વર નજીક અટકાવી હતી. આ દરમિયાન પોલીસે 10થી વધુ ખેડૂતોની અટકાયત કરી હતી, જેના કારણે તંગદિલીનો માહોલ સર્જાયો હતો.

ખેડૂતો ભરૂચ જિલ્લામાંથી પસાર થતી પાવરગ્રીડ લાઈનના વિરોધમાં અને પોતાની વિવિધ માંગણીઓ જેવી કે પોષણક્ષમ ભાવ, જમીનનું યોગ્ય વળતર અને દેવા માફી માટે ગાંધીનગર ખાતે યોજાનારી ખેડૂત રેલીમાં ભાગ લેવા જઈ રહ્યા હતા.

ગુજરાત કિસાન સંઘર્ષ સમિતિના નેજા હેઠળ ખેડૂતો 25 ટ્રેક્ટર અને 50 કારના કાફલા સાથે ગાંધીનગર જવા રવાના થયા હતા. હાંસોટ ખાતે કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરો દ્વારા આ રેલીનું સ્વાગત પણ કરવામાં આવ્યું હતું.



અંકલેશ્વરની કડકડીયા કોલેજ નજીક પોલીસે રેલીને આગળ વધવાની મંજૂરી ન હોવાનું જણાવી અટકાવી હતી. પોલીસની આ કાર્યવાહીથી નારાજ ખેડૂતો રસ્તા પર બેસી ગયા હતા અને વિરોધ પ્રદર્શન કર્યું હતું. આ દરમિયાન પોલીસ અને ખેડૂતો વચ્ચે ઘર્ષણ પણ જોવા મળ્યું હતું.

ઘટના બાદ પોલીસે 10થી વધુ ખેડૂતોને ડિટેઈન કરીને એ ડિવિઝન પોલીસ મથકે લઈ ગયા હતા. આ ઘટનાને પગલે વિસ્તારમાં થોડા સમય માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો.


### મૃત્યુ વગરનું સુચારું જીવન સંભવ નથી

# પૂ.મોરારિબાપુના શ્રી મુખેથી કેરળના કોચીમાં 'માનસ મૃત્યુલોક'નો પ્રારંભ..!

વેળાવદર (તખુભાઇ સાંડસુર દ્વારા)

પૂ.મોરારિબાપુના શ્રી મુખેથી કથાના ક્રમની 979મી કથા કેરળના કોચી ખાતે પ્રારંભ થયો. આ કથાનું નામાભિધાન 'માનસ મૃત્યુલોક' કરવામાં આવ્યું.

કથાનું મંગલાચરણ તારીખ 13 જૂન ના રોજ મનોરથી સ્વ રમાબેન જસાણીના પરિવારના આયોજન હેઠળ કરવામાં આવ્યું.સ્વાગત મનોરથ વ્યક્ત કરતાં પરિવારની દીકરીઓએ પોતાનો ભાવ હિન્દી અને ગુજરાતીમાં પ્રસ્તુત કર્યો. તેમાં તેઓએ કહ્યું પૂજ્ય મોરારિબાપુએ રામકથાના માધ્યમથી અમારું અને અમારા પરિવારનું જીવન બદલ્યું છે . તેના પાયામાં તેમના દાદીમાં પૂજ્ય રમાબેન જસાણી છે. કથાના મનોરથી બનાવવા બદલ તેઓએ પૂજ્ય બાપુનો આભાર પ્રગટ કર્યો.



પૂ.મોરારિબાપુએ કથામાંના સંવાદમાં પ્રવેશ કરતા કહ્યું કે અહીં આ કથાનું નામ 'માનસ મૃત્યુલોક' આપીએ છીએ.અહીં કથા 42 વર્ષ પહેલાં ગવાઈ હતી અગાઉ સ્વર્ગ અને મૃત્યુ વિશેની કથાઓ પણ ગાઈ સંભળાવાઈ છે. આ ભૂમિ શાંકરીભૂમિ છે કે જ્યાં ભગવાન શંકરાચાર્યનું પ્રાગટ્ય થયું તે કાલડી અહીંથી માત્ર થોડુંક જ દૂર છે.'મંગલ કરની કલી મન હરની' એટલે કે જે મંગળ કરે છે અને હરી લે છે કલી મન હરની મનમાંથી જેનું હરણ થાય છે.

મળ નષ્ટ થાય છે પરંતુ તેનું મૂળ નષ્ટ નથી થતું. મૂળ એટલે નષ્ટ થવું જરૂરી છે કે જ્યાંથી અનિષ્ટોના અંકુરો કરી પ્રફુલ્લિત ન થાય! મૃત્યુ વગર જીવનનો સ્વાદ નથી એટલે મૃત્યુ અનિવાર્ય છે. દરેકે માગવું જોઈએ મૃત્યુ મોક્ષ્યા અમામ્રતા એમ પણ વેદ કહે છે.મૃત્યુથી મહામૃત્યુમાં આપણે પ્રવેશ કરીએ છીએ. માનસ કહે છે નિજ મન મુકુલ સુધારી. પોતાના જીવનને સુધારવાની વાત કરે છે, નહીં કે અન્યને ઉપદેશ આપવાની !બ્રહ્મા બ્રહ્મલોકમાં હોય,વિષ્ણુ વૈકુંઠમાં હોય તો ભગવાન મહાદેવ એ મૃત્યુલોકમાં છે.બાપુએ પાંચ શિખરોનું પણ મહત્વ સ્થાપિત કર્યું જેમાં કૈલાશ, ગિરનાર આબુ, કામદગીરી અને ગોવર્ધનનો સમાવેશ થાય છે.

### મુન્દ્રાથી કેમિકલ ભરીને આવેલું

# સલાદરા પાસે કેમિકલ ટેન્કર પલટતા બચ્યું : જોખમી રસ્તાની સ્થિતિ પર સુરક્ષાના સવાલો ઉઠ્યા

ભરૂચ, રંગુની જાકીર

વાગરા તાલુકાના સલાદરા નજીક APL કંપની પાસે કેમિકલ ભરેલું એક ટેન્કર પલટતા સહેજ બચી ગયું હતું. આ ઘટનાને કારણે સમગ્ર વિસ્તારમાં રસ્તાની સુરક્ષા અને જવાબદારી અંગે ગંભીર સવાલો ઉભા થયા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, મુન્દ્રાથી કેમિકલ ભરીને આવેલું ટેન્કર APL કંપની તરફ જવા માટે મુખ્ય માર્ગ પરથી રિવર્સ લઈ રહ્યું હતું. આ દરમિયાન અત્યંત જોખમી ઢોળાવ અને અયોગ્ય રસ્તાના કારણે ટેન્કરનો આગળનો ભાગ હવામાં લટકી ગયો હતો અને આખું ટેન્કર એક તરફ નમી પડ્યું હતું. સદનસીબે, આ ઘટનામાં કોઈ મોટી દુર્ઘટના ટળી ગઈ હતી. સ્થાનિકોના જણાવ્યા મુજબ, APL કંપની તરફ જતો આ માર્ગ વર્ષોથી જોખમી હાલતમાં છે અને અહીં અગાઉ પણ અનેક નાના-મોટા અકસ્માતો બની ચૂક્યા છે. તેમ છતાં, માર્ગને સુરક્ષિત બનાવવા



માટે કોઈ અસરકારક પગલાં લેવામાં આવ્યા નથી, જેના કારણે વાહનચાલકો અને સ્થાનિક લોકો સતત જોખમ વચ્ચે અવરજવર કરવા મજબૂર છે. ચોમાસું નજીક આવી રહ્યું હોવાથી, સ્થાનિક લોકો અને જાગૃત નાગરિકો દ્વારા તાત્કાલિક ધોરણે માર્ગની ટેક્નિકલ તપાસ કરાવી તેને સુરક્ષિત બનાવવાની માંગ કરવામાં આવી રહી છે, જેથી ભવિષ્યમાં કોઈ મોટી જાનહાનિ ટાળી શકાય.

# 1 વર્ષ અને 3 મહિનાથી નાસતા ફરતા ગંભીર ગુનાના આરોપીને જેતપુર ખાતેથી દબોચીતી રાજકોટ ગ્રામ્ય LCB

*રાજકોટ ગ્રામ્ય લોકલ ક્રાઇમ બ્રાન્ચના પોલીસ હેડ કોન્સ્ટેબલ તથા પોલીસ કોન્સ્ટેબલ પેટ્રોલીંગમાં હતા*

જેતપુર, સુરેશ ભાલીયા

પાટણવાવ પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનેલા અપહરણ, બળાત્કાર અને પોક્સો જેવા ગંભીર ગુનામાં છેલ્લા એક વર્ષ અને ત્રણ મહિનાથી નાસતા ફરતા આરોપીને પકડી પાડવામાં રાજકોટ ગ્રામ્ય લોકલ ક્રાઇમ બ્રાન્ચ (LCB) ને મોટી સફળતા મળી છે. પોલીસની પ્રાથમિક પૂછપરછમાં સામે આવ્યું છે કે, આ ગુનાના મુખ્ય આરોપીને આશરો આપવામાં અને નાણાકીય સગવડ પૂરી પાડવામાં આ શખ્સ સંડોવાયેલો હતો.

રાજકોટ ગ્રામ્ય જિલ્લાના પોલીસ અધીક્ષક વિજય સિંહ ગુર્જરના માર્ગદર્શન હેઠળ નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા ખાસ ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. જે અંતર્ગત પાટણવાવ પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ ૮૭, ૧૩૭(૨), ૬૪(૨)(આઈ), ૬૪(૨)(એમ), ૫૪(૧), ૫૪ તથા પોક્સો એક્ટ કલમ ૪, ૬, ૧૭ મુજબના ગુનામાં સંડોવાયેલા આરોપીને ઝડપી લેવા ચક્રો ગતિમાન કરાયા હતા.

આ ગુનામાં ભોગ બનનાર સગીરાને લઈ નાસી જનાર મુખ્ય આરોપી નં.(૧) અજીત મડીયા મેડાને આશરો આપી, રહેવા-જમવાની તેમજ પૈસાની સગવડ કરી આપનાર આરોપી નં.(૨) જવસીંગ મંગાભાઈ મંડોડ (ઉંમર વર્ષ ૩૮, રહેવાસી: પુજારા ફળીયુ, ગુલબાર ગામ, તાલુકો: ગરબાડા, જિલ્લો: દાહોદ) પોતાની ધરપકડ ટાળવા સતત નાસતો ફરતો હતો.

રાજકોટ ગ્રામ્ય લોકલ ક્રાઇમ બ્રાન્ચના પોલીસ હેડ કોન્સ્ટેબલ મનીષભાઈ વરૂ, મનદીપસિંહ જાડેજા તથા પોલીસ કોન્સ્ટેબલ ભરતભાઈ ગમારા પેટ્રોલીંગમાં હતા, તે દરમિયાન તેમને ટેકનિકલ અને હ્યુમન સોર્સિસ (બાતમીદારો) દ્વારા ચોક્કસ અને સચોટ માહિતી મળી હતી કે આ આરોપી જેતપુર ઉદ્યોગનગર વિસ્તારમાં છુપાયેલો છે. બાતમીના આધારે પોલીસે તાત્કાલિક દરોડો પાડી આરોપી જવસીંગ મંગાભાઈ મંડોડને ઝડપી લીધો હતો. હાલ આરોપીની અટકાયત કરી આગળની કાયદેસરની કાર્યવાહી માટે તેને ઉદ્યોગનગર પોલીસ સ્ટેશન ખાતે સોંપવામાં આવ્યો છે.

આ સફળ કામગીરીમાં એલ.સી.બી. ના પોલીસ ઈન્સ્પેક્ટર જે.પી.રાવ, પો.સબ ઈન્સ. આર.વી.ભીમાણી, કે.એમ.ચાવડા, એચ.સી.ગોહિલ તેમજ પી.એન.ભરવાડ, એ.એસ.આઈ. અનીલભાઈ બેકડીયા, બાલકૃષ્ણભાઈ ત્રિવેદી, ભાવેશભાઈ ચાવડા, પો.હેડ કોન્સ. મનીષભાઈ વરૂ, રમણીકભાઈ મણવર, મનદીપસિંહ જાડેજા અને પો.કોન્સ. ભરતભાઈ ગમારા, શક્તિસિંહ ઝાલા તથા ડ્રા.પો.કોન્સ. અબ્દુલભાઈ શેખ જોડાયા હતા.

## જેતપુરના ખારચીયા રોડ પરથી કારમાંથી 500 લીટર દેશી દારૂ સાથે એક શખ્સને ઝડપી પાડતી રાજકોટ રેન્જ પોલીસ

જેતપુર, સુરેશ ભાલીયા

રાજકોટ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક નીલિપ્ત રાય દ્વારા પ્રોહિબિશન પ્રવૃત્તિઓ નાબૂદ કરવાની સૂચના અન્વયે, પીઆઈ અપૂર્વ પટેલના માર્ગદર્શન હેઠળ રેન્જ પોલીસે સફળતા મેળવી છે. પીએસઆઈ પી.એન. મોરી, બી.સી.મીયાત્રા, સી.એમ.કાંટેલીયા તથા સ્ટાફના દિવ્યેશભાઇ સુવા, વકારભાઇ આરબ, શિવરાજસિંહ ઝાલા, નિકુલભાઇ પંપાણીયા અને ડ્રાઇવર ગોવિંદભાઇ ધાંધલ નાઓ પેટ્રોલિંગમાં હતા.

દરમિયાન મળેલી ચોક્કસ બાતમીના આધારે જેતપુર-બગસરા રોડ પર, ખારચીયા ગામ જવાના રસ્તે રણુજા મંદિર નજીક મામાદેવના મંદિર પાસે વોચ ગોઠવી એક ઈકોસ્પોર્ટસ કાર (નંબર જીજે-૧૧-એબી-૮૨૩૮) ને પકડી પાડવામાં આવી હતી.પોલીસે કારની તલાશી લેતા તેમાંથી ૫૦૦ લીટર દેશી દારૂ મળી આવ્યો હતો.

પોલીસે દારૂ, મોબાઈલ અને કાર મળી કુલ રૂપિયા ૪,૦૦,૫૦૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો છે. આ દરોડામાં પોલીસે કાર ચાલક આરોપી દીપક ઉર્ફે મોતિયો ગુણવંતરાય વોરા (રહે. રામપરા, તા. ધોરાજી, મૂળ રહે. જેતપુર) ને ઝડપી લીધો હતો.

# તારીખ પર તારીખ : ભરૂચ-અંકલેશ્વર પાલિકાની મંગળવારની સભા રદ કરાઇ

*ભરૂચ જિલ્લાના ધારાસભ્યોએ સમિતિ માટે રજૂ કરેલાં નામોને સંગઠને ફગાવી દીધાં છે જયારે સંગઠનના નામો સામે ધારાસભ્યોએ વિરોધ કર્યો છે*

ભરૂચ, રંગુની જાકીર

ભરૂચ અને અંકલેશ્વર નગરપાલિકામાં સમિતિઓની રચનાને લઇ સંગઠન અને ધારાસભ્યો આમને સામને આવી જતાં મંગળવારે બોલાવવામાં આવેલી સામાન્ય સભા રદ કરવાની ફરજ પડી છે. ભરૂચ જિલ્લાના ધારાસભ્યોએ સમિતિ માટે રજૂ કરેલાં નામોને સંગઠને ફગાવી દીધાં છે જયારે સંગઠનના નામો સામે ધારાસભ્યોએ વિરોધ કર્યો છે. આવતા વર્ષે થનારી વિધાનસભાની ચૂંટણી પહેલાં ભરૂચ જિલ્લા ભાજપમાં ચાલી રહેલો વિવાદ ઉગ્ર બની રહયો છે. મંગળવારના રોજ મળનારી સામાન્યસભા રદ કરી દેવામાં આવી છે. ભરૂચ અને અંકલેશ્વર નગરપાલિકાના સભ્યોને મંગળવારે સામાન્ય સંદર્ભમાં મળેલા પરિપત્રમાં જણાવવામાં આવ્યું છે કે, અનિવાર્ય સંજોગોના કારણે સામાન્ય સભા રદ કરવામાં આવી છે.




વાસ્તવમાં સમિતિઓની રચનાને લઇ ભાજપમાં ચાલી રહેલાં આંતરિક વિખવાદમાં સભા રદ કરવામાં આવી હોવાની વિગતો સામે આવી રહી છે. પવડી, સેનેટરી અને વોટર વર્કસ કમિટીમાં પોતાના માનીતા નગરસેવકોને અધ્યક્ષપદ અપાવવા માટે ધારાસભ્યો અને સંગઠન એડીચોટીનું જોર લગાવી રહયાં છે. ભાજપની સંકલન સમિતિમાં નામોના મામલે બંને પક્ષો વચ્ચે સહમતિ નહિ સધાતાં મામલો ગાંધીનગર સુધી પહોંચી ગયો છે. સોમવારે ભરૂચના સ્થાનિક આગેવાનોને કમલમમાં બોલાવવામાં આવ્યાં છે. સમિતિની રચનાઓ દરમિયાન ફજેતી રોકવા માટે ભાજપના ઈશારે ભરૂચ અને અંકલેશ્વરમાં મંગળવારે મળનારી સામાન્યસભા રદ કરી દેવામાં આવી છે. ભરૂચ જિલ્લાની નગરપાલિકાઓ, તાલુકા પંચાયતો તથા જિલ્લા પંચાયતોમાં પ્રમુખ, ઉપપ્રમુખ, કારોબારી અધ્યક્ષ અને શાસકપક્ષના નેતાની વરણી કરવામાં આવી હતી. કેટલાય હોદ્દાઓ પર છેલ્લી ઘડીએ મેન્ડેટમાં ફેરફાર કરાયો હોવાની વિગતો સામે આવી રહી છે. અંકલેશ્વર પાલિકાની કારોબારી સમિતિના અધ્યક્ષનો મેન્ડેટ પણ પેનથી લખાઇને આવ્યો હોવાની માહિતી બહાર આવી છે. aકેટલીય તાલુકા પંચાયતોમાં નીકળેલા મેન્ડેટમાં નામો પેનથી લખવામાં આવ્યાં છે. પ્રદેશમાંથી આવતાં મેન્ડેટમાં પેનથી નામો કોણે લખ્યાં અને કોને લખાવડાવ્યાં તે ખુદ ભાજપના આગેવાનો અને કાર્યકરોમાં ચર્ચાનો વિષય બની ગયો છે.



### અંગત જીવન સાથે જોડાયેલી સોશિયલ મીડિયાની ચર્ચાઓ અને અફવાઓ પર ખુલીને વાત કરી

# મૌની રોયે સેક્સ્યુઅલિટીની અટકળો પર મૌન તોડ્યું, કહ્યુ વિચિત્ર અફવા હતી કે હું ગે છું

મુંબઇ

અક્ટ્રેસ મૌની રોયે તાજેતરમાં પોતાના અંગત જીવન સાથે જોડાયેલી સોશિયલ મીડિયાની ચર્ચાઓ અને અફવાઓ પર ખુલીને વાત કરી. મોનિકા શર્માના ડિજિટલ ટૉક શોમાં તેમને પૂછવામાં આવ્યું કે બોલિવૂડમાં આવ્યા પછી તેણે પોતાના વિશે સૌથી વિચિત્ર અફવા કઈ સાંભળી. આના પર મૌનીએ જવાબ આપ્યો, "કે હું ગે છું." મૌનીએ આ સવાલનો જવાબ હળવા અંદાજમાં આપ્યો અને સ્પષ્ટ કર્યું કે તે આવી અટકળોને ગંભીરતાથી લેતી નથી. છેલ્લા કેટલાક સમયથી તેનું અંગત જીવન ચર્ચામાં રહ્યું છે અને સોશિયલ મીડિયા પર તેના સંબંધો અને મિત્રતાને લઈને ઘણા પ્રકારના અનુમાન લગાવવામાં આવી રહ્યા છે. મૌનીએ કહ્યું કે તેના સારા-ખરાબ અને મુશ્કેલ સમયમાં નજીકની મહિલા મિત્રોએ હંમેશા સાથ આપ્યો. તેમના મતે, મજબૂત મિત્રતા અને સપોર્ટ સિસ્ટમ કોઈપણ વ્યક્તિને મુશ્કેલ સમયમાંથી બહાર આવવામાં મદદ કરે છે. એક્ટ્રેસે યુવા મહિલાઓ માટે સંદેશ આપતા કહ્યું કે તેને આર્થિક રીતે આત્મનિર્ભર અને ભાવનાત્મક રીતે મજબૂત બનવું જોઈએ. તેના મતે, આત્મનિર્ભરતા માત્ર કરિયર જ નહીં, પરંતુ માનસિક અને ભાવનાત્મક મજબૂતી સાથે પણ જોડાયેલી હોય છે. મૌનીએ કહ્યું કે લોકોના મંતવ્યો અને સોશિયલ મીડિયાની પ્રતિક્રિયાઓ આવતી-જતી રહે છે, પરંતુ સૌથી જરૂરી પોતાને સમજવું અને પોતાના નિર્ણયો પર ભરોસો રાખવો છે. તેણે કહ્યું કે મહિલાઓએ મજબૂત સપોર્ટ સિસ્ટમ બનાવવી જોઈએ અને પોતાની ઓળખ કોઈ બાહ્ય ધારણાથી નક્કી થવા દેવી ન જોઈએ. મૌનીનું આ નિવેદન સોશિયલ મીડિયા પર ચર્ચામાં છે અને લોકો તેની સ્પષ્ટતા અને આત્મનિર્ભરતાના સંદેશ પર પ્રતિક્રિયા આપી રહ્યા છે. અક્ટ્રેસ મૌની રોયે તાજેતરમાં પોતાના અંગત જીવન સાથે જોડાયેલી સોશિયલ મીડિયાની ચર્ચાઓ અને અફવાઓ પર ખુલીને વાત કરી. મોનિકા શર્માના ડિજિટલ ટૉક શોમાં તેમને પૂછવામાં આવ્યું કે બોલિવૂડમાં આવ્યા પછી તેણે પોતાના વિશે સૌથી વિચિત્ર અફવા કઈ સાંભળી. આના પર મૌનીએ જવાબ આપ્યો, "કે હું ગે છું." મૌનીએ આ સવાલનો જવાબ હળવા અંદાજમાં આપ્યો અને સ્પષ્ટ કર્યું કે તે આવી અટકળોને ગંભીરતાથી લેતી નથી. છેલ્લા કેટલાક સમયથી તેનું અંગત જીવન ચર્ચામાં રહ્યું છે.

**મૌનીએ કહ્યું કે લોકોના મંતવ્યો અને સોશિયલ મીડિયાની પ્રતિક્રિયાઓ આવતી-જતી રહે છે**

# સલમાન ખાન જ બિગ બોસ 20 હોસ્ટ કરશે

## 21 સપ્ટેમ્બરથી શૂટિંગ શરૂ થઈ શકે; શોમાં જૂના સ્પર્ધકો પણ જોવા મળશે

મુંબઇ

રિયાલિટી શો 'બિગ બોસ'ની 20મી સીઝન માટે સલમાન ખાન હોસ્ટ તરીકે પરત ફરશે. વેરાયટી ઈન્ડિયાના રિપોર્ટ અનુસાર, તે 21 સપ્ટેમ્બરથી નવી સીઝનનું શૂટિંગ શરૂ કરી શકે છે. આ પહેલા સલમાન ખાન ડિરેક્ટર વામસી પેડિપલ્લીની આગામી એક્શન થ્રિલર ફિલ્મનું મોટાભાગનું શૂટિંગ પૂરું કરવાની તૈયારીમાં છે. આ ફિલ્મમાં નયનતારા પણ જોવા મળશે. સૂત્રો અનુસાર, એક્ટરની ટીમ તેના શૂટિંગ અને શોના શેડ્યૂલને કોઓર્ડિનેટ કરવામાં વ્યસ્ત છે. 'બિગ બોસ 20' માટે શોર્ટલિસ્ટિંગ અને ઓડિશન ટૂંક સમયમાં શરૂ થવાની અપેક્ષા છે. સૂત્રોનું કહેવું છે કે શોના મેકર્સે ઘણા જાણીતા ટીવી પર્સનાલિટીઝનો સંપર્ક કર્યો છે અને પ્રારંભિક વાતચીત ચાલી રહી છે. રિયાલિટી શોના કેટલાક સ્પર્ધકોને નવી સીઝન માટે પણ સામેલ કરવા પર વિચાર કરવામાં આવી રહ્યો છે. આ પહેલ OTT દર્શકોના એન્ગેજમેન્ટને ધ્યાનમાં રાખીને કરવામાં આવી રહી છે. ઉપરાંત, શોના કેટલાક જૂના સ્પર્ધકો પણ પાછા આવી શકે છે. શોના ફોર્મેટ અને સ્પર્ધકોની યાદી વિશે વધુ માહિતી આગામી અઠવાડિયામાં સામે આવી શકે છે. 'બિગ બોસ 19' માં ગૌરવ ખન્ના, ફરહાના ભટ્ટ, અમાલ મલિક, તાન્યા મિત્તલ અને બસીર અલી જેવા સ્પર્ધકો સામેલ હતા. બીજી તરફ, સલમાન ખાન ડિરેક્ટર અપૂર્વ લાખિયાની ફિલ્મ 'માતૃભૂમિ: મે વોર રેસ્ટ ઈન પીસ' માં જોવા મળશે. આ ફિલ્મમાં ચિત્રાંગદા સિંહ પણ છે. સલમાન ફિલ્મમાં કર્નલ બિક્કુમલ્લા સંતોષ બાબુની ભૂમિકા ભજવી રહ્યો છે. ફિલ્મની રિલીઝ ડેટ હજુ નક્કી થઈ નથી. બિગ બોસનો વિચાર 1997માં નેધરલેન્ડમાં શરૂ થયેલા શો બિગ બ્રધર પરથી લેવામાં આવ્યો હતો. ભારતમાં આ શો 2006માં આવ્યો. શરૂઆતમાં તેને વધુ સફળતા મળી ન હતી, પરંતુ સમય જતાં તે સૌથી ચર્ચિત રિયાલિટી શોમાંથી એક બની ગયો. પહેલી સિઝનમાં રાહુલ રોય અને કેરોલ ગ્રેસિયસ જેવા નામ હતા. શોના પહેલા હોસ્ટ અરશદ વારસી હતા.




# કંગનાની ફિલ્મ 'ભારત ભાગ્ય વિધાતા'ની બોક્સ ઓફિસ પર ધીમી શરૂઆત

## ફિલ્મમાં કંગના ઉપરાંત ઈશા ડે, ગિરિજા ઓક અને સ્મિતા તાંબે જેવા કલાકારોએ પણ મહત્વની ભૂમિકા ભજવી છે. આ ફિલ્મને ડૉ. જયંતીલાલ ગડાના પેન સ્ટુડિયોઝ દ્વારા પ્રસ્તુત કરવામાં આવી છે.

મુંબઇ

બોલિવૂડની 'ક્વીન' કંગના રનૌતની મોસ્ટ અવેટેડ ફિલ્મ 'ભારત ભાગ્ય વિધાતા' ગત 12મી જૂનના રોજ દેશભરના થિયેટર્સમાં રિલીઝ થઈ ચૂકી છે. આ ફિલ્મને ઓડિયન્સ અને ક્રિટિક્સ તરફથી સારો પ્રતિસાદ મળી રહ્યો છે, પરંતુ બોક્સ ઓફિસ પર તેની શરૂઆત ધાર્યા કરતાં થોડી ધીમી રહી છે. ફિલ્મે તેના ઓપનિંગ ડે પર બોક્સ ઓફિસ પર અંદાજે રૂપિયા એક કરોડની કમાણી કરી છે. આ દરમિયાન, બોક્સ ઓફિસ કલેક્શનમાં મોટો ઉછાળો લાવવા અને વધુમાં વધુ દર્શકોને થિયેટર સુધી ખેંચવા માટે મેકર્સે એક મોટો દાવ ખેલ્યો છે. ફિલ્મને વધુ સારો રિસ્પોન્સ મળે તે હેતુથી નિર્માતાઓએ દેશભરના સિનેમાપ્રેમીઓ માટે એક શાનદાર ઓફર શરૂ કરી છે. હવે દર્શકો થિયેટર્સમાં એક ટિકિટ ખરીદવા પર બીજી ટિકિટ તદ્દન મફત મેળવી શકશે. આ સ્પેશિયલ ડિસ્કાઉન્ટ ઓફરનો લાભ ઉઠાવવા માટે દર્શકોએ ઓનલાઈન ટિકિટ બુકિંગ પ્લેટફોર્મ 'બુકમાયશો' પર જઈને ટિકિટ બુક કરતી વખતે 'BHARAT' પ્રોમો કોડનો ઉપયોગ કરવાનો રહેશે. મેકર્સને આશા છે કે આ આકર્ષક ઓફર બાદ વિકએન્ડમાં ફિલ્મની કમાણીમાં મોટો વધારો જોવા મળી શકે છે. બોક્સ ઓફિસ ટ્રેકર વેબસાઈટના અહેવાલ અનુસાર, કંગના રનૌત સ્ટારર 'ભારત ભાગ્ય વિધાતા' એ ભારતમાં તેના પહેલા દિવસે રૂપિયા એક કરોડ (નેટ કલેક્શન)ની કમાણી કરી છે. જોકે આ આંકડો ઘણો નાનો છે, પણ ફિલ્મની સ્ટોરી લાઈન મજબૂત હોવાથી આવનારા દિવસોમાં 'વર્ડ ઓફ માઉથ'ના કારણે કલેક્શન વધવાની પૂરેપૂરી સંભાવના છે. આ ફિલ્મ વર્ષ 2008માં મુંબઈમાં થયેલા ભયાનક આતંકવાદી હુમલા દરમિયાન કામા હોસ્પિટલમાં બનેલી સાચી ઘટનાઓથી પ્રેરિત છે. આતંકીઓના હુમલા વચ્ચે પોતાની જાન જોખમમાં મૂકીને દર્દીઓના જીવ બચાવનારા બહાદુર નર્સ, ડોક્ટર્સ અને મેડિકલ સ્ટાફની અનટોલ્ડ સ્ટોરી આ ફિલ્મમાં દર્શાવવામાં આવી છે. ફિલ્મમાં કંગના રનૌતે એક બહાદુર નર્સની મુખ્ય ભૂમિકા ભજવી છે. 'ભારત ભાગ્ય વિધાતા' નું લેખન અને ડિરેક્શન મનોજ તાપડિયાએ કર્યું છે.





# 38 વર્ષે માતા બની ટીવી અભિનેત્રી સુરભિ જ્યોતિ, નાનકડી પરીનું આગમન

## અભિનેત્રીએ સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા ચાહકો સાથે આ ગુડ ન્યુઝ શેર કર્યા છે. ચાહકો અને સેલિબ્રિટીઓ સુરભી અને તેના પતિને અભિનંદન આપી રહ્યા છે

મુંબઇ

પ્રખ્યાત ટીવી અભિનેત્રી સુરભી જ્યોતિ માતા બની છે. તેણે એક બાળકીને જન્મ આપ્યો છે. અભિનેત્રીએ સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા ચાહકો સાથે આ ગુડ ન્યુઝ શેર કર્યા છે. ચાહકો અને સેલિબ્રિટીઓ સુરભી અને તેના પતિને અભિનંદન આપી રહ્યા છે. સુરભી જ્યોતિએ 13 જૂને દીકરીને જન્મ આપ્યો હતો. જોકે તેણે એક દિવસ પછી 14 જૂને પોસ્ટ શેર કરી હતી. પોસ્ટમાં એક ફૂલ છે જેના કેપ્શનમાં લખ્યું છે, ઈટ્સ અ ગર્લ. તેની દીકરીના જન્મની તારીખ, 13 જૂન, પણ લખેલી છે. તેમાં લખ્યું છે. લવ સુરભિ અને સુમિત. સુરભીએ પોસ્ટ સાથે કેપ્શન આપ્યું છે. અમારા ઘરે દીકરી આવી ગઈ છે. અમારા હૃદય પ્રેમ અને કૃતજ્ઞતાથી ભરાઈ ગયું છે. ડિજિટલ ન્યૂઝલેટર સબ્સ્ક્રિપ્શન સુરભીની પુત્રીના જન્મ વિશેની પોસ્ટ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે. કોમેન્ટ વિભાગમાં ચાહકો અને સેલિબ્રિટીઝ સુરભી અને તેના પતિને પેરેન્ટ ક્લબમાં જોડાવા બદલ અભિનંદન આપી રહ્યા છે. ચાહકો પણ આ કપલ પર પ્રેમનો વરસાદ કરી રહ્યા છે. હવે દરેક વ્યક્તિ તેમની નાની રાજકુમારીને જોવા માટે ઉત્સુક છે. લગ્નના 2 વર્ષ પછી માતા બની સુરભી જ્યોતિ ટીવી જગતની સૌથી પ્રખ્યાત અભિનેત્રીઓમાંની એક છે. સુરભીએ 2024 માં તેના લાંબા સમયના બોયફ્રેન્ડ સુમિત સુરી સાથે ભવ્ય લગ્ન કર્યા હતા. તેમના લગ્નના બે વર્ષ પછી, આ દંપતી પેરેન્ટ ક્લબમાં જોડાયું છે. સુરભી અને સુમિત પુત્રીના આશીર્વાદથી ખૂબ જ ખુશ છે. સુરભી તેની ગર્ભાવસ્થાની સફર દરમિયાન ખૂબ જ સક્રિય રહી છે. તેણીએ તેના ચાહકો સાથે દરેક ક્ષણ શેર કરી છે. અભિનેત્રીના ઘણા મેટરનિટી ફોટોશૂટને સોશિયલ મીડિયા પર ખૂબ જ પસંદ કરવામાં આવ્યા છે. હવે, સુરભી આખરે એક સુંદર પુત્રીની માતા બની ગઈ છે. પ્રખ્યાત ટીવી અભિનેત્રી સુરભી જ્યોતિ માતા બની છે. તેણે એક બાળકીને જન્મ આપ્યો છે. અભિનેત્રીએ સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા ચાહકો સાથે આ ગુડ ન્યુઝ શેર કર્યા છે. ચાહકો અને સેલિબ્રિટીઓ સુરભી અને તેના પતિને અભિનંદન આપી રહ્યા છે.


# બેબી બમ્પ ફ્લોન્ટ કરતી અભિનેત્રી કરિશ્મા તન્ના, વર્કઆઉટ વીડિયોએ ખેંચ્યું ચાહકોનું ધ્યાન

બેંગલુરુ

કરિશ્મા તન્ના પોતાની ગર્ભાવસ્થાનો આનંદ માણી રહી છે અને દરેક માતાની જેમ, સ્વસ્થ ડિલિવરી સુનિશ્ચિત કરવા માટે જીવનશૈલીમાં અનેક ફેરફારો કર્યા છે. પોતાના પહેલા બાળકને જન્મ આપતા પહેલા, અભિનેત્રી તેના આહાર અને યોગ્ય વર્કઆઉટ રૂટિન સહિત દરેક સાવચેતી રાખી રહી છે, જે તેના સોશિયલ મીડિયા પરથી સ્પષ્ટ થાય છે. આ દરમિયાન, 42 વર્ષીય કરિશ્મા તન્નાએ એક વર્કઆઉટ વીડિયો શેર કર્યો છે, જે ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. તેમાં તેનો પાલતુ કૂતરો પણ જોવા મળી રહ્યો છે, જેને તે તેના વર્કઆઉટ પાર્ટનર તરીકે વર્ણવે છે. ગર્ભવતી કરિશ્મા તન્નાનું પ્રિનેટલ વર્કઆઉટ પ્રસિદ્ધ ટીવી અભિનેત્રી કરિશ્મા તન્ના ટૂંક સમયમાં તેના પહેલા બાળકને જન્મ આપવાની છે, અને તે અથાક કસરત કરી રહી છે. હાલમાં તેના ત્રીજા ત્રિમાસિકમાં, તેણે આ ડરને સ્વસ્થ વર્કઆઉટમાં ફેરવી દીધો છે. તેની નવી શૈલીએ એક નવો ટ્રેન્ડ સેટ કર્યો છે, જે પ્રશંસનીય છે. કરિશ્મા તન્નાએ ઈન્સ્ટાગ્રામ પર એક વીડિયો પોસ્ટ કર્યો છે જેમાં તે પિલેટ્સ એકેડેમીની અંદર શાંતિથી હળવી કસરતો, સ્ટ્રેચિંગ અને કાર્ડિયો મૂવમેન્ટ્સ કરતી જોવા મળી રહી છે. વીડિયો દરમિયાન તેણે તેના બેબી બમ્પને પણ ફ્લોન્ટ કર્યો છે. અભિનેત્રી કરિશ્મા તન્નાએ 6 એપ્રિલે પતિ-ઉદ્યોગપતિ વરુણ બંગેરા સાથે પોતાની પહેલી ગર્ભાવસ્થાની જાહેરાત કરી હતી. આ દંપતીએ ઈન્સ્ટાગ્રામ પર આ ખુશખબર શેર કરી હતી, જેમાં જાહેર કરવામાં આવ્યું હતું કે તેમનું બાળક ઓગસ્ટ 2026 માં આવવાનું છે. ફોટામાં, કરિશ્મા અને વરુણ "મમ્મી" અને "પપ્પા" ની ટોપીઓ પહેરીને, તેમના કૂતરાઓ અને તેમના નાના બાળકો સાથે પોઝ આપતા જોઈ શકાય છે.

કરિશ્મા તન્નાએ લગ્ન પહેલા કોને ડેટ કરી હતી?

કરિશ્મા તન્નાએ 5 ફેબ્રુઆરી, 2022 ના રોજ મુંબઈમાં એક ભવ્ય બીચસાઈડ સમારોહમાં મુંબઈના રિયલ એસ્ટેટ ઉદ્યોગપતિ વરુણ બંગેરા સાથે લગ્ન કર્યા હતા. લગ્ન પહેલા, કરિશ્મા તન્નાના સૌથી ચર્ચિત સંબંધ અભિનેતા ઉપેન પટેલ સાથે હતા, જેમને તે 2014 માં "બિગ બોસ 8" દરમિયાન મળી હતી.



### 29મી મિનિટે સ્કોટલેન્ડે પ્રથમ લીડ મેળવી, જે અંત સુધી નિર્ણાયક સાબિત થઈ

# ફિફા વર્લ્ડ કપ 2026માં સ્કોટલેન્ડની 36 વર્ષ પછી ઐતિહાસિક જીત

મુંબઈ

ફૂટબોલની મેચ માત્ર ખેલાડીઓની મહેનતથી નથી જીતાતી, ક્યારેક રેફરીની એક ભૂલ પણ આખી મેચનું પાસું પલ્ટી નાંખતી હોય છે. બોસ્ટનના મેદાન પર કંઈક એવું જ થયું. ફિફા વર્લ્ડ કપ 2026 માં સ્કોટલેન્ડે હૈતીને હરાવીને 36 વર્ષ બાદ આ રમતોત્સવમાં જીતનો જશ્ન મનાવ્યો. પરંતુ, આ વિજયની ઉજવણી વચ્ચે મેદાન પર લેવાયેલા વિવાદાસ્પદ નિર્ણયોએ ફૂટબોલ જગતમાં એક નવી ચર્ચા જગાવી દીધી છે. શું ખરેખર હૈતી સાથે અન્યાય થયો? આવો જાણીએ આ રોમાંચક અને વિવાદોથી ઘેરાયેલી મેચની સંપૂર્ણ વિગત. ફિફા વર્લ્ડ કપ 2026ના ગ્રુપ Cની એક મહત્ત્વપૂર્ણ મેચમાં સ્કોટલેન્ડે હૈતી સામે 1-0 થી શાનદાર જીત મેળવી હતી. સ્કોટલેન્ડના ફૂટબોલ ઈતિહાસ માટે આ જીત અત્યંત ભાવુક ક્ષણ લઈને આવી છે, કારણ કે 1990 પછી વર્લ્ડ કપમાં સ્કોટલેન્ડની આ પ્રથમ જીત છે. અત્રે ઉલ્લેખનીય છે કે 1998 પછી સ્કોટલેન્ડની ટીમ પહેલીવાર ફૂટબોલ વર્લ્ડ કપ માટે ક્વોલિફાય કરી શકી છે. મેચની શરૂઆતથી જ બંને ટીમો વચ્ચે જોરદાર ટક્કર જોવા મળી હતી. 29મી મિનિટે સ્કોટલેન્ડે પ્રથમ લીડ મેળવી, જે અંત સુધી નિર્ણાયક સાબિત થઈ. ફોરવર્ડ ચે એડમ્સે એક લોંગ બોલને ખૂબ જ સુંદર રીતે કંટ્રોલ કર્યો અને તેને બેન ગેનોન-ડોક તરફ પાસ કર્યો. ગેનોન-ડોક દ્વારા કરવામાં આવેલા ક્રોસને હૈતીના ડિફેન્ડરે બ્લોક કરવાનો પ્રયત્ન કર્યો, પરંતુ બોલ સીધો જોન મેકગિન પાસે પહોંચી ગયો. મેકગિને કોઈ પણ ભૂલ કર્યા વિના, બોક્સની ધાર પરથી એક જોરદાર શોટ ફટકાર્યો. હૈતીના ગોલકીપર જોની પ્લેસિડ આ શૉટને રોકવામાં નિષ્ફળ રહ્યા અને બોલ સીધો નેટમાં ગયો. રેફરીના વિવાદાસ્પદ નિર્ણયો અને હેન્ડબોલનો વિવાદ અલ્જેરિયાના જાણીતા રેફરી મુસ્તફા ઘોરબાલ આ મેચમાં રેફરી હતા, પરંતુ તેમના કેટલાક નિર્ણયો હૈતીની ટીમ માટે આંચકાજનક રહ્યા હતા. 73મી મિનિટનો વિવાદ: મેચની 73મી મિનિટે સ્કોટલેન્ડના એક ડિફેન્ડરને બોલ વાગ્યો હતો. હૈતીના ખેલાડીઓએ પેનલ્ટીની માંગ કરી, પરંતુ રેફરીએ તેને નકારી કાઢી હતી. 79મી મિનિટે પેનલ્ટી ન મળી: સૌથી મોટો વિવાદ મેચની 79મી મિનિટે થયો જ્યારે હૈતીના જીન-રિકનર બેલેગાર્ડે બોક્સની અંદરથી એક પાવરફુલ કિક મારી. આ બોલ સ્પષ્ટપણે બોક્સની અંદર સ્કોટિશ ડિફેન્ડરના હાથ પર વાગ્યો હતો. ફૂટબોલના નિયમો મુજબ ડી-બોક્સની અંદર હેન્ડબોલ થવા પર વિરોધી ટીમને પેનલ્ટી મળવી જોઈએ. હૈતીના ખેલાડીઓએ મેદાન પર જોરદાર અપીલ કરી, પરંતુ રેફરી મુસ્તફા ઘોરબાલે તેને અવગણી દીધી. આશ્ચર્યની વાત એ છે કે આટલા મોટી ટૂર્નામેન્ટમાં VAR (વિડીયો આસિસ્ટન્ટ રેફરી) એ પણ આ નિર્ણયમાં દખલ ન કરી.



## ટી20 મુંબઈની ફાઈનલ મેચમાં ખેલાડીઓ વચ્ચે બોલાચાલી

ચંડીગઢ

ટી20 મુંબઈ 2026ની ફાઈનલ મેચમાં મેદાન પર જોરદાર ડ્રામા જોવા મળ્યો હતો. આર્ક્સ અંધેરી અને મરાઠા રોયલ્સ વચ્ચે વાનખેડે સ્ટેડિયમમાં ખિતાબી મુકાબલો રમાયો હતો. બીજી ઈનિંગની 19મી ઓવરમાં અંધેરીના બેટ્સમેન ગૌરવ જઠાર અને રોયલ્સના ખેલાડી રોહન રાજે વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી.

આ દરમિયાન માહોલ ગરમા ગરમીનો થઈ ગયો હતો. ગૌરવ જઠાર અને રોહન રાજે વચ્ચે વિવાદ 19મી ઓવરના બીજા બોલ પર ગૌરવ જઠારે સિક્સર ફટકારી હતી પરંતુ આગામી બોલ પર ઈરફાન ઉમૈરે તેની વિકેટ લઈ લીધી. પેવેલિયન પરત ફરતી વખતે ડગઆઉટ પાસે ફિલ્ડિંગ કરી રહેલા રોહન રાજે સાથે ગૌરવની દલીલ થવા લાગી. પહેલા ચોથા અમ્પાયરે બંનેને અલગ કર્યા પરંતુ બંને ફરી એકબીજાની નજીક આવી ગયા અને જોરદાર દલીલ કરવા લાગ્યા. આ પછી અંધેરીની આખી ટીમે આવવું પડ્યું અને બંનેને અલગ કરવા પડ્યા. આ દરમિયાન મરાઠા રોયલ્સના ખેલાડીઓ પણ આવી ગયા અને તેમણે રાજેને દૂર કર્યો. છેલ્લી ઓવરમાં મરાઠા રોયલ્સે જીત મેળવી. સિદ્ધેશ લાડની કેપ્ટનશીપવાળી મરાઠા રોયલ્સે પહેલા બેટિંગ કરતા 5 વિકેટે 154 રન બનાવ્યા હતા. ચિન્મય રાજેશ સુતારે સૌથી મોટી 61 રનની ઈનિંગ રમી હતી. ટી20 મુંબઈ 2026ની ફાઈનલ મેચમાં મેદાન પર જોરદાર ડ્રામા જોવા મળ્યો હતો. આર્ક્સ અંધેરી અને મરાઠા રોયલ્સ વચ્ચે વાનખેડે સ્ટેડિયમમાં ખિતાબી મુકાબલો રમાયો હતો. બીજી ઈનિંગની 19મી ઓવરમાં અંધેરીના બેટ્સમેન ગૌરવ જઠાર અને રોયલ્સના ખેલાડી રોહન રાજે વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી. આ દરમિયાન માહોલ ગરમા ગરમીનો થઈ ગયો હતો. ગૌરવ જઠાર અને રોહન રાજે વચ્ચે વિવાદ 19મી ઓવરના બીજા બોલ પર ગૌરવ જઠારે સિક્સર ફટકારી હતી પરંતુ આગામી બોલ પર ઈરફાન ઉમૈરે તેની વિકેટ લઈ લીધી.

### મેં ઓળખ આપી છતાં પીટ્યો: નઈમ

## બાંગ્લાદેશી ક્રિકેટરને પોલીસે લાકડી અને પાઈપોથી માર્યો, ક્રિકેટ જગતમાં ખળભળાટ

ઢાકા



બાંગ્લાદેશના આંતરરાષ્ટ્રીય ક્રિકેટર નઈમ હસન સાથે પોલીસ દ્વારા બર્બરતાપૂર્વક મારપીટ કરવાનો એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. આ હાઈપ્રોફાઈલ ઘટનાને પગલે બાંગ્લાદેશ ક્રિકેટ જગતમાં ભારે ખળભળાટ મચી ગયો છે. બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ (BCB) એ આ સમગ્ર ઘટનાને સંપૂર્ણપણે અસ્વીકાર્ય ગણાવીને સરકાર પાસે ન્યાયી તપાસની માંગ કરી છે.

બોર્ડના નવા અધ્યક્ષ અને પૂર્વ દિગ્ગજ ક્રિકેટર તમીમ ઈકબાલે સોશિયલ મીડિયા પર આ ઘટનાની આકરી નિંદા કરીને સ્પિનર નઈમ હસનને તમામ સંભવિત મદદની ખાતરી આપી છે. BCB અધ્યક્ષ તમીમ ઈકબાલે જણાવ્યું હતું કે 'ગઈરાત્રે નઈમ હસન સાથે જે કંઈ પણ થયું તે કોઈ પણ સંજોગોમાં ચલાવી શકાય નહીં. ઘટનાની જાણ થતાં જ મેં ગઈરાત્રે જ નઈમ સાથે ફોન પર વાત કરી હતી અને તેને સુરક્ષા તેમજ કાનૂની મદદનો ભરોસો આપ્યો છે. આ મુદ્દે મેં બોર્ડના અન્ય ઉચ્ચ અધિકારીઓ સાથે પણ ચર્ચા કરી છે અને ટૂંક સમયમાં જ કડક કાર્યવાહી કરવામાં આવશે.' મળતી વિગતો અનુસાર, આ ઘટના શુક્રવારે રાત્રે ચટ્ટગ્રામ ખાતે બની હતી. ઓફ-સ્પિનર નઈમ હસન ઢાકા પ્રીમિયર ડિવિઝન ક્રિકેટ લીગમાં ભાગ લઈને ઢાકા એરપોર્ટથી કાર દ્વારા પોતાના ઘરે ચટ્ટગ્રામ પરત ફરી રહ્યા હતા. રાત્રિના અંધારામાં કેટલાક પોલીસકર્મીઓએ તેમની કારને અધવચ્ચે રોકી લીધી હતી અને કોઈપણ કારણ વગર તેમની સાથે મારપીટ શરૂ કરી દીધી હતી.

# ગિલ-રાહુલની દમદાર બેટિંગથી ભારતનો અફઘાનિસ્તાન સામે વિજય

### આ પહેલા પાકિસ્તાન સામેની સેમિફાઇનલમાં પણ આશિષે હેટ્રિક ફટકારીને 4 ગોલ કર્યા હતા

ધર્મશાલા

ધર્મશાલા ખાતે રમાયેલી રોમાંચક પ્રથમ વનડે મેચમાં ભારતે અફઘાનિસ્તાનને 7 વિકેટે કરારી હાર આપી છે. વરસાદના કારણે આ મુકાબલો 4 કલાક અને 15 મિનિટના વિલંબથી શરૂ થયો હતો, જેના લીધે મેચને ઘટાડીને 25-25 ઓવરની કરવામાં આવી હતી.

ભારતીય કેપ્ટન શુભમન ગિલે ટોસ જીતીને પહેલા બોલિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. અફઘાનિસ્તાનની ટીમ 24.5 ઓવરમાં 194 રન બનાવીને ઓલઆઉટ થઈ ગઈ હતી. જવાબમાં ભારતીય ટીમે 13 બોલ બાકી રહેતા માત્ર 3 વિકેટ ગુમાવીને આ સરળ લક્ષ્ય હાંસલ કરી લીધો હતો. આ જીત સાથે ભારતે 3 મેચોની વનડે સિરીઝમાં 1-0ની સરસાઈ મેળવી લીધી છે. ગુરબાઝની તોફાની



સદી, શાહિદી સાથે 116 રનની પાર્ટનરશીપ કરી પહેલા બેટિંગ કરવા ઉતરેલી અફઘાનિસ્તાનની શરૂઆત ખૂબ જ ખરાબ રહી હતી અને માત્ર 26 રનના સ્કોર પર તેની 3 વિકેટો પડી ગઈ હતી.

ઈબ્રાહિમ ઝાદરાન 1 રન, સેદિકુલ્લાહ અટલ 3 રન અને રહમત શાહ 3 રન બનાવીને સસ્તામાં આઉટ થઈ ગયા હતા. જોકે, ઓપનર રહમાનુલ્લાહ ગુરબાઝે આક્રમક બેટિંગ કરી હતી. તેણે કેપ્ટન હશમતુલ્લાહ શાહિદી (27 રન) સાથે ચોથી વિકેટ માટે 116 રનની મજબૂત ભાગીદારી કરી હતી. ગુરબાઝે માત્ર 51 બોલમાં 8 ચોગ્ગા અને 8 છગ્ગાની મદદથી 102 રનની ધમાકેદાર ઈનિંગ રમી હતી. અઝમતુલ્લાહ ઓમરઝઈએ 26 રનનું યોગદાન આપ્યું હતું. ગુરબાઝ આઉટ થયા બાદ બાકીના બેટ્સમેનો ટકી શક્યા નહોતા અને આખી ટીમ 194 રને ઓલઆઉટ થઈ ગઈ હતી. ભારત તરફથી આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ડેબ્યુ કરી રહેલા બંને યુવા બોલરોએ શાનદાર પ્રદર્શન કર્યું હતું.

ઝડપી બોલર ગુરનૂર બ્રારે પોતાની તેજ ગતિથી અફઘાન બેટ્સમેનોને મુશ્કેલીમાં મૂક્યા હતા અને 4.5 ઓવરમાં 27 રન આપીને 3 વિકેટ ઝડપી હતી. જ્યારે ડેબ્યુ કરી રહેલા ડાબોડી સ્પિનર હર્ષ દુબેએ પણ 47 રનમાં 3 વિકેટ પોતાના નામે કરી હતી. આ સિવાય અર્શદીપ સિંહ અને નીતિશ કુમાર રેડ્ડીએ પણ બે-બે વિકેટ ઝડપી હતી. 195 રનના લક્ષ્યનો પીછો કરવા ઉતરેલી ભારતીય ટીમ માટે કેપ્ટન શુભમન ગિલે સદી ફટકારી હતી. ધર્મશાલા ખાતે રમાયેલી રોમાંચક પ્રથમ વનડે મેચમાં ભારતે અફઘાનિસ્તાનને 7 વિકેટે કરારી હાર આપી છે. વરસાદના કારણે આ મુકાબલો 4 કલાક અને 15 મિનિટના વિલંબથી શરૂ થયો હતો, જેના લીધે મેચને ઘટાડીને 25-25 ઓવરની કરવામાં આવી હતી. ભારતીય કેપ્ટન શુભમન ગિલે ટોસ જીતીને પહેલા બોલિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. અફઘાનિસ્તાનની ટીમ 24.5 ઓવરમાં 194 રન બનાવીને ઓલઆઉટ થઈ ગઈ હતી. જવાબમાં ભારતીય ટીમે 13 બોલ બાકી રહેતા માત્ર 3 વિકેટ ગુમાવીને આ સરળ લક્ષ્ય હાંસલ કરી લીધો હતો. આ જીત સાથે ભારતે 3 મેચોની વનડે સિરીઝમાં 1-0ની સરસાઈ મેળવી લીધી છે.

## બિઝનેસ

### 6 અઠવાડિયામાં કંપનીઓ આ માટે ગાડીઓ, મોંઘા પેટ્રોલમાંથી મળશે રાહત

# 100% ઇથેનોલથી ચાલશે ગાડીઓ, સરકારે આપી મંજૂરી

મુંબઈ

કેન્દ્ર સરકારે દેશમાં 100% શુદ્ધ ઈથેનોલને ઈંધણ તરીકે ઉપયોગ કરવાની મંજૂરી આપી દીધી છે. કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ શનિવાર, 13 જૂને નાગપુરમાં એક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન આ માહિતી આપી. તેમણે જણાવ્યું કે આ નિર્ણય સાથે જોડાયેલા નિયમો અને રેગ્યુલેશન્સને અંતિમ રૂપ આપતી ફાઈલ પર તેમણે સહી કરી દીધી છે. આ પગલાનો મુખ્ય ઉદ્દેશ્ય દેશની ક્રૂડ ઓઈલ (ફોસિલ ફ્યુઅલ)ની આયાત પર નિર્ભરતા ઘટાડવાનો અને ટ્રાન્સપોર્ટ સેક્ટરમાંથી થતા પ્રદૂષણને રોકવાનો છે. આગામી 6 અઠવાડિયામાં બજારમાં આવશે ઈથેનોલથી ચાલતી કારો કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું કે દેશના ઓટોમોબાઈલ



સેક્ટરે આ બદલાવને સ્વીકારી લીધો છે અને ઘણી મોટી કંપનીઓ 100% ઈથેનોલથી ચાલતા વાહનો બજારમાં ઉતારવા માટે સંપૂર્ણપણે તૈયાર છે. ગડકરીના મતે, ટોયોટા, સુઝુકી, MG અને હ્યુન્ડાઈ સહિત અન્ય કંપનીઓ આગામી 6 અઠવાડિયાની અંદર પોતાના એવા નવા મોડલ્સ ભારતીય બજારમાં લોન્ચ કરવા જઈ રહી છે જે સંપૂર્ણપણે ઈથેનોલ પર ચાલશે. પેટ્રોલની સરખામણીમાં ઘણો સસ્તો વિકલ્પ, આયાત બિલ ઘટશે નિતિન ગડકરીએ ભારપૂર્વક જણાવ્યું કે ઈથેનોલ પેટ્રોલની સરખામણીમાં સસ્તો અને ટકાઉ વિકલ્પ બની શકે છે. ભારત હાલમાં તેની જરૂરિયાતનો મોટો હિસ્સો વિદેશોમાંથી ક્રૂડ ઓઈલ આયાત કરીને પૂરો કરે છે, જેનાથી દેશના ખજાના પર નાણાકીય બોજ પડે છે. 100% ઈથેનોલના આગમનથી માત્ર સામાન્ય જનતાને મોંઘા પેટ્રોલમાંથી રાહત મળશે એટલું જ નહીં, પરંતુ ભારતનું ભારે ઈંધણ આયાત બિલ પણ મોટા પ્રમાણમાં ઘટશે. ઈથેનોલ એક પ્રકારનો આલ્કોહોલ છે, જે સ્ટાર્ચ અને સુગરના ફર્મેન્ટેશનથી બનાવવામાં આવે છે. તેને પેટ્રોલમાં ભેળવીને વાહનોમાં ઈકો-ફ્રેન્ડલી ઈંધણ તરીકે ઉપયોગમાં લેવાય છે. ઈથેનોલનું ઉત્પાદન મુખ્યત્વે શેરડીના રસમાંથી થાય છે, પરંતુ સ્ટાર્ચ ધરાવતી સામગ્રીઓ જેવી કે મકાઈ, સડેલા બટાકા, કસાવા અને સડેલી શાકભાજીમાંથી પણ ઈથેનોલ તૈયાર કરી શકાય છે. ફર્સ્ટ જનરેશન ઈથેનોલ : ફર્સ્ટ જનરેશન ઈથેનોલ શેરડીના રસ, મીઠા બીટ, સડેલા બટાકા, મીઠા જુવાર અને મકાઈમાંથી બનાવવામાં આવે છે. સેકન્ડ જનરેશન ઈથેનોલ : સેકન્ડ જનરેશન ઈથેનોલ સેલ્યુલોઝ અને લિગ્નોસેલ્યુલોસિક મટિરિયલ જેવા કે ચોખાની ભૂસી, ઘઉંની ભૂસી, કોર્નકોબ (મકાઈનો ડોડો), વાંસ અને વુડી બાયોમાસમાંથી બનાવવામાં આવે છે.

### સોનાના ભાવ પણ આસમાનેથી જમીન પર આવ્યા

# ચાંદી ઓલ ટાઇમ હાઇથી ₹ 2.10 લાખ તો સોનું 53000 જેટલું સસ્તું થયું

મુંબઈ

સોના અને ચાંદીના રોકાણકારો માટે બજારમાંથી રાહતના સમાચાર સામે આવ્યા છે. મધ્ય પૂર્વના તણાવ અને વૈશ્વિક બજારની અસરો વચ્ચે, ઘરેલું અને વાયદા બજાર (MCX) બંનેમાં સોના-ચાંદીના ભાવમાં મોટો કડાકો જોવા મળ્યો છે. ચાંદી તેના ઓલ-ટાઈમ હાઈ લેવલથી ખૂબ જ સસ્તી થઈ ગઈ છે, જ્યારે સોનાના ભાવમાં પણ પાછલા કેટલાક દિવસોમાં હજારો રૂપિયાનો ઘટાડો નોંધાયો છે. ચાંદીના ભાવમાં મોટો ક્રેશ વાયદા બજાર (MCX) પર 3 જુલાઈની એક્સપાયરી વાળી ચાંદીના ભાવમાં ગત સપ્તાહના અંતે નજીવો સુધારો જોવા મળ્યો હતો, પરંતુ એકંદરે આખું અઠવાડિયું તે ઘટાડા તરફ જ રહ્યું હતું. સાપ્તાહિક ઘટાડો: 5 જૂનના રોજ MCX પર ચાંદીનો ભાવ રૂ. 2,48,537 પર ક્લોઝ થયો હતો, જે શુક્રવારે ઘટીને રૂ. 2,46,604 પર




બંધ આવ્યો હતો. એટલે કે પ્રતિ કિલોએ 1933 નો ઘટાડો થયો છે. 10 દિવસમાં રૂ.20,000 થી વધુનો કડાકો: જૂન મહિનાની શરૂઆતથી જ ચાંદી સતત તૂટી રહી છે. મે મહિનાના અંતિમ ટ્રેડિંગ દિવસે ચાંદીનો ભાવ રૂ. 2,66,998 પ્રતિ કિલો હતો, જે વર્તમાન ભાવની તુલનાએ માત્ર 10 દિવસમાં જ રૂ. 20,394 જેટલો ઘટી ગયો છે. લાઈફ ટાઈમ હાઈથી ભારે ડિસ્કાઉન્ટ: જાન્યુઆરી મહિનામાં ચાંદીએ પહેલીવાર રૂ. 4,00,000 નો આંકડો પાર કરીને રૂ. 4,57,328 નો રેકોર્ડ હાઈ સ્તર બનાવ્યો હતો. આ ઐતિહાસિક સ્તરથી ચાંદી હાલમાં રૂ. 2,10,724 પ્રતિ કિલો જેટલી સસ્તી મળી રહી છે. સોનાના ભાવ પણ આસમાનેથી જમીન પર આવ્યા ચાંદીની સરખામણીએ પાછલા અઠવાડિયે સોનાના ભાવમાં બહુ મોટી નબળાઈ જોવા મળી છે. MCX પર 5 ઓગસ્ટની એક્સપાયરી વાળું 24 કેરેટ સોનુ (10 Gram) પાછલા 5 દિવસમાં ભારે તૂટ્યું છે. 5 દિવસમાં રૂ. 4900 નો ઘટાડો: 5 જૂન ના રોજ સોનાનો વાયદો રૂ. 1,55,594 પર હતો, જે શુક્રવારે બંધ થતાં સુધીમાં રૂ. 1,50,675 પર આવી ગયો હતો. આમ, 10 ગ્રામ સોનામાં રૂ. 4919 નો સીધો ઘટાડો થયો છે.

### ICICI બેંક ટોપ ગેનર રહી, વેલ્યુ ₹56,223 કરોડ વધી

# ટોપ-10 કંપનીઓમાંથી 8ની વેલ્યુ ₹1.90 લાખ કરોડ વધી: SBI-HDFC બેંકનું માર્કેટ કેપ વધ્યું

**ICICI બેંકનું વેલ્યુએશન સૌથી વધુ ₹56,223 કરોડ વધીને કુલ ₹9.61 લાખ કરોડ પર પહોંચી ગયું. HDFC બેંકનું માર્કેટ કેપ ₹38,571 કરોડ વધીને ₹11.89 લાખ કરોડ પર પહોંચી ગયું છે.**

મુંબઈ

ગયા અઠવાડિયે શેરબજારમાં તેજીના કારણે દેશની ટોપ-10 સૌથી વેલ્યુએબલ કંપનીઓમાંથી 8ના માર્કેટ કેપિટલાઈઝેશનમાં 1.90 લાખ કરોડનો વધારો નોંધાયો છે. આ સમયગાળા દરમિયાન, પ્રાઈવેટ સેક્ટરની ICICI બેંકે સૌથી વધુ નફો કમાવ્યો અને તે યાદીમાં ટોચ પર રહી. ICICI બેંકનું વેલ્યુએશન સૌથી વધુ 56,223 કરોડ વધીને કુલ 9.61 લાખ કરોડ પર પહોંચી ગયું. HDFC બેંકનું માર્કેટ કેપ 38,571 કરોડ વધીને 11.89 લાખ કરોડ પર પહોંચી ગયું છે. આ ઉપરાંત, SBI, બજાજ ફાઈનાન્સ, ભારતી એરટેલ, લાર્સન એન્ડ ટુબ્રો, હિન્દુસ્તાન યુનિલિવર અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝનું મૂલ્ય પણ વધ્યું છે. જ્યારે TCS અને LICનું માર્કેટ વેલ્યુ ગયા અઠવાડિયે ઘટ્યું છે. ગયા અઠવાડિયાના કારોબાર પછી, હવે વેલ્યુએશનના મામલે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ પ્રથમ સ્થાને




યથાવત છે. ત્યારબાદ HDFC બેંક, ભારતી એરટેલ, ICICI બેંક, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, TCS, બજાજ ફાઈનાન્સ, લાર્સન એન્ડ ટુબ્રો, હિન્દુસ્તાન યુનિલિવર અને LICનો નંબર આવે છે. ગયા અઠવાડિયે સેન્સેક્સ 1,284 પોઈન્ટ અને નિફ્ટી 256 પોઈન્ટ વધ્યો હતો ગયા અઠવાડિયે સેન્સેક્સ 1,284.61 (1.73%) પોઈન્ટ અને નિફ્ટી 256.2 (1%) પોઈન્ટ વધ્યો હતો. જ્યારે શુક્રવાર, 12 જૂને સેન્સેક્સ 1,695 પોઈન્ટ ઉછળીને 75,527 પર બંધ થયો હતો, જ્યારે નિફ્ટી 461 પોઈન્ટ ચઢીને 23,622 ના સ્તરે પહોંચી ગયો હતો. બજારમાં તેજીનું કારણ: ગ્લોબલ સેન્ટિમેન્ટ અને RBIના નિર્ણયો રેલીગેર બ્રોકિંગ લિમિટેડના રિસર્ચ SVP (SVP) અજીત મિશ્રાએ જણાવ્યું કે ભારતીય શેરબજારે ઉતાર-ચઢાવ ભરેલા સપ્તાહનો અંત મજબૂતી સાથે કર્યો છે. બજારે છેલ્લા બે અઠવાડિયાથી ચાલી રહેલા ઘટાડાના સિલસિલાને તોડી નાખ્યો છે. ગ્લોબલ સેન્ટિમેન્ટમાં સુધારો અને વિદેશી મુદ્રાના ઈનફ્લોને આકર્ષવા માટે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) દ્વારા લેવાયેલા સહાયક પગલાંથી બજારને ટેકો મળ્યો. અમેરિકા-ઈરાન શાંતિ કરારની અપેક્ષાથી બજારમાં તેજી આવી અજીત મિશ્રાના મતે, અમેરિકા અને ઈરાન વચ્ચે સંભવિત શાંતિ કરારને લઈને જે આશાવાદ બન્યો છે, તેનાથી રોકાણકારોનો વિશ્વાસ મજબૂત થયો છે. આ કરારની અપેક્ષાથી ભૌગોલિક રાજકીય તણાવ ઓછો થવાની અને એનર્જી માર્કેટ્સ સ્થિર થવાની સંભાવના વધી ગઈ છે, જેની સીધી સકારાત્મક અસર ઈક્વિટી માર્કેટ પર જોવા મળી.

## FPIએ 15-દિવસમાં ભારતીય બજારમાંથી ₹62,853 કરોડ ઉપાડી લીધા

- **2026 માં અત્યાર સુધીમાં ₹2.87 લાખ કરોડનું વેચાણ, ભૌગોલિક રાજકીય તણાવની અસર**

મુંબઈ

વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો (FPIs) એ જૂનના પ્રથમ 15 દિવસમાં ભારતીય શેરબજારમાંથી 62,853 કરોડથી વધુ ઉપાડી લીધા છે. નેશનલ સિક્યોરિટીઝ ડિપોઝિટરી લિમિટેડ (NSDL) ના આંકડા મુજબ, આ હાલના ઉપાડ સાથે વર્ષ 2026માં અત્યાર સુધીમાં ભારતીય ઈક્વિટીમાંથી કુલ વિદેશી ભંડોળનો ઉપાડ 2.87 લાખ કરોડ પર પહોંચી ગયો છે. આ આંકડો વર્ષ 2025ના આખા કેલેન્ડર વર્ષ દરમિયાન ઉપાડવામાં આવેલી 1.66 લાખ કરોડની રકમ કરતાં ઘણો વધારે છે. વિદેશી રોકાણકારોના આ સતત વેચાણ પાછળ વધતો ભૌગોલિક રાજકીય તણાવ, વૈશ્વિક આર્થિક વૃદ્ધિ અંગેની ચિંતાઓ અને ડોલર સામે રૂપિયાની સતત નબળાઈ મુખ્ય કારણો છે. વિદેશી વેચાણ પાછળ 3 મોટા કારણો મોર્નિંગસ્ટાર ઈન્વેસ્ટમેન્ટ રિસર્ચ ઈન્ડિયાના પ્રિન્સિપલ મેનેજર રિસર્ચ, હિમાંશુ શ્રીવાસ્તવે વિદેશી રોકાણકારોના સતત વેચાણ પાછળના મુખ્ય કારણો સ્પષ્ટ કર્યા છે. તેમના મતે, રોકાણકારો હાલમાં મુખ્ય કેન્દ્રીય બેંકોના વ્યાજ દરોના ભવિષ્ય, ભૌગોલિક રાજકીય ઘટનાક્રમો અને વૈશ્વિક વિકાસને લઈને પ્રવર્તતી અત્યંત અનિશ્ચિતતાના માહોલમાંથી પસાર થઈ રહ્યા છે. સેફ એસેટ્સ તરફ વલણ: આવા અનિશ્ચિત સમયમાં ઉભરતા બજારોમાં ઘણીવાર વ્યૂહાત્મક ડી-રિસ્કિંગ જોવા મળે છે. રોકાણકારો સુરક્ષાની શોધમાં પોર્ટફોલિયોને વિકસિત બજારો અને સુરક્ષિત સંપત્તિઓ તરફ રીબેલેન્સ કરે છે. ભારતનું મોંઘું વેલ્યુએશન: આ ઉપરાંત અન્ય ઘણા ઉભરતા દેશોની સરખામણીમાં ભારતનું વેલ્યુએશન હાલમાં થોડું મોંઘું છે.

'ખાખી' પહેરવાના સપના સાથે પરીક્ષાર્થીઓમાં ભારે ઉત્સાહ

# અમદાવાદના 295 સેન્ટરો પર 88 હજારથી વધુ ઉમેદવારોની LRDની લેખિત પરીક્ષા આપી



ગૃહ વિભાગ અને ભરતી બોર્ડ દ્વારા પરીક્ષાને સંપૂર્ણ પારદર્શક, નકલી ઉમેદવારોથી મુક્ત અને શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ કરવા માટે પ્રથમ વખત અત્યાધુનિક ટેકનોલોજીનો આશરો લેવામાં આવ્યો

અમદાવાદ

ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા લોકરક્ષક કેડરની ભરતી પ્રક્રિયા અંતર્ગત આજે, 14 જૂનને રવિવારના રોજ રાજ્યભરમાં લેખિત પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. અગાઉ યોજાયેલી શારીરિક કસોટી (દોડ)માં ઉત્તીર્ણ થયેલા રાજ્યના કુલ 2.63 લાખ ઉમેદવારો આજે વિવિધ પરીક્ષા કેન્દ્રો પર પોતાનું નસીબ અજમાવી રહ્યા છે. આ મેગા પરીક્ષા સવારે 9.30થી બપોરે 12.30 વાગ્યા દરમિયાન 200 ગુણની MCQ (મલ્ટીપલ ચોઈસ ક્વેશ્ચન) પદ્ધતિથી લેવામાં આવી રહી છે, જેને લઈને વહેલી સવારથી જ ઉમેદવારો અને તેમના વાલીઓ પરીક્ષા સેન્ટરો પર પહોંચી ગયા હતા.


લોકરક્ષક દળની આ પરીક્ષામાં અમદાવાદ શહેર કેન્દ્રસ્થાન રહ્યું છે અને અહીં પરીક્ષાના સફળ સંચાલન માટે ખાસ વ્યવસ્થાઓ કરવામાં આવી છે. માત્ર અમદાવાદ શહેરમાં જ 88 હજાર કરતાં પણ વધારે વિદ્યાર્થીઓ લેખિત પરીક્ષા આપી રહ્યા છે અને આ વિશાળ સંખ્યાને પહોંચી વળવા માટે અમદાવાદમાં કુલ 295 સેન્ટરો ફાળવવામાં આવ્યા છે. પરીક્ષા દરમિયાન કોઈ ગેરરીતિ ન થાય અને કાયદો-વ્યવસ્થા જળવાય તે માટે દરેક સેન્ટર પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે, જે અંતર્ગત દરેક સેન્ટર પર પીએસઆઈ તેમજ શિક્ષણ વિભાગના અધિકારીઓ પણ ખાસ હાજર રાખવામાં આવ્યા છે.

ગૃહ વિભાગ અને ભરતી બોર્ડ દ્વારા પરીક્ષાને સંપૂર્ણ પારદર્શક, નકલી ઉમેદવારોથી મુક્ત અને શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ કરવા માટે પ્રથમ વખત અત્યાધુનિક ટેકનોલોજીનો આશરો લેવામાં આવ્યો છે. પરીક્ષા કેન્દ્ર પર ઉમેદવારોની સાચી ઓળખ સુનિશ્ચિત કરવા માટે AI પદ્ધતિથી ફેશિયલ રેકગ્નીશનનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

આ ઉપરાંત પ્રશ્નપત્રોની ગોપનીયતા જાળવી રાખવા માટે જીપીએસ ટ્રેકર સાથે પેપર વાહનોમાં પરીક્ષા સેન્ટર સુધી પહોંચાડવા અને ફરી લઈ દવામાં આવશે. મુખ્ય કંટ્રોલ રૂમથી આખી પ્રક્રિયાનું સતત લાઈવ મોનિટરિંગ કરવામાં આવશે, જેથી વિદ્યાર્થીઓ સંપૂર્ણ ભયમુક્ત વાતાવરણમાં પરીક્ષા આપી શકે. અમદાવાદના સેન્ટરો પર વહેલી સવારથી જ પ્રવેશ મેળવવા માટે અલગ-અલગ જિલ્લાઓમાંથી આવેલા ઉમેદવારોની લાંબી લાઈનો જોવા મળી હતી.

ઘરની સાફ-સફાઈ કરાવવાનું નક્કી કર્યું અને

# સેટેલાઈટના જોધપુરમાં બે યુવકો 3,75,000ના દાગીના ચોરી રફુચક્કર




અમદાવાદ

અમદાવાદમાં ઘરઘાટી કે સફાઈ કામદારો દ્વારા ચોરી કરવાના કિસ્સાઓ સતત વધી રહ્યા છે. શહેરના પોશ વિસ્તાર ગણાતા સેટેલાઈટના જોધપુરમાં, ઘરમાં સાફ-સફાઈ માટે બોલાવવામાં આવેલા ક્લિનિંગ સર્વિસના બે અજાણ્યા યુવકો વૃદ્ધ મહિલાના ઘરમાંથી 3,75,000 રૂપિયાના સોનાના દાગીના ચોરી કરી ફરાર થઈ ગયા છે. વિશ્વાસ રાખીને કામ સોંપ્યા બાદ થયેલી આ ચોરી અંગે પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે.

જોધપુર ગામમાં આવેલા તપ્સી એપાર્ટમેન્ટમાં રહેતા 69 વર્ષીય રશ્મીબેન જયંતીલાલ શાહે આ અંગે ફરિયાદ નોંધાવી છે. તેઓ વિધવા છે અને ઘરમાં એકલા રહે છે તેમજ જોધપુર ગામમાં જ આવેલા આર. આર. પીજીમાં કેરટેકર તરીકે નોકરી કરે છે. મુંબઈ રહેતી તેમની દીકરી વેકેશનમાં ઘરે આવી હોવાથી, તેમણે ઘરની સાફ-સફાઈ કરાવવાનું નક્કી કર્યું હતું. આ દરમિયાન ક્લિનિંગ સર્વિસના બે શખ્સોએ 3,75,000ની કિંમતના સોનાના દાગીનાની ચોરી કરી લીધી હતી.

આ ઘટના ગત 11 મેના રોજ બની હતી. રશ્મીબેનની ભત્રીજાવહુની ભલામણથી વસ્ત્રાપુરની 'ચામુંડા ક્લિનિંગ સર્વિસ'માંથી આશરે 25થી 30 વર્ષના બે યુવકો સફાઈ માટે આવ્યા હતા. તે સમયે રશ્મીબેન નોકરી પર ગયા હતા અને તેમની દીકરી મોહિની ઘરે હાજર હતી. બંનેમાંથી એક યુવક હોલમાં સફાઈ કરતો હતો, જ્યારે બીજો યુવક બેડરૂમમાં એકલો સફાઈ કરી રહ્યો હતો. આ તકનો લાભ ઉઠાવી બેડરૂમમાં રહેલા લાકડાના કબાટના લોકર ઉપર જ પડેલી ચાવી વડે લોકર ખોલીને આ શખ્સે અંદરથી બે સોનાની પેન્ડલવાળી ચેઈન અને સોનાની કેપવાળું એક રુદ્રાક્ષનું બ્રેસલેટ સહિત કુલ 3.75 લાખના દાગીનાની ચોરી કરી હતી.

સફાઈકામ પૂરું થયા બાદ દીકરીએ તેમને 3,700 રૂપિયા ઓનલાઈન ચૂકવ્યા પણ હતા. બીજા દિવસે સાંજે રશ્મીબેને બુટ્ટી બદલવા માટે કબાટ ખોલતા દાગીના ગાયબ હોવાની જાણ થઈ હતી.

શહેરના પૂર્વ વિસ્તારમાં આવેલા

# નરોડા પાટિયા પાસે PCR વાનના કર્મચારીઓ સામે 2 યુવકની દાદાગીરી



અમદાવાદ

ગુજરાત પોલીસ નાગરિકોની સુરક્ષા અને કાયદો-વ્યવસ્થા જાળવવા માટે રાત-દિવસ કાર્યરત હોય છે, પરંતુ અમદાવાદ શહેરમાંથી પોલીસનો ડર ન રહ્યો હોય તેવો એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. શહેરના પૂર્વ વિસ્તારમાં આવેલા નરોડા પાટિયા પાસે બે યુવકો દ્વારા PCR વાનને રોકીને તેમાં હાજર ડ્રાઈવર સહિત કર્મચારીને ધાકધમકી આપવામાં આવી હોવાનો વીડિયો સોશિયલ મીડિયામાં જોરદાર વાયરલ થઈ રહ્યો છે.

વાયરલ થયેલા આ વીડિયોમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે, એક યુવક ચાલુ PCR વાનની આગળ આવીને ઉભો રહી જાય છે. ત્યારબાદ તે ગાડીના ડ્રાઈવર પાસે જઈને ઉગ્ર બોલાચાલી કરે છે અને ધમકાવે છે. જ્યારે ડ્રાઈવર ગાડી આગળ વધારે છે, ત્યારે પણ તે યુવક ગાડીની સાથે-સાથે ચાલીને દાદાગીરી કરતો નજરે પડે છે. આ વીડિયો સામે આવ્યા બાદ સામાન્ય જનતામાં આવા અસામાજિક તત્વો સામે કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠી છે.

નરોડા પાટિયા વિસ્તારમાં કૃષ્ણનગર, સરદારનગર અને નરોડા એમ ત્રણેય પોલીસ સ્ટેશનની હદ લાગતી હોવાથી શરૂઆતમાં આ વાન કયા પોલીસ સ્ટેશનની છે તે અંગે અસમંજસ હતી. જોકે, પોલીસના જણાવ્યા મુજબ આ વાયરલ વીડિયો દેખાતી PCR વાન અમદાવાદ શહેર પોલીસની નથી, પરંતુ SRPF ગ્રુપ ગોધરાની છે. તેમજ નરોડા પોલીસ સ્ટેશન દ્વારા વીડિયોમાં દેખાતા અસામાજિક તત્વો વિશે CCTV ફૂટેજ, હ્યુમન ઈન્ટેલિજન્સ તેમજ ટેક્નિકલ એનાલિસિસના આધારે શોધખોળ કરવામાં આવી રહી છે. આવા તત્વો સામે નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવશે.

નરોડા પોલીસ સ્ટેશનના પીઆઈ સી.વી. નાયકે જણાવ્યું હતું કે, વીડિયોમાં દેખાતી પીસીઆર વાન નરોડા પોલીસ સ્ટેશનની નથી. આ મામલે સઘન તપાસ શરૂ કરી દેવામાં આવી છે. વીડિયોમાં દેખાતા બંને યુવકોને પકડવા માટે CCTV ફૂટેજ અને હ્યુમન સોર્સની મદદ લેવાઈ રહી છે. ટૂંક સમયમાં જ તેમની ઓળખ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

## લગ્નજીવનની આડમાં પતિની અય્યાશી, સાળીના બિભત્સ ફોટા વાયરલ કરનાર વિકૃત પતિ સામે ફરિયાદ

અમદાવાદ

અમદાવાદના વેજલપુર વિસ્તારમાં લગ્નજીવનની આડમાં પત્ની સાથે છેતરપિંડી અને અત્યાચાર ગુજારવાની સનસનાટીભરી ઘટના સામે આવી છે. ભોગ બનનાર મહિલાએ પોતાના અય્યાશ પતિ પિયુષ વિરુદ્ધ ઘરેલુ હિંસા, દહેજની માંગણી, મારઝૂડ અને અન્ય મહિલાઓ સાથેના અનૈતિક સંબંધો અંગે વેજલપુર પોલીસ સ્ટેશનમાં ગંભીર આક્ષેપો સાથે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ અનુસાર, મહિલાના લગ્ન વર્ષ ૨૦૦૭માં વડોદરાના પિયુષ સાથે થયા હતા. લગ્નના ગણતરીના દિવસોમાં જ પત્નીને પતિના મોબાઈલમાંથી અન્ય એક મહિલાનો પ્રેગ્નન્સી રિપોર્ટ મળી આવ્યો હતો. આ બાબતે પૂછપરછ કરતાં જ પિયુષ ઉશ્કેરાઈ ગયો હતો અને પત્ની સાથે મારઝૂડ શરૂ કરી દીધી હતી. ત્યારબાદ બંને અમદાવાદ રહેવા આવ્યા હોવા છતાં પિયુષની કરતૂતો બંધ થઈ નહોતી. સાળીના ફોટા વાયરલ કરતા ક્રાઈમ બ્રાન્ચે કરી હતી.

શિક્ષણના સાધનો ઉપલબ્ધ કરાવવાનો સરાહનીય પ્રયાસ

# તમિલ સંગમ દ્વારા 'ફ્રી નોટબુક વિતરણ' સમારોહ યોજાયો : AMC સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન કમલેશ પટેલ ઉપસ્થિત રહ્યા







અમદાવાદ

શિક્ષણ એ સમાજના સર્વાંગી વિકાસનો મજબૂત આધારસ્તંભ છે, અને જ્યારે વિદ્યાર્થીઓના શિક્ષણને વેગ આપવા કોઈ સામાજિક સંસ્થા આગળ આવે ત્યારે પ્રશંસાને પાત્ર બને છે. આવો જ એક સરાહનીય અને પ્રેરણાદાયી કાર્યક્રમ આજરોજ હાટકેશ્વર ખાતે યોજાઈ ગયો. અમદાવાદ તમિલ સંગમ દ્વારા આયોજિત "ફ્રી નોટબુક વિતરણ" સમારોહમાં ગરીબ અને મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓને શૈક્ષણિક સાધનોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ ગરિમામય કાર્યક્રમમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) ના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન કમલેશભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પોતાના વરદ હસ્તે વિદ્યાર્થીઓને નોટબુકનું વિતરણ કર્યું હતું અને આ સેવાયજ્ઞમાં સહભાગી થઈને આનંદની લાગણી વ્યક્ત કરી હતી. આ પ્રસંગે તેમની સાથે મ્યુનિસિપલ કોર્પોરેશનના દંડકશ્રી અતુલભાઈ મિશ્રાજી પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને વિદ્યાર્થીઓને ઉજ્જવળ ભવિષ્ય માટે પ્રોત્સાહિત કર્યા હતા. નવા શૈક્ષણિક સત્રના પ્રારંભે જ તમિલ સંગમ દ્વારા કરવામાં આવેલી આ અનોખી પહેલથી સેંકડો વિદ્યાર્થીઓને સીધો લાભ મળ્યો છે. કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોએ જણાવ્યું હતું કે, કોઈ પણ બાળક સાધનોના અભાવે શિક્ષણથી વંચિત ન રહેવું જોઈએ. સંસ્થાનો આ પ્રયાસ સમાજમાં એક નવો પ્રકાશ ફેલાવશે.

અમદાવાદના વાસણા વિસ્તારમાં

# શેરબજારમાં રોકાણની લાલચ આપી નિવૃત્ત ફાર્મા એડવાઇઝર સાથે 1.21 કરોડની છેતરપિંડી



અમદાવાદ

અમદાવાદના વાસણા વિસ્તારમાં રહેતા અને ફાર્માસ્યુટિકલ કંપનીમાંથી સલાહકાર તરીકે નિવૃત્ત 71 વર્ષીય વૃદ્ધ ઓનલાઈન સાયબર ગઠિયાઓનો શિકાર બન્યા છે. શેરબજાર અને આઈપીઓમાં રોકાણ કરી ઊંચા વળતરની લાલચ આપીને ઠગોએ આ વૃદ્ધ પાસેથી અધધ 1.21 કરોડ રૂપિયા ખંખેરી લીધા છે. છેતરપિંડી આચરનારા ભેજાબાજોએ જાણીતી ફાઈનાન્શિયલ કંપની IIFLના કર્મચારી હોવાની ખોટી ઓળખ આપીને આ મોટા કૌભાંડને અંજામ આપ્યો હતો.

આ ઘટનાની શરૂઆત ગત 19મી માર્ચના રોજ થઈ હતી, જ્યારે વૃદ્ધને IIFL કંપનીના પ્રતિનિધિ તરીકે ઓળખ આપતી એક અજાણી યુવતીનો વોટ્સએપ મેસેજ આવ્યો હતો. ત્યારબાદ તેમને શેરબજારની ટિપ્સ આપતા એક વોટ્સએપ ગ્રુપમાં જોડવામાં આવ્યા હતા. ગઠિયાઓએ આ ગ્રુપમાં અન્ય લોકો દ્વારા શેર ખરીદીને કમાયેલા નફાના બોગસ સ્ક્રીનશોટ શેર કરવાનું શરૂ કર્યું, જેથી વૃદ્ધને તેમની પર સંપૂર્ણ વિશ્વાસ બેસી ગયો. આ વિશ્વાસ કેળવ્યા બાદ, ઠગોએ વૃદ્ધને રોકાણ કરવાના બહાને એક ખાસ શંકાસ્પદ એપ્લિકેશન ડાઉનલોડ કરાવી હતી.

આ બનાવટી એપ્લિકેશનના માધ્યમથી વૃદ્ધે છેલ્લા ત્રણ મહિનાના સમયગાળા દરમિયાન વિવિધ આઈપીઓ અને શેરમાં કુલ 1.21 કરોડ રૂપિયાનું માતબર રોકાણ કર્યું હતું.

વરસાદ આવ્યા પછી જ જાગશે કુંભકર્ણ નીદ્રામાં સૂતેલું તંત્ર

# પ્રી-મોન્સૂન કામગીરી માત્ર કાગળ પર કરોડોના બજેટો મંજૂર થયા છતાં પરિસ્થિતિ 'ત્યાંની ત્યાં' જ






અમદાવાદ

ચોમાસાની શરૂઆત થતાં જ દર વર્ષની જેમ આ વર્ષે પણ એ જ જૂની અને જાણીતી રાગ આલાપવામાં આવી રહી છે. સત્તાધીશો વર્ષોથી ખુરશી પર બેઠા છે, કરોડો રૂપિયાના બજેટો મંજૂર થાય છે, છતાં પરિસ્થિતિ 'ત્યાંની ત્યાં' જ છે. સવાલ એ થાય છે કે, જો વર્ષોથી સત્તા તમારા હાથમાં છે, તો તમને એટલી પણ ખબર નથી કે શહેરમાં ક્યાં-ક્યાં પાણી ભરાય છે?

દર વર્ષે ચોમાસું આવે છે, દર વર્ષે રસ્તાઓ બેટમાં ફેરવાય છે અને દર વર્ષે સામાન્ય જનતાને ટ્રાફિક, બંધ રસ્તા અને આર્થિક નુકસાનીની આકરી હાલાકી ભોગવવી પડે છે. તો પછી આ કરોડોના ખર્ચે થતી પ્રી-મોન્સૂન કામગીરી જાય છે ક્યાં?

જનતાનો આક્રોશ હવે ચરમસીમાએ છે. દર ચોમાસે તંત્ર દ્વારા એવા બણગાં ફૂંકવામાં આવે છે કે ડ્રેનેજ લાઈનો સાફ થઈ ગઈ છે અને નીચાણવાળા વિસ્તારોમાં પંપ મુકાઈ ગયા છે. પરંતુ વાસ્તવિકતા એ છે કે સામાન્ય વરસાદમાં પણ સ્માર્ટ સિટીના દાવાઓ ધોવાઈ જાય છે. શું શહેરમાં પાણી ભરાતા સંવેદનશીલ વિસ્તારોની અગાઉથી કોઈ નક્કર તૈયારી થઈ હતી ખરી? કે પછી દર વખતની જેમ માત્ર કાગળ પર જ આંકડાઓ બતાવીને સંતોષ માની લેવાયો છે? સત્તા પક્ષ અને જવાબદાર અધિકારીઓ માત્ર એસી ચેમ્બરમાં બેસીને આયોજનો કરે છે, જ્યારે ગ્રાઉન્ડ રિયાલિટી કંઈક અલગ જ ચિત્ર બયાન કરે છે.

સૌથી મોટો અને વેધક સવાલ એ છે કે શું તંત્ર ફરીથી આખું શહેર પાણીમાં ડૂબી જાય, કોઈ નિર્દોષનો જીવ જાય કે રોગચાળો ફાટી નીકળે તે પછી જ દોડતું થશે? પ્રજાના ટેક્સના પૈસાનો આ પ્રકારે વેડફાટ ક્યાં સુધી ચાલશે? આ કોઈ કુદરતી આપત્તિ નથી, પણ તંત્રની અણઆવડત અને ભ્રષ્ટાચારનું જીવતું-જાગતું ઉદાહરણ છે. જનતા હવે વાયદાઓથી કંટાળી ગઈ છે, તેને કાગળ પરની કામગીરી નહીં પણ જમીન પર પરિણામ જોઈએ છે.

આ તમામ સળગતા સવાલો અને તંત્રની પોલ ખોલતી ખાસ ચર્ચા જુઓ 'મુદ્દાની વાત' માં, ગ્રુપ એડિટર પવન માકન સાથે, માત્ર પાક્કો ગુજરાત ન્યૂઝ પર. અમે જનતાના પક્ષે રહીને સત્તાધીશોને આકરા સવાલો પૂછતા રહીશું, કારણ કે આ પ્રજાના હકનો સવાલ છે.

મુખ્ય મુદ્દો: પ્રી-મોન્સૂન કામગીરીની નિષ્ફળતા અને શહેરમાં ભરાતા વરસાદી પાણી.

વેધક સવાલ: વર્ષોથી સત્તામાં હોવા છતાં કેમ ભરાય છે પાણી? ક્યાં સુધી જનતા હાલાકી ભોગવશે?

ખાસ પ્રસ્તુતિ: 'મુદ્દાની વાત' પવન માકન સાથે.

# ધોળકા બાદ હવે બાવળામાં ગેરકાયદે ખનન ઝડપાયું, 1 કરોડ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત



- જાગૃત નાગરિકો દાવો કરી રહ્યા છે કે ખાણ-ખનિજ વિભાગે તો માત્ર એક જગ્યાએ દરોડા પાડયા છે પણ આવા કેટલાય સ્થળોએ માટી ચોરી થઈ રહી હશે તેની જવાબદારી કોની?

અમદાવાદ

ગુજરાતમાં સરકારી તંત્ર અને કાયદાને ઘોળીને પીજનારા ખનિજ માફિયાઓ પર આખરે તંત્રની તવાઈ શરૂ થઈ છે. ધોળકાના વીરપુર ગામે ગેરકાયદે ખનનનો પર્દાફાશ કર્યા બાદ, અમદાવાદ ખાણ-ખનિજ વિભાગની ટીમે હવે બાવળા તાલુકાના શિયાળ ગામમાં દરોડા પાડ્યા છે. અહીં કોઈપણ પ્રકારની મંજૂરી વિના બેફામ રીતે સાદી માટીનું ગેરકાયદે ખોદકામ અને હેરાફેરી કરવામાં આવી રહી હતી. ખનિજ વિભાગની ક્ષેત્રીય તપાસ ટીમે આકસ્મિક રેડ પાડીને ઘટનાસ્થળેથી એક હિટાચી (એક્સકેવેટર) મશીન અને બે ડમ્પર (નંબર: GJ13AT0767 અને GJ13AT1183) કબજે કર્યા છે. સીઝ કરાયેલા આ તમામ વાહનોની અંદાજિત કિંમત 1 કરોડ રૂપિયા જેટલી આંકવામાં આવી છે.

પરંતુ, આ સમગ્ર કૌભાંડ સામે આવતા જ સ્થાનિક તંત્ર અને સરકારી બાબુઓની મિલીભગત સામે અનેક ગંભીર સવાલો ઊભા થઈ રહ્યા છે. ખનિજ માફિયાઓ રાતોરાત આટલા મોટા પાયે હિટાચીઅને ડમ્પરો લાવીને જમીન ખોદી નાખે, ત્યાં સુધી સ્થાનિક વહીવટ તંત્ર અને પોલીસ ઊંઘતી ઝડપાય તે કેવી રીતે શક્ય બને? શું આ માફિયાઓને કોઈ રાજકીય આશીર્વાદ પ્રાપ્ત છે? કે પછી સ્થાનિક અધિકારીઓની રહેમનજર હેઠળ જ આ કાળો કારોબાર ધમધમી રહ્યો હતો? હાલ પૂરતું તો ખનિજ વિભાગની આ આકસ્મિક કાર્યવાહીથી ભૂમાફિયાઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI